પોઝિટિવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૨૬-૮-૨૦૨૬, બુધવાર
વર્ષ: ૧૫, અંક: ૧૪૮

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia


**સુવિચાર**

જીંદગી પાસેથી જેટલું સારું લઈ શકાય એટલું લઈ લેજો, કારણ કે જીંદગી જ્યારે લેવાનું નકી કરશે ત્યારે શ્વાસ પણ નહીં છોડે



મૌસમી ડોલર મોટા ચણા
વિણાટ ચણા
જથ્થાબંધ મળશે
98242 00970
રાજકોટ


# ટ્રમ્પ આકરા પાણીએ: વિશ્વભરની વિઝા એપોઈન્ટમેન્ટ સ્થગિત કરી

## બિઝનેસ તેમજ ટુરિસ્ટ વિઝા મેળવી આશ્રય માંગનાર ૨ લાખ લોકોના વિઝા રદ્દ થવાની તૈયારી

**અબતક, રાજકોટ**

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન દ્વારા ઈમિગ્રેશન નીતિઓ પર લાદવામાં આવેલા કડક પ્રતિબંધોની સૌથી મોટી અને સીધી અસર ભારત પર પડવાની સંભાવના છે. યુએસ દ્વારા વૈશ્વિક સ્તરે વિઝા એપોઈન્ટમેન્ટ્સ સ્થગિત કરવાના નિર્ણયથી અમેરિકા જવા ઈચ્છુક હજારો ભારતીય પ્રોફેશનલ્સ, વિદ્યાર્થીઓ અને પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે. ખાસ કરીને ભારતીય આઈટી સેક્ટરની કરોડરજ્જુ ગણાતા ઈ-૧ઈ વિઝાની ફીમાં ધરખમ વધારો અને કડક સ્ક્રુટિની ભારતીય ટેક કંપનીઓ તેમજ કુશળ એન્જિનિયરો માટે મોટો આર્થિક ફટકો સાબિત થઈ શકે છે. આ




ઉપરાંત, પરિવારજનોને મળવા કે પ્રવાસ અર્થે જતા હજારો સામાન્ય ભારતીયો માટે ઈ૧/ઈ૨ વિઝા મેળવવાની પ્રક્રિયા વધુ જટિલ અને લાંબી બનતાં ચિંતાનો માહોલ સર્જાયો છે,

ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન દ્વારા ઈમિગ્રેશન નિયમો વધુ કડક બનાવવાના ભાગરૂપે વિશ્વભરના યુએસ દૂતાવાસો અને કોન્સ્યુલેટ્સમાં વિઝા એપોઈન્ટમેન્ટ્સ કામચલાઉ ધોરણે સ્થગિત કરી દેવામાં આવી છે. કોન્સ્યુલર અધિકારીઓ માટે વૈશ્વિક સ્તરે ખાસ તાલીમ કાર્યક્રમ શરૂ કરવામાં આવતાં આ નિર્ણય લેવાયો છે. જે અરજદારોના ઈન્ટરવ્યૂ નક્કી હતા તેમને ઈમેઈલ દ્વારા નવી તારીખોની જાણ કરવામાં આવશે.

વિઝા મેળવીને અમેરિકા આવતા લોકો સરકારી લાભો (પબ્લિક બેનિફિટ્સ) પર નિર્ભર ન બને અને તમામ અરજીઓની કડક ચકાસણી થાય તે માટે અધિકારીઓને વિશેષ તાલીમ અપાઈ રહી છે.

ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટીએ નવી કેપ-સબ્જેક્ટ ઈ-૧ઈ વિઝા અરજીઓ માટે ૧,૦૩,૨૬૫ ડોલર ની કાયમી ફી લાદવાની દરખાસ્ત મૂકી છે. આ સાથે વધુ કુશળ અને વધુ પગાર ધરાવતા ટેલેન્ટને પ્રાથમિકતા અપાશે.

વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૬ વચ્ચે બિઝનેસ કે ટૂરિસ્ટ વિઝા પર અમેરિકા જઈને આશ્રય માંગનારા આશરે ૨ લાખ જેટલા વિદેશી નાગરિકોના વિઝા રદ્દ કરવાની કાર્યવાહી શરૂ કરાઈ છે.

અરજદારોના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સની સઘન તપાસ શરૂ કરવામાં આવી છે અને અમુક કેસોમાં મોંઘા વિઝા બોન્ડ્સ પણ ફરજિયાત કરવામાં આવી રહ્યા છે.

### અમેરિકાએ ઈરાન સામેના આર્થિક પ્રતિબંધો વધાર્યા ભારતની ૪ કંપનીઓ અને ૩ નાગરિકો લપેટામાં

ટ્રમ્પ પ્રશાસને 'ઓપરેશન ઈકોનોમિક આઉટકાસ્ટ' હેઠળ ઈરાન સામેના આર્થિક પ્રતિબંધો તેજ કરતાં ભારતની ચાર કંપનીઓ-પોર્ટીઝ પાર્ટનર્સ, સદાશિવા ઓવરસીઝ, પીપી સોફ્ટટેક અને પ્રકૃતિઝ ઈન્ફ્રા ઈમ્પેક્સ-તેમજ ત્રણ ભારતીય નાગરિકો (ઈદરીસમિયાં શેખ, હરીશ રંગી અને પ્રશાંત ગર્ગ) પર પ્રતિબંધ લાદ્યા છે. આ કંપનીઓ પર ઈરાન પાસેથી કરોડો ડોલરના પેટ્રોકેમિકલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોની આયાત તથા બ્રોકિંગ સુવિધા આપવાનો આરોપ છે. આ પગલાથી ભારતમાંથી ઈરાન તરફ થતી ચોખા, ચા અને દવાઓની નિકાસ તેમજ વ્યૂહાત્મક ચાબહાર પોર્ટ પ્રોજેક્ટ પર અસર પડી શકે છે, જેના કારણે ભારત-અમેરિકા સંબંધોમાં ફરી તણાવ વધવાની શક્યતા છે. બીજી તરફ, અમેરિકાએ ઈરાનના સૌથી મોટા તેલ ખરીદદાર ચીન સામે રેર-અર્થ મિનરલ્સના વર્ચસ્વને લીધે સાવચેતીભર્યું વલણ અપનાવ્યું છે, જ્યારે ઈરાને આ અમેરિકી ચેતવણીઓને નકારી કાઢી છે.

## બપોરે ઉંઘી જતું રાજકોટ રોકાણમાં "જાગૃત"

# દેશભરમાં શેરબજારના રોકાણમાં રાજકોટ ટોપ ૧૦માં સામેલ

## કોલકાતા જેવા મેટ્રો સિટીને પછાડી રાજકોટના ૧.૯ લાખ રોકાણકારો માર્કેટમાં સક્રિય: જુલાઈમાં રોકાણકારોની સંખ્યામાં ૪૬.૨ ટકાનો જંગી ઉછાળો



**અબતક, રાજકોટ**


બપોરે ૧ થી ૪ ઊંઘવા માટે જાણીતું રંગીલું રાજકોટ શેરબજારના રોકાણ અને સંપત્તિ સર્જનની બાબતમાં દેશભરમાં સૌથી વધુ "જાગૃત" સાબિત થયું છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડા મુજબ, જુલાઈ મહિનામાં શેરબજારમાં સક્રિય વ્યક્તિગત (રિટેલ) રોકાણકારોની સંખ્યામાં રાજકોટે દેશભરમાં અભૂતપૂર્વ છલાંગ લગાવી છે. રાજકોટમાં એક્ટિવ રોકાણકારોની સંખ્યામાં એક જ મહિનામાં ૪૬.૨ ટકા નો તોતિંગ વધારો નોંધાયો છે, જેના પગલે રાજકોટે કોલકાતા જેવા મેટ્રો શહેરને પાછળ છોડીને દેશના ટોપ-૧૦ જિલ્લાઓમાં ગૌરવપૂર્ણ સ્થાન હાંસલ કર્યું છે.

### ગુજરાત દેશમાં સૌથી ઝડપી ગ્રોથ નોંધાવનારૂં રાજ્ય બન્યું

સમગ્ર દેશમાં રિટેલ રોકાણકારો વધારવામાં ગુજરાત રાજ્ય મોખરે રહ્યું છે રાજ્યમાં સક્રિય રોકાણકારો ૧૯.૫ ટકા વધીને ૧૯.૫ લાખ થયા છે. દેશના કુલ એક્ટિવ રોકાણકારોમાં ગુજરાતનો હિસ્સો વધીને ૧૫.૨ ટકાએ પહોંચ્યો છે.જુલાઈમાં ગુજરાતે કેશ માર્કેટમાં રૂ. ૧.૯ લાખ કરોડ નું ટર્નઓવર નોંધાવ્યું હતું, જે જૂન કરતાં ૨.૯ ટકા વધુ છે. મહારાષ્ટ્ર ૨૦.૯ લાખ રોકાણકારો (૧૬.૩ ટકા હિસ્સો) સાથે પ્રથમ ક્રમે રહ્યું, જોકે તેનો માસિક ગ્રોથ માત્ર ૧ ટકા રહ્યો હતો. દેશભરમાં મુંબઈ સબર્બન (૪.૮ લાખ) પછી અમદાવાદ ૪.૫ લાખ રોકાણકારો સાથે બીજા ક્રમે રહ્યું છે, જ્યારે સુરત ૩.૨ લાખ રોકાણકારો સાથે અગ્રેસર રહ્યું છે.

એનએસઈના ડેટા અનુસાર, જૂન મહિનાની સરખામણીએ જુલાઈમાં રાજકોટના રોકાણકારો શેરબજારમાં વધુ આક્રમક બન્યા છે. ૪૬.૨ ટકાના જંગી ઉછાળા સાથે રાજકોટમાં સક્રિય રોકાણકારોની સંખ્યા વધીને ૧.૯ લાખ પર પહોંચી ગઈ છે. દેશના ટોચના ૧૦ જિલ્લાઓમાં બેંગલુરુ સિવાયના તમામ શહેરોમાં સકારાત્મક વૃદ્ધિ જોવા મળી હતી, પરંતુ તેમાં પણ રાજકોટનો ગ્રોથ રેટ સૌથી ચોંકાવનારો અને ઉત્સાહવર્ધક રહ્યો છે.

રોકાણકારો વધવા પાછળના મુખ્ય કારણો માં આઈપીઓ માર્કેટનો ક્રેઝ જોવા મળ્યો છે જુલાઈ દરમિયાન આવેલા મજબૂત આઈપીઓ ના કારણે નવા અને જૂના રિટેલ રોકાણકારો બજારમાં મોટા પાયે સક્રિય થયા. તેમજ માર્ચ મહિનામાં વૈશ્વિક અને મિડલ ઈસ્ટ તણાવને કારણે આવેલા કડાકા બાદ બજારે ઝડપી રિકવરી દર્શાવતા રોકાણકારોનો વિશ્વાસ પુનઃ સ્થાપિત થયો છે.



નાના શહેરોમાં જાગૃતિથી દેશના ટોપ-૫૦ શહેરો બહારના વિસ્તારોમાંથી ૫૧ ટકા જેટલા રોકાણકારો સક્રિય હોવાથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતના સૌરાષ્ટ્ર સહિતના સેમી-અર્બન વિસ્તારોમાં નાણાકીય જાગૃતિ ઝડપથી પ્રસરી રહી છે.

# ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની ભારતની મુલાકાત બ્રિક્સને બનાવશે મજબુત

## ૭ વર્ષના લાંબા ગાળા બાદ આગામી મહિને નવી દિલ્હીમાં યોજાનારી બ્રિક્સ સમિટમાં ચીનના રાષ્ટ્રપતિ હાજરી આપે તેવી પ્રબળ શક્યતા

**અબતક, નવી દિલ્હી**

આગામી મહિને નવી દિલ્હીમાં યોજાનારી બ્રિક્સ સમિટમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની ભારત મુલાકાત સૌથી મહત્વપૂર્ણ ઘટના બની શકે છે. તેઓ ૭ વર્ષમાં પ્રથમ વખત ભારતની મુલાકાત લેશે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાટાઘાટો કરે તેવી સંભાવના છે. જોકે હજુ સુધી આ મુલાકાતની સત્તાવાર પુષ્ટિ થઈ નથી, પરંતુ અહેવાલ મુજબ તેઓ લગભગ ૪૦૦ અધિકારીઓ, વ્યાપારી પ્રતિનિધિઓ અને સહાયક કર્મચારીઓના પ્રતિનિધિમંડળ સાથે આવે તેવી અપેક્ષા છે.

૨૦૨૦ ના સરહદી સંઘર્ષ પછી ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં તણાવ રહ્યો છે, પરંતુ છેલ્લા ૨ વર્ષમાં બંને દેશોએ ઉચ્ચ સ્તરીય સંપર્ક પુનઃસ્થાપિત કર્યો છે. જો દિલ્હી સમિટ દ્વિપક્ષીય સંબંધોમાં વધુ ગતિ લાવે છે, તો તે બ્રિક્સને નક્કર આર્થિક નિર્ણયો લેવામાં રોકતા સૌથી મોટા અવરોધોમાંથી એકને દૂર કરી શકે છે. સરહદ વિવાદો અને એશિયામાં પ્રભાવ માટેની સ્પર્ધા હોવા છતાં, બંને દેશો માટે જ્યાં હિતો સમાન હોય ત્યાં સહકાર સાધવો અને હરીફાઈનું સંચાલન કરવું જરૂરી બન્યું છે.

### ચીનના ૪૦૦ સભ્યોનું વિશાળ પ્રતિનિધિમંડળ આવે તેવી સંભાવના

જો આ મુલાકાત થશે તો તે ૨૦૧૯ પછી શી જિનપિંગની પ્રથમ ભારત યાત્રા હશે. ૪૦૦ જેટલા અધિકારીઓ સાથેની આ મુલાકાતનો મુખ્ય હેતુ વિવિધ મંત્રાલયો, નિયમનકારો અને વ્યાપારી જૂથો વચ્ચે સમાંતર ચર્ચાઓને સરળ બનાવવાનો છે. તેનાથી બંને નેતાઓ વચ્ચેના રાજકીય સંવાદની સાથે સાથે વેપાર, ઉત્પાદન, તકનીક, જોડાણ, રોકાણ અને નાણાકીય સહકાર અંગેની વાતચીત માટે પણ મોકળું મેદાન મળશે. આ વિશાળ પ્રતિનિધિમંડળ સ્પષ્ટપણે દર્શાવે છે કે ઔપચારિક બ્રિક્સ કાર્યસૂચિની બહાર પણ મહત્વપૂર્ણ ચર્ચાઓ માટે પૂરતી તૈયારીઓ કરવામાં આવી રહી છે.



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની વેપાર નીતિ અને ટેરિફના ઉપયોગે ભારત અને ચીન બંનેની ગણતરીઓને પ્રભાવિત કરી છે. ચીન માટે ટેરિફ એક સીધો આર્થિક પડકાર છે, જ્યારે ભારત માટે વેપારના નિયમો અને વૈશ્વિક પુરવઠા શૃંખલાની અનિશ્ચિતતા જોખમ ઉભી કરે છે. આ સ્થિતિએ બંને દેશો વચ્ચે એક નવી સમાનતા ઊભી કરી છે, કારણ કે બંને દેશો સંરક્ષણવાદી વૈશ્વિક વેપારના વાતાવરણ અંગે સમાન રીતે ચિંતિત છે.

બ્રિક્સમાં ઈરાન, સંયુક્ત આરબ અમીરાત, ઈજિપ્ત, ઈથોપિયા અને ઈન્ડોનેશિયા જેવા દેશોના સમાવેશથી તેનું ભૌગોલિક રાજકીય વજન વધ્યું છે, પરંતુ સર્વસંમતિ સાધવી વધુ મુશ્કેલ બની છે. તાજેતરમાં નવી દિલ્હીમાં બ્રિક્સ વિદેશ મંત્રીઓની બેઠક પશ્ચિમ એશિયાના સંઘર્ષ પરના મતભેદોને કારણે સંયુક્ત નિવેદન બહાર પાડવામાં નિષ્ફળ રહી હતી. આ જૂથની કોઈપણ મોટી પહેલને સફળતાપૂર્વક આગળ ધપાવવા માટે ભારત અને ચીનનો સહકાર અત્યંત આવશ્યક છે.

### પેમેન્ટ સિસ્ટમ અને ડિજિટલ કરન્સીના ઉપયોગ પર મુકાશે ભાર

દિલ્હી બ્રિક્સ સમિટના ટેબલ પર હાલમાં સૌથી ગંભીર પ્રસ્તાવ સભ્ય દેશો વચ્ચે નાણાકીય સહકારનો રહેલો છે. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાની તાજેતરની ટિપ્પણીઓ દર્શાવે છે કે બ્રિક્સ દેશો ચુકવણી પ્રણાલીને લિંક કરવા પર વિચાર કરી રહ્યા છે. આ ઉપરાંત મધ્યસ્થ બેંક ડિજિટલ કરન્સી (સીબીડીસી) નો સમાવેશ કરતી આંતરકાર્યક્ષમતાની પણ સઘન તપાસ કરવામાં આવી રહી છે. આ સમગ્ર કવાયતનો મુખ્ય ઉદ્દેશ્ય કોઈ નવું સામાન્ય ચલણ બનાવવાનો નથી, પરંતુ રાષ્ટ્રીય ચલણોનો જ ઉપયોગ કરીને સરહદ પારના વ્યવહારોને વધુ કાર્યક્ષમ અને સરળ બનાવવાની માળખાગત સુવિધા વિકસાવવાનો છે.

# સંરક્ષણ ક્ષેત્રે ડીઆરડીઓની મિસાઈલ ટેક્નોલોજીને ખાનગી ક્ષેત્ર માટે ખુલ્લી મુકાઈ

## ટેક્નોલોજી ટ્રાન્સફર સંબંધિત લાયકાત, સર્ટિફિકેશન અને નિયમનકારી ધોરણોને આધીન રહેશે



**અબતક, નવી દિલ્હી**

જે દેશ પોતાની સુરક્ષા અને શસ્ત્ર સરંજામ બાબતે બીજા પર નિર્ભર રહે, તે ક્યારેય વૈશ્વિક મહાસત્તા બની શકતો નથી. આપણા દેશના સપનાને સાકાર કરવા અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને વધુ એક મજબૂત ઉડાન આપવા માટે કેન્દ્ર સરકારે એક અત્યંત દૂરગામી અને ઐતિહાસિક નિર્ણય લીધો છે.

હવે દેશની રક્ષા માટે બ્રહ્માસ્ત્ર સમાન મિસાઈલો બનાવવાની ટેક્નોલોજી માત્ર સરકારી દીવાલો પૂરતી સીમિત નહીં રહે, પરંતુ ભારતના તેજસ્વી ખાનગી ઉદ્યોગોના હાથમાં પણ સોંપવામાં આવશે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ દ્વારા લેવાયેલા આ ક્રાંતિકારી પગલાથી દેશના ડિફેન્સ સેક્ટરના દરવાજા હવે પ્રાઈવેટ સેક્ટર માટે સદંતર ખુલી ગયા છે, જે આવનારા સમયમાં ભારતને વિશ્વના નકશા પર એક અજેય અને શક્તિશાળી રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરશે.

અત્યાર સુધી સરકારી કંપનીઓને જ સીધા ઓર્ડર આપવામાં આવતા હતા, જે જૂની પદ્ધતિને બદલીને હવે સ્પર્ધાત્મક વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે. ખાનગી કંપનીઓ વધુ સારા અને કિફાયતી વિકલ્પો પૂરા પાડી શકે છે. આ ટેક્નોલોજી ટ્રાન્સફર સંબંધિત લાયકાત, સર્ટિફિકેશન અને નિયમનકારી ધોરણોને આધીન રહેશે.

સરકારી કંપનીઓ પાસે મોટા પાયે મિસાઈલ ઉત્પાદન કરવાની મર્યાદિત ક્ષમતા હતી. સરકારી એકમોનું ઉત્પાદન ખર્ચ વધુ હોવાથી આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની મિસાઈલ નિકાસ પર અસર પડતી હતી (જેમ કે પિનાકા રોકેટના કિસ્સામાં ખાનગી કંપનીઓએ વધુ સસ્તા અને સ્પર્ધાત્મક બોલી લગાવી હતી). સંરક્ષણ ક્ષેત્રમાં આયાત પર નિર્ભરતા ઘટાડીને દેશમાં જ અદ્યતન શસ્ત્રોનું ઉત્પાદન વધારવું.



ખાનગી ક્ષેત્રના પ્રવેશથી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટક્ષેત્રે નવી તકો ઊભી થશે અને હાઈ-ટેક નોકરીઓ વધશે. સૈન્ય દળોને સમયસર અને અત્યાધુનિક શસ્ત્ર સરંજામ મળી રહેશે. ભારત વિશ્વના મોટા રક્ષણાત્મક સાધનો નિકાસ કરનાર દેશ બનવાની દિશામાં આગળ વધશે.

રાજનાથ સિંહ દ્વારા લેવાયેલ આ પગલું ભારતની ડિફેન્સ ઈકોસિસ્ટમ માટે સીમાચિહ્નરૂપ સાબિત થશે. ખાનગી ક્ષેત્રને સામેલ કરવાથી માત્ર સૈન્યની તાકાત નહીં વધે, પરંતુ 'મેક ઈન ઈન્ડિયા' અભિયાન વધુ મજબૂત બનશે.

ભારત આજે વિશ્વના ૮૫ થી વધુ દેશોને સંરક્ષણ સાધનો અને હથિયારોની નિકાસ કરે છે. ભારતની સંરક્ષણ નિકાસ સ્વતંત્રતા પછીના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગઈ છે, જે દેશની મેન્યુફેક્ચરિંગ ક્ષમતામાં વિશ્વાસ દર્શાવે છે.ડીઆરડીઓ અને પબ્લિક સેક્ટર અંડરટેકિંગ્સની સાથે હવે ટાટા, લાર્સન એન્ડ ટુબ્રો અને અદાણી જેવી ખાનગી કંપનીઓ પણ સંરક્ષણ ઉત્પાદનમાં સક્રિય યોગદાન આપી રહી છે.

તેજસ, બ્રહ્મોસ મિસાઈલ,આકાશ એર ડિફેન્સ સિસ્ટમ,યુદ્ધ જૌહજ અને સબમરીન,આર્ટિલરી ગન (તોપો) આ બધી મુખ્ય સ્વદેશી સંરક્ષણ ઉત્પાદનો છે. સાથે જ ડ્રોન અને યુએવી ,આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અત્યાધુનિક ટેક્નોલોજીથી ભવિષ્યની તૈયારીઓ ચાલી રહી છે.

### કઈ ટેક્નોલોજી ખાનગી ક્ષેત્રે ટ્રાન્સફર થશે?

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા વિકસિત અસ્ત્ર, રુદ્રમ, પ્રલય અને લોંગ રેન્જ એન્ટી-શિપ હાઈપરસોનિક મિસાઈલ જેવી પરંપરાગત મિસાઈલોની ટેક્નોલોજી હવે ખાનગી ક્ષેત્રની કંપનીઓને મળશે.આયાત પર નિર્ભરતા ઘટાડવી, સંરક્ષણ ઉત્પાદનમાં દેશી મૂલ્ય વધારવું અને સૈન્ય ક્ષમતા મજબૂત કરવી.

### ટમેટાંનો તોફાની જંગ: જ્યાં રંગ લાલ અને મૂડ મસ્ત !

# ગ્રેનેડ નહીં, ટમેટાં ચાલશે: વિશ્વનું સૌથી સ્વાદિષ્ટ યુદ્ધ !

## લા ટોમેટિના માત્ર ટમેટાં ફેંકવાનો ઉત્સવ નથી, પરંતુ બૂન્યોલની લોકસંસ્કૃતિ, સામૂહિક આનંદ, હાસ્ય અને લોકોની એકતાનું પ્રતીક બની ગયો છે: આજે સ્પેનની ગલીઓ 'ટમેટાંનું રણમેદાન' બની જાય છે: શહેરની ગલીઓ લાલ રંગની રસાળ નદીમાં ફેરવાઈ જાય છે

સ્પેનના બુન્યોલ શહેરમાં દર વર્ષે યોજાતો લા ટોમેટીના વિશ્વનો અનોખો અને મસ્તીભર્યો તહેવાર છે, જેમાં લોકો એકબીજા પર પાકેલાં ટમેટાં ફેંકીને જાણે યુદ્ધ જ છેડાઈ ગયું હોય એવી ધમાલ કરે છે. સામાન્ય યુદ્ધમાં તલવાર-બંદૂક ચાલે, પરંતુ અહીં હથિયાર છે, લાલચટ્ટાક ટમેટાં આને પરિણામે આખી ગલીઓ લાલ રંગની રસાળ નદીમાં ફેરવાઈ જાય છે. ઓગસ્ટના અંતિમ બુધવારે યોજાતો આ તહેવાર માત્ર ટમેટાંની ઉડાઉપાટ નથી, પરંતુ હાસ્ય, આનંદ અને સામૂહિક ઉજવણીની સ્પેનિશ પરંપરાનું અનોખું પ્રતિક બની ગયો છે. લા ટોમેટિના માત્ર ટમેટાં ફેંકવાનો ઉત્સવ નથી, પરંતુ બૂન્યોલની લોકસંસ્કૃતિ, સામૂહિક આનંદ, હાસ્ય અને લોકોની એકતાનું પ્રતીક બની ગયો છે. શરૂઆતમાં સ્થાનિક મોજ-મસ્તીમાંથી જન્મેલો આ ઉત્સવ આજે દુનિયાભરના પ્રવાસીઓને આકર્ષે છે. તેની શરૂઆત વર્ષ ૧૯૪૫માં એક નાનકડી યુવાનોની તકરાર દરમિયાન થયેલી ટમેટાંની મારામારીથી થઈ હોવાનું બૂન્યોલના સત્તાવાર પ્રવાસન વિભાગ અને સ્પેનના પ્રવાસન વિભાગ જણાવે છે. બીજા વર્ષે યુવાનો ફરી ટમેટાં લઈને આવી ગયા અને આ મજાકિયા મારામારી ધીમે ધીમે પરંપરામાં ફેરવાઈ. શરૂઆતમાં સત્તાવાળાઓએ તેને રોકવાનો પ્રયાસ કર્યો અને ૧૯૫૦ના દાયકાની શરૂઆતમાં ઉત્સવ પર પ્રતિબંધ પણ મૂકાયો, પરંતુ સ્થાનિક લોકોની લોકપ્રિયતા અને વિરોધને કારણે અંતે તેને ફરી મંજૂરી મળી અને તે બૂન્યોલની ઓળખ બની ગયો.

૧૯૮૦ ના દાયકા સુધીમાં લા ટોમેટીના ઉત્સવ એક સત્તાવાર કાર્યક્રમમાં ફેરવાઈ ગયો હતો. જેમાં વિશ્વભરના સહભાગીઓ આવ્યા હતા. વિશ્વની સૌથી મોટી આ ખાદ્ય લડાઈ લા ટોમેટિના માં ૧૦૦ મેટ્રિક ટનથી વધુ ટામેટાં, ૩૦ હજાર સહભાગીઓ સ્પેનના બુનોલની શેરીઓમાં એક અવિસ્મરણીય કલાકમાં યુવાવર્ગ મોજે જાલવા સાથે આનંદ માણે છે. આજે લા ટોમેટિનાના દિવસે શહેરની ગલીઓમાં હજારો લોકો ભેગા થાય છે. મુખ્ય ટમેટાની લડાઈ સામાન્ય રીતે સવારે ૧૧ વાગ્યે ગોળીબારના સંકેત સાથે શરૂ થાય છે અને બીજી ગોળી વાગે ત્યારે પૂરી થાય છે. ટમેટાંથી ભરેલા ટ્રકો આવે છે અને લોકો એકબીજા પર પાકેલા ટમેટાં ફેંકીને આનંદ માણે છે; થોડા જ સમયમાં આખી ગલી લાલ રંગથી રંગાઈ જાય છે. લડાઈ પહેલાં સાબુથી લપસણો બનાવેલા ઊંચા થાંભલા પર મૂકેલા હેમને મેળવવાનો પ્રયાસ કરવાની પરંપરા પણ છે. લડાઈ પૂરી થયા પછી પાણીની પાઈપોથી રસ્તાઓ અને ભાગ લેનાર લોકોને સાફ કરવામાં આવે છે. ૨૦૦૨માં તેને આંતરરાષ્ટ્રીય પ્રવાસન રસના ઉત્સવ તરીકે સત્તાવાર માન્યતા મળી હતી. આ એક સામાન્ય સ્થાનિક ઘટનામાંથી જન્મેલી અનોખી પરંપરા આજે સ્પેનની સૌથી જાણીતી સાંસ્કૃતિક ઉજવણીઓમાંની એક બની છે, જ્યાં લાલ રંગ, હાસ્ય અને સામૂહિક ઉત્સાહ સમગ્ર શહેરને એક દિવસ માટે આનંદના રંગે રંગી દે છે. એક જીવંત ઉજવણી છે જેમાં હજારો લોકો સ્પેનના બુનોલ શહેરમાં ભેગા થાય છે. વિશ્વભરના લોકો વિશાળ ટામેટાંની લડાઈમાં ભાગ લેવા આવે છે, જે શેરીઓ લાલ રંગથી ભરી દે છે.




### નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આ તહેવાર એક અનોખો, અવ્યવસ્થિત અને આનંદદાયક અનુભવ આપે છે, જે ઉત્સાહ અને આનંદનું વાતાવરણ બનાવે છે. આ એક એવો દિવસ છે જ્યારે દરેક વ્યક્તિ છૂટા પડી જાય છે, એકબીજા પર ટામેટાં ફેંકવાના સહિયારા રોમાંચમાં એક થાય છે.આ ઉજવણી મિત્રો વચ્ચે રમતિયાળ પ્રસંગ તરીકે શરૂ થઈ હતી. સમય જતાં, તે એક પરંપરામાં વિકસ્યું જે આનંદ, એકતા અને સમુદાયનું પ્રતીક છે. આ તહેવાર લોકોને એકસાથે લાવે છે, હાસ્ય અને શેર કરેલી ક્ષણો દ્વારા અવરોધોને તોડી નાખે છે. સુરક્ષિત અને સ્વસ્થ રહો, ગાંડપણની વચ્ચે સલામતી મુખ્ય છે. કંઈપણ સખત કે તીક્ષ્ણ ફેંકવાનું ટાળો. જો કોઈ પડી જાય, તો તેને ઉઠાડવા માટે મદદ કરો. ઉપરાંત, જો ભીડ ખૂબ ઉગ્ર બને તો ક્યારે પાછળ હટવું તે જાણો.એકવાર ટામેટાંની લડાઈ સમાપ્ત થઈ જાય, પછી ઉતાવળ ન કરો, લડાઈ પછીના ઉત્સવોમાં રોકાઈ જાઓ. ઘણા સ્થાનિક લોકો પાર્ટીઓનું આયોજન કરે છે, અને શેરીઓ સંગીત અને નૃત્યથી ગુંજી ઉઠે છે. મજામાં જોડાઓ અને વિશ્વની સૌથી મોટી ફૂડ ફાઈટમાં બચી ગયાની ઉજવણી કરો. આયોજનની વ્યવસ્થા જાળવાઈ તે માટે ઉત્સવના સામાન્ય નિયમોનું પાલન કરવાનું હોય છે.

સ્પેનના આ લાલચટ્ટાક યુદ્ધ લા ટોમેટીના ઉત્સવની મસ્તી માણવા સમગ્ર વિશ્વમાંથી લોકો અહીં આવે છે, આ માટે દુનિયાભરના ટુર ઓપરેટરો, ટ્રાવેલ કંપનીઓ વિવિધ પેકેજ સાથે હોટલ બુકીંગ પણ કરી આપે છે. ટામેટાંનો ત્રાસદાયક પ્રેમ મહોત્સવ સ્પેનનો સૌથી રસીલો તહેવાર વિશ્વ લેવલે આજે ખૂબ જ જાણીતો અનોખો તહેવાર બની ગયો છે.

આપણી ધુળેટીના તહેવાર જેવો જ આ તહેવાર ગણી શકાય, પણ અહીં એકમાત્ર ટમેટાનો જ ઉપયોગ કરીને લોકો એકબીજાને ટમેટા રસથી રંગી દે છે, ધુળેટીમાં આપણે તકેદારી રાખીએ છીએ તેવી જ તકેદારી ના નિયમો અહીં રાખવામાં આવેલ છે જેથી ઈજાઓ નહીવત જોવા મળે છે. સ્પેનના લોકો લાલ રંગને પ્રેમનું પ્રતીક ગણતા હોવાથી યુવા ધન ઉત્સવમાં વધુ જોડાય છે.

> **૧૯૫૦ના દાયકાની શરૂઆતમાં આ ઉત્સવ પર પ્રતિબંધ પણ મૂકાયો હતો, પરંતુ સ્થાનિક લોકોની લોકપ્રિયતા અને વિરોધને કારણે અંતે તેને ફરી મંજૂરી મળી અને તે સ્પેનના શહેર બૂન્યોલની ઓળખ બની ગયો**

# શિક્ષક: એઆઈના જવાબો અને જીવનના સત્ય વચ્ચેનો ભેદ સમજાવનાર માર્ગદર્શક

### ચિંતનની પાંખે



વિઠ્ઠલભાઈ વઘાસિયા
Vdvaghasia@gmail.com.

માનવ સભ્યતાના ઈતિહાસમાં કેટલીક એવી ક્ષણો આવે છે, જે માત્ર સમય બદલતી નથી, પરંતુ સમયની વ્યાખ્યા પણ બદલી નાખે છે. મુદ્રણકળાએ જ્ઞાનને રાજમહેલમાંથી જનમાનસ સુધી પહોંચાડ્યું; ઈન્ટરનેટે દુનિયાને એક ગામમાં ફેરવી દીધી અને હવે કૃત્રિમ બુદ્ધિમત્તા - આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) - મનુષ્યની બુદ્ધિના પરંપરાગત અર્થને જ પડકારવા આવી છે. આજે પ્રશ્નએ નથી કે એઆઈ શિક્ષણમાં પ્રવેશી ચૂક્યું છે કે નહીં; પ્રશ્ન એ છે કે શિક્ષણ એઆઈને દિશા આપશે કે એઆઈ શિક્ષણની દિશા નક્કી કરશે?

શિક્ષણએ ક્યારેય માહિતીના ઢગલા ઊભા કરવાની પ્રક્રિયા નહોતું. શિક્ષણનો મૂળ હેતુ હતો - વિચાર શક્તિનો વિકાસ, વિવેકનું સંવર્ધન, સંવેદનાનું સિંચન અને ચારિત્ર્યનું ઘડતર. પુસ્તક માત્ર વાંચવા માટે નથી; તે મનુષ્યને પોતાની અંદર ઝાંખી કરવાનું આમંત્રણ આપે છે. શિક્ષક માત્ર જ્ઞાન આપતો નથી; તે જિજ્ઞાસાની જ્યોત પ્રગટાવે છે. પરંતુ આજે એક એવું યુગ શરૂ થયું છે, જ્યાં માહિતી આંગળીના ટેરવે છે અને જવાબો ક્ષણોમાં મળી જાય છે. આ ઝડપે એક નવો પ્રશ્ન જન્માવ્યો છે - શું આપણે જ્ઞાન મેળવી રહ્યા છીએ કે માત્ર માહિતી ભેગી કરી રહ્યા છીએ? એઆઈએ શિક્ષણને અદભુત શક્તિ આપી છે. વ્યક્તિગત અભ્યાસ, ત્વરિત પ્રતિસાદ, ભાષાંતર, વર્ચ્યુઅલ પ્રયોગ શાળાઓ, સ્માર્ટ મૂલ્યાંકન અને વિશ્વસ્તરીય જ્ઞાન સુધી સમાન પહોંચ - આ બધું હવે શક્ય બન્યું છે. એક નાનકડા ગામનો વિદ્યાર્થી પણ વિશ્વવિખ્યાત શિક્ષકોના વિચારો સુધી પહોંચી શકે છે. વિકલાંગ વિદ્યાર્થીઓ માટે એઆઇ નવી આશા બની છે. શિક્ષકો માટે વહીવટી ભાર ઓછો થયો છે અને સર્જનાત્મક શિક્ષણ માટે વધુ સમય ઉપલબ્ધ થયો છે. આ બધું નિઃસંદેહ શિક્ષણની નવી સવાર છે.

પરંતુ દરેક સવાર સાથે પડછાયો પણ જન્મે છે. જ્યારે મશીન જવાબ આપવા લાગે છે, ત્યારે મનુષ્ય પ્રશ્ન પૂછવાનું ભૂલી જાય છે. જ્યારે દરેક નિબંધ એઆઇ લખી આપે છે, ત્યારે કલમની મૌલિકતા સુકાવા લાગે છે. જ્યારે પ્રોજેક્ટમાં પરિશ્રમનું સ્થાન અલ્ગોરિધમ લઈ લે છે, ત્યારે જ્ઞાનનો આનંદ ઓગળી જાય છે. આજે વર્ગખંડોમાં એક મૌન સંકટ પાંગરી રહ્યું છે - વિદ્યાર્થીઓ વધુ માહિતગાર બની રહ્યા છે, પરંતુ શું તેઓ વધુ વિચારશીલ પણ બની રહ્યા છે? શિક્ષણનું સૌથી મોટું જોખમ અજ્ઞાન નથી; વિચાર વિહોણું જ્ઞાન છે. એઆઇ તૈયાર જવાબો આપી શકે છે, પરંતુ પ્રશ્નની પીડા અનુભવી શકતું નથી. તે કવિતા રચી શકે છે, પરંતુ વિરહના આંસુ કે વિજયનો આનંદ અનુભવી શકતું નથી. તે મહાત્મા ગાંધી પર નિબંધ લખી શકે છે, પરંતુ સત્ય માટેનો આંતરિક સંઘર્ષ જીવી શકતું નથી. કારણ કે મશીન પાસે ગણતરી છે, અંતઃકરણ નથી; સ્મૃતિ છે, અનુભૂતિ નથી.

આજે અસાઈનમેન્ટ વધુ સુંદર બની રહ્યા છે, પરંતુ શું વિદ્યાર્થીઓ વધુ સારા બની રહ્યા છે? ગુણ પત્રકો ચમકી રહ્યા છે, પરંતુ શું ચિંતન પણ એટલું જ તેજસ્વી બની રહ્યું છે? જો શિક્ષણનું મૂલ્યાંકન માત્ર પરિણામોથી થશે અને પ્રક્રિયાને અવગણવામાં આવશે, તો ભવિષ્યમાં આપણે ડિગ્રી ધારકો તો ઘણાં મેળવીશું, પરંતુ દ્રષ્ટીવાન મનુષ્યો ઓછા મળશે. આ ચિંતાનું બીજું પરિમાણ પણ છે. એઆઈ માહિતીનું સર્જન કરે છે, પરંતુ તેની સત્યતા માટે જવાબદાર નથી. ભ્રામક માહિતી, પૂર્વગ્રહયુક્ત જવાબો, નકલ, બૌદ્ધિક અપ્રમાણિકતા અને ડિજિટલ નિર્ભરતા - આ બધું શિક્ષણના પવિત્ર ક્ષેત્રમાં ધીમે ધીમે પ્રવેશી રહ્યું છે. જો વિદ્યાર્થીઓ 'શોધ' કરતાં 'શોર્ટકટ'ને પસંદ કરશે, તો સંશોધનનો આત્મા જ મરી જશે.

આ બધાની વચ્ચે શિક્ષકની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ બની છે, ઓછી નહીં. શિક્ષક હવે માત્ર માહિતીનો સ્ત્રોત નથી; તે માહિતી અને જ્ઞાન વચ્ચેનો સેતુ છે. તે એઆઈના જવાબો અને જીવનના સત્ય વચ્ચેનો ભેદ સમજાવનાર માર્ગદર્શક છે. વર્ગખંડમાં હવે પાઠ્યપુસ્તક જેટલી જ જરૂરિયાત મૂલ્યશિક્ષણ, વિવેક અને ડિજિટલ નૈતિકતાની છે.

સમાજે પણ એક નિર્ણય લેવો પડશે. શું આપણે એવી પેઢી ઈચ્છીએ છીએ જે દરેક પ્રશ્નનો જવાબ જાણે, પરંતુ જીવનના મૂળ પ્રશ્નો સામે મૌન થઈ જાય? શું આપણે એવી બુદ્ધિનું નિર્માણ કરી રહ્યા છીએ, જે ઝડપથી વિચારે છે પરંતુ ઊંડાણથી નથી વિચારતી? ટેકનોલોજીનો વિજય ત્યારે જ અર્થપૂર્ણ છે, જ્યારે તે માનવતાની હાર ન બને.

આથી શિક્ષણની નવી વ્યાખ્યા ઘડવાનો સમય આવી ગયો છે. શાળાઓમાં એઆઈનો ઉપયોગ જરૂર થવો જોઈએ, પરંતુ તેની સાથે Critical Thinking, Ethical Reasoning, Creativity, અને Character Education ને કેન્દ્રસ્થાને રાખવું પડશે. વિદ્યાર્થીને માત્ર એઆઇ ચલાવતાં શીખવવું પૂરતું નથી, તેને એઆઈને પ્રશ્ન કરતાં પણ શીખવવું પડશે.

આવનારા વર્ષોમાં વિશ્વ બે પ્રકારના સમાજમાં વહેંચાઈ શકે છે - એક એવો, જે એઆઈનો ઉપયોગ કરશે અને બીજો એવો, જે એઆઈનો ગુલામ બની જશે. આ બંને વચ્ચેનો ભેદ માત્ર ટેક્નોલોજી નહીં, પરંતુ શિક્ષણ નક્કી કરશે.

અંતે, એઆઈને લઈને આપણી સૌથી મોટી જવાબદારી ટેકનોલોજીનો વિરોધ કરવાની નથી; તેના પર માનવતાનું નેતૃત્વ જાળવી રાખવાની છે. કારણ કે કૃત્રિમ બુદ્ધિ જેટલી પણ વિકસે, તે માનવહ્રદયની કરૂણા, ગુરુની પ્રેરણા, માતાની મમતા અને અંતઃકરણના અવાજનું સ્થાન ક્યારેય લઈ શકશે નહીં.

શિક્ષણના મંદિરના દ્વારે એઆઈનું સ્વાગત જરૂર થવું જોઈએ, પરંતુ એક શરતે - તે હાથમાં સાધન બનીને પ્રવેશે, મસ્તક પર સ્વામી બનીને નહીં. કારણ કે જે દિવસે શિક્ષણમાંથી વિચાર ઓગળી જશે, તે દિવસે જ્ઞાનનો પ્રકાશ નહીં, માત્ર માહિતીનો ચમકારો જ બાકી રહેશે. અને ચમકારો ક્ષણિક હોય છે; પ્રકાશ જ શાશ્વત હોય છે.

# સ્વામિનારાયણ ગુરૂકુળ દ્વારા યુવા અભ્યુદય પર્વમાં બહોળી સંખ્યામાં નવયુવાનોની ઉપસ્થિતી


## ધ પાવર ઓફ ઓનરશીપ, ધ આર્ટ ઓફ યંગહાર્ટ અને સમયથી સફળતા સુધીના વિષય પર નવયુવા સંતોએ વકતવ્યો આપ્યા

**અબતક, રાજકોટ**

શ્રદ્ધાળુ ભકતોના હૃદયમાં શ્રાવણ માસ દરમિયાન વ્રત, તપ, સંયમ, સમર્પણ, કથા શ્રવણ અને ભજન ભક્તિની ભરતી આવે છે

૧૮થી ૪૫ વર્ષના યુવાનો માટે જ સુરત-કામરેજ રોડ પર વાલક પાટીયા ચાર રસ્તા પાસે જમનાબા વિદ્યાર્થી ભવનના કેશુભાઈ પટેલ ઓડિટોરીયમમાં યોજાયેલ યુવા અભ્યુદય પર્વ યોજાએલ.

પ્રારંભે ધર્મવલ્લભદાસજી સ્વામી, પ્રભુ સ્વામી, રાકેશભાઈ દુધાત, શૈલેષભાઈ ગોટી, ડો. પાઘડાળ વગેરેએ દીપ પ્રાગટ્ય કરેલ. મહંત સ્વામી ધર્મવલ્લભદાસજી સ્વામીએ સંતો તથા કાર્યકર્તા અને શ્રોતા યુવાનોને આશીર્વાદ પાઠવતા કહેલું કે યુવાન માં તપસ્વિતા, તેજસ્વિતા અને તત્પરતા હોવા જોઈએ. આ પ્રસંગે વેડરોડ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના ત્રણ નવયુવાન વિદ્વાન સંતોએ વકતવ્ય આપેલ . જેમાં પ્રથમ વકતા રાજકેટથી પધારેલા શાસ્ત્રી ચૈતન્ય સ્વરૂપદાસજી સ્વામીએ 'ધ પાવર ઓફ ઓનરશીપ પર વાત કરતાં કહેલું કે સમસ્યા ત્યારે જ અકલ્પ્ય અને અઘરી લાગે છે જ્યારે આપણે તેને ઉકેલવાની જવાબદારી સ્વીકારતા નથી અથવા બીજા ઉપર ઢોળી દઈએ છીએ.જ્યારે દ્વિતીય વકતા નીલકંઠ ધામ પોઈચા થી પધારેલા



શાસ્ત્રી અચલ જીવનદાસજી સ્વામીએ ' ધ આર્ટ ઓફ યંગ હાર્ટ ' ઉપર વાત કરતાં કહેલું કે સતત પ્રયત્ન કરતા રહેવાથી વ્યક્તિત્વ વિકાસના માર્ગે સફળતા પ્રાપ્ત થાય છે, નિસ્વાર્થ પ્રેમ કરવાથી પરિવારમાં પૂર્ણતા પ્રાપ્ત થાય છે અને નિર્દોષ પ્રાર્થના કરવાથી અધ્યાત્મ માર્ગે ઉન્નતી પ્રાપ્ત થાય છે.અંતિમ વકતા મુંબઈથી પધારેલા શાસ્ત્રી વિરકત જીવનદાસજી સ્વામીએ ' સમયથી સફળતા સુધી ' એ વિષય ઉપર પ્રકાશ પાથરતા કહેલું કે પાંચ કરોડ રૂપિયા આપો તો પણ એના બદલામાં એક સેકન્ડ નવી ના મળે. સમય મફતમાં મળે છે પણ તેને ખરીદી શકાતો નથી. સમયનું એકસચેન્જ થઈ શકતું નથી. અંતમાં સંતો પ્રભુ સ્વામી, ભક્તિતનય સ્વામી, દિવ્ય સ્વામી, શાસ્ત્રી શ્રી મંગલ સ્વામી, કૃષ્ણસેવાદાસ સ્વામી, જ્ઞાન પ્રકાશ સ્વામી, નીલકંઠ સ્વામી, વગેરે સંતોએ યુવાનોના કાંડે રક્ષાબંધન કર્યું હતું. પર્વની વ્યવસ્થા અને સફળતા માટે ચિરાગભાઈ રામાણી,રાહુલભાઈ રફાળીયા, પંકજભાઈ ડાવરા,સહિતના કાર્યકર્તાઓને સંતો તથા યુવાનોએ બિરદાવ્યા હતા.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૬-૦૮-૨૦૨૬ બુધવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ઉંબરો)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૨૦ રસથાળ (માં કી દાલ)
૦૩:૨૦ થી ૦૪:૦૦ આયુર્વેદ:આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.પ્રિયા કોડરાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ગુજ્જુભાઈ બન્યા દબંગ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૭-૦૮-૨૦૨૬ ગુરુવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા(પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૨૭-૮-૨૦૨૬ ગુરૂવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** શ્રાવણ શુદ ચૌદશ પંચક ૧૩.૩૬થી
**નક્ષત્ર** ધનિષ્ઠા
**યોગ** શોભન **કરણ:** વિષ્ટિ
**સુર્યોદય** ૬.૨૯ **સુર્યાસ્ત:** ૭.૦૮
**ચંદ્ર રાશી** મકર બપોરે ૧.૩૬થી કુંભ
**રાશિ અક્ષર** ખ.જ./ગ.શ.સ
**દિશાશૂળ** દક્ષિણ દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧.૩૦ થી ૩
**દિવસનાચોઘડીયા**
શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
**રાત્રીનાચોઘડીયા**
અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૪ થી ૧.૧૪

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ -૫૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૩ | ૯ | | ૭ | ૮ | ૨ | |
| | ૯ | | ૫ | | ૩ | | ૭ | |
| | | | ૪ | | ૮ | | | |
| ૧ | ૩ | | | | | ૬ | | ૨ |
| | ૮ | ૨ | | ૩ | | ૫ | | ૭ |
| ૯ | | | ૨ | | | | ૩ | |
| | | ૬ | | ૭ | | ૨ | | |
| | ૨ | | | | ૯ | | ૫ | ૮ |
| | | | | | | ૩ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૫૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૫ | ૧ | ૭ | ૬ | ૩ | ૮ | ૯ |
| ૭ | ૯ | ૮ | ૪ | ૨ | ૩ | ૧ | ૬ | ૫ |
| ૩ | ૧ | ૬ | ૫ | ૯ | ૮ | ૭ | ૨ | ૪ |
| ૫ | ૬ | ૯ | ૨ | ૧ | ૭ | ૪ | ૩ | ૮ |
| ૨ | ૭ | ૪ | ૮ | ૩ | ૫ | ૯ | ૧ | ૬ |
| ૮ | ૩ | ૧ | ૯ | ૬ | ૪ | ૨ | ૫ | ૭ |
| ૬ | ૫ | ૭ | ૩ | ૪ | ૨ | ૮ | ૯ | ૧ |
| ૧ | ૮ | ૩ | ૭ | ૫ | ૯ | ૬ | ૪ | ૨ |
| ૯ | ૪ | ૨ | ૬ | ૮ | ૧ | ૫ | ૭ | ૩ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૭.૮.૨૦૨૬ ગુરુવાર, સંવંત ૨૦૮૨, શ્રાવણ સુદ ચતુર્દશી, ધનિષ્ઠા નક્ષત્ર, શોભન યોગ, વિષ્ટિ કરણ આજે બપોરે ૧.૩૬ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ મકર (ખ,જ) ત્યારબાદ કુંભ (ગ,સ,શ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** આવકમાં મધ્યમ રહે, આકસ્મિત લાભ થાય,ધાર્યા પરિણામ પ્રાપ્ત કરી શકો, પ્રગતિકારક દિવસ.

**વૃષભ (બ,વ,ઉ) :** સ્રીવર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને મધ્યમ રહે,નોકરિયાતને સારું રહે, આગળ વધવાની તક મળે, શુભ દિન.

**મિથુન (ક,છ,ઘ) :** નસીબ સાથ આપતું જણાય, ધાર્યા કામ પાર પાડી શકો, મિત્રોની મદદ મળી રહે, પ્રગતિકારક દિવસ.

**કર્ક (ડ,હ) :** માનસિક વ્યગ્રતા રહે, મનનું ધાર્યું ના થાય, નેગેટિવ વિચારો આવે, મધ્યમ દિવસ.

**સિંહ (મ,ટ) :** અંગત જીવનમાં સારું રહે,સામાજિક રીતે આગળ વધી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.

**કન્યા (પ,ઠ,ણ) :** જુના હઠીલા રોગથી સાવધાન રહેવું,વધુ પડતી ચિંતાઓ ટાળવી,પરેજી પાલવ સલાહ છે.

**તુલા (ર,ત) :** સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો, કૌટુંબિક પ્રશ્નો ઉકેલી શકો, શુભ દિન.

**વૃશ્ચિક (ન,ય) :** નવા આયોજનો વિચારી શકો, તમારા શોખ માટે સમય કાઢી શકો, દિવસ આનંદ માં પસાર થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** ભાઈ ભાંડુ સુખ સારું રહે, મિત્રોની મદદ મળી રહે, નવા સંબંધોમાં સારું રહે, યાદગાર દિવસ.

**મકર (ખ,જ) :** આર્થિક બાબતો માં મધ્યમ રહે, વાણી વર્તનમાં કાળજી લેવી, સત્ય કહેવાની રીત પણ બદલવી પડે.

**કુંભ (ગ,સ,શ) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા મેળવી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :** ખર્ચ પર અંકુશ રાખવો, નાણાકીય આયોજન કરવું જરૂરી બને, યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બને છે.

સૌરાષ્ટ્રને નવી ટ્રેન-વધુ ફલાઈટની કનેકટીવીટી મળી

# રાજયસભાના સાંસદ તરીકે જન સેવાના કાર્યો કર્યાનો સવાયો સંતોષ: રામભાઈ મોકરિયા

## પત્રકાર પરિષદમાં લોકસેવાનું સરવૈયું રજૂ કર્યું: રૂ.૧૯.૬૦ કરોડની ગ્રાન્ટથી રાજકોટ, પોરબંદર અને મહિસાગર જિલ્લામાં વિવિધ સુવિધા ઉભી કરવાના સારથી બન્યાં

**અબતક, રાજકોટ**

ભાજપ અગ્રણી રામભાઈ મોકરિયાએ રાજયસભાના સાંસદ તરીકે કરેલા જન સુખાકારીના કાર્યો બદલ સવાયો સંતોષ વ્યક્ત કર્યો હતો. સેવા કાર્યોની તક આપવા બદલ ભાજપના શિર્ષ નેતૃત્વની આભાર માન્યો હતો આજે પત્રકાર પરિષદમાં લોકસેવાનું સરવૈયું રજૂ કર્યુ હતુ.

મુળ પોરબંદરના વતની શ્રી મારૂતિ કુરીયરના સંસ્થાપક અને રાજકોટને કર્મભૂમી બનાવનાર ભાજપના વરીષ્ઠ નેતા રામભાઈ મોકરીયાએ રાજયસભાના કાર્યકાળ દરમિયાન લોકસેવાના અસંખ્ય એવા કાર્ય કર્યા કે ગુજરાતના જન પ્રતિનિતૂના ઈતિહાસમાં એક સુવર્ણ પૃષ્ઠ ઉમેરાઈ ગયુ.

જન પ્રતિનિધીઓને મળવુ એ દેવ દુર્લભ જેવું હોય છે પરંતુ રામભાઈ મોકરીયાના જનસેવા કાર્યાલયના દરવાજા આમ નાગરીકો અને અરજદારોની આગતા સ્વાગતા માટે હંમેશા ખુલ્લા રહેતા અને કોઈ અરજદાર આવે એટલે તેની હાજરીમાં જ જે તે વિભાગના અધિકારીને ફોન જોડી અરજદારોના પ્રશ્નોનુ ઓન ધ સ્પોટ સોલ્યુશન લાવવામાં આવતુ હતુ. એટલા માટે સામાન્ય લોકોને પોતાના પ્રશ્નોની રજુઆત માટે ક્યારેય કોઈની ઓળખાણ કે ભલામણની જરૂરી પડી નથી, રામભાઈ મોકરીયાએ લોકોના કામ માટે પોતાના કાર્યલયમાં નિષ્ણાંત લોકોની ટીમ તહેનાત કરી હતી

### ગ્રાન્ટમાંથી આ વિકાસ કાર્યો સાકાર કર્યા

રામભાઈ મોકરીયાએ રાજયસભાના કાર્યકાળ દરમિયાન સરકારે ફાળવેલી ૧૯,૬૦,૬૩,૦૦૦ ની ગ્રાન્ટનો ઉપયોગ કરી સૌરાષ્ટ્ર ગુજરાતના વિસ્તારોમાં વિકાસલક્ષી કાર્યો કર્યા છે જેમાં મુખ્યત્વે પોરબંદર જીલ્લામાં રૂ. ૯,૭૮,૨૫,૦૦૦ જેટલી ગ્રાન્ટમાંથી આંગણવાડી, સાયન્સ પાર્ક, સીસી રોડ, કોમ્યુનીટી હોલ, સ્મશાન ઘાટ, બસસ્ટેન્ડ, જેવી સુવિધાઓ ઉભી કરવામાં આવી છે આ ઉપરાંત અનુસુચીત જનજાતીની આંગણવાડી તેમજ માળખાકીય સુવિધાઓ ઉભી કરેલ તેમજ જયારે રાજકોટ જીલ્લામાં રૂ. ૫,૫૮,૦૦,૦૦૦ ની ગ્રાન્ટમાંથી આરોગ્ય શિક્ષણ તેમજ માળખાકીય સુવિધાઓ સ્થાપી છે, મહીસાગર જીલ્લામાં રૂ. ૩,૯૬,૦૦,૦૦૦ ની ગ્રાન્ટમાંથી સાયન્સ પાર્ક અને આંગણવાડી જેવા વિકાસલક્ષી કાર્યો થયા છે.



રામભાઈ મોકરીયાએ ૨૦૨૧ થી ૨૦૨૬ સુધીના પોતાના રાજયસભાના કાર્યકાળ દરમિયાન વિવિધ ક્ષેત્રમાં લોકહિતના મુદાઓ ઉઠાવ્યા છે, સંસદમાં તેમની સક્રિય અને સરેરાસ કરતા વધુ સારી કામગીરી રહી છે તેઓએ ૧૯૦ થી વધુ પ્રશ્નો પુછયા છે ૧૦૦ થી વધુ ચર્ચાઓમાં ભાગ લીધો છે. રાજયસભામાં તેમની હાજરી ૧૦૦% રહી છે તેઓએ રજુ કરેલા પ્રજાલક્ષી કાર્યોમાં કેટલાક નોંધપાત્ર મુદાઓ જોઈએ તો સૌરાષ્ટ્ર વિસ્તારના વિકાસલક્ષી પ્રશ્નોને રાજયસભામાં રજુ કર્યા છે જેમાં પાણી, ખેતી, સિંચાઈ અને ખેડુતોને લગતા પ્રશ્નો અંગે સરકારનું ધ્યાન દોરી ઉકેલ લાવવામાં આવ્યો છે રેલ્વે અને હવાઈ માર્ગે કનેકટીવીટી વધારવા સતત રજુઆત કરી જેના પરીણામે સૌરાષ્ટ્રને નવી ટ્રેનો મળી અને વધારાની ફલાઈટો મળી. શિક્ષણ અને આરોગ્ય સબંધીત સુવિધાઓ માટે સતત પ્રયત્નશીલ રહી કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો લાભ વધુમાં વધુ લોકોને મળે તે માટે માર્ગદર્શન અને અનુસરણ કર્યુ, તેઓએ રાજકીય, સામાજીક, સેવાકીય અને ધાર્મિક કાર્યક્રમોમાં ભાગ લઈ સતત લોકોની વચ્ચે રહ્યા અને પ્રજાના પ્રશ્નોના નિરાકરણ માટે સબંધિત વિભાગો સમક્ષ સતત રજુઆતો કરી હજારો લોકોના પ્રશ્નોનો સુખદ ઉકેલ લાવ્યા છે.

### કોર્પોરેશનથી લઈ કેન્દ્ર સુધીના પ્રશ્નોનો ઓન ધ સ્પોટ નિકાલ

રાજકોટ થી જેતપુર સીકસ લેન રસ્તો બને છે તેમજ રાજકોટથી કુવાડવા તરફ બંધ હાલતમાં પડેલ રસ્તાનું કામ ઝડપથી શરૂ કરવા કેન્દ્રીય મંત્રીને રજુઆત કરતા રસ્તાની કામગીરી ઝડપથી આગળ વધી રહી છે આ ઉપરાંત રાજકોટ-જેતપુર અને સોમનાથ-દ્વારકાના હાઈવે ઉપર ટોલ ટેકસના પ્રશ્નોનું પણ નિરાકરણ લાવવામાં આવેલ છે. રામભાઈ મોકરીયા કેન્દ્રમાં નાગરીક પુરવઠા કન્ઝુમર્સ કમિટીમાં સભ્ય હોવાથી સમગ્ર ભારતમાં નાગરિક પુરવઠાની વિતરણ વ્યવસ્થાથી સંપૂર્ણ માહિતગાર હોવાથી રાજકોટ અને પોરબંદર જીલ્લામાં ગરીબ અને અને મધ્યમ વર્ગના લોકોને સારૂ અને પુરતુ રેશન મળી રહે તે માટે સતત જાગૃત રહ્યા હતા. તેઓ ડીફેન્સ કમિટીમાં મેમ્બર હોવાથી પોરબંદર શહેરમાં ડીફેન્સ ઈન્ડસ્ટ્રી સ્થાપવા માટે સંરક્ષણ વિભાગને રજૂઆત કરી હતી જેની ફલશ્રુતી રૂપે કેન્દ્ર સરકારે હકારાત્મક અભિગમ દર્શાવી પોરબંદરની પસંદગી કરેલ છે. પોરબંદર મચ્છી ઉદ્યોગનું હબ હોવાથી મચ્છી સંગ્રહ કરવા માટે કોલ્ડ સ્ટોરેજ તેમજ મરીન ફીશ કોલેજ સ્થાપવા માટે કેન્દ્રમાં રજુઆત કરી હતી. ટુંકમાં કેન્દ્ર સરકાર, રાજય સરકાર, કોર્પોરેશન કે જીલ્લા પંચાયત લેવલે જે કોઈ પ્રશ્નો અરજદારો દ્વારા કરવામાં આવતા તે પ્રશ્નોનું ઓન ધ સ્પોટ સોલ્યુશન રામભાઈ દ્વારા કરવામાં આવ્યું હતુ.

# સોમનાથ મહાદેવને અલૌકિક ભસ્મ શણગાર



**અબતક:** પવિત્ર શ્રાવણ માસના પરમ મંગલકારી પ્રદોષ પર્વ નિમિત્તે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં દેવાધિદેવને દિવ્ય ભસ્મ શૃંગાર અર્પણ કરવામાં આવ્યો હતો. સંધ્યાકાળે શિવ-શક્તિના આરાધના પર્વે ભોળાનાથનું અલૌકિક સ્વરૂપ ભકિતભાવ અને આધ્યાત્મિક ઊર્જાથી ઝળહળી ઊઠ્યું હતું. શ્રી સોમનાથ જ્યોતિર્લિંગ પર પવિત્ર યજ્ઞભસ્મનો લેપ કરવાની આ વિધિ સનાતન પરંપરાની અત્યંત પ્રાચીન અને આધ્યાત્મિક પૂજાવિધિ છે. શાસ્ત્રોક્ત દ્રષ્ટિએ ભસ્મ એ સંસારની ક્ષણભંગુરતા, નિર્ગુણ ભાવ, વૈરાગ્ય અને પરમ નિર્મોહનું પ્રતીક છે. એવી અખંડ શ્રદ્ધા છે કે ભસ્મવિભૂષિત શિવલિંગના દર્શન માત્રથી જીવ મોહ-માયાના બંધનો અને દંભમાંથી મુક્ત થઈને અંતરમાં શિવત્વ તેમજ પરમ શાંતિની અનુભૂતિ કરે છે.

# પ્રદેશ ભાજપના રાષ્ટ્રીય પ્રભારી તરૂણ ચુગ આવતા સપ્તાહે ગુજરાત આવશે

## પ્રભારી તરીકે નિયુક્ત થયા બાદ પ્રથમ વખત ગુજરાતની મુલાકાત લેશે: કમલમ ખાતે આખો દિવસ બેઠકોનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

રાજકીય ક્ષેત્રે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ૨૫ વર્ષનો કાર્યકાળ પુરો કરી રહ્યા છે. જેની ઉજવણી દેશભરમાં ભાજપ દ્વારા વિવિધ સેવાકીય કાર્ય સાથે કરવામાં આવનાર છે. ગુજરાત પ્રદેશ ભાજપના પ્રભારી તરીકે તાજેતરમાં રાજ્યસભાના સાંસદ તરુણ ચુગની નિયુક્તિ કરવામાં આવી છે. પ્રભારી બન્યા બાદ તેઓ આગામી ૨ સપ્ટેમ્બરના રોજ પ્રથમ વખત ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. સંગઠનના હોદેદારો સાથે મહત્વપૂર્ણ બેઠક કરશે. કમલમ ખાતે તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. રાષ્ટ્રીય મહામંત્રી સતિષ પુનિયા પણ ૪ સપ્ટેમ્બરના રોજ ગુજરાતના પ્રવાસી આવી રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નબીન દ્વારા ગત સપ્તાહે પોતાની ટીમ જાહેર કરી દેવામાં આવી છે. જેમાં કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવના સ્થાને રાજયસભાના સાંસદ અને રાષ્ટ્રીય કાર્યાલયના પ્રભારી તરુણ ચુગની ગુજરાત પ્રદેશ ભાજપના રાષ્ટ્રીય પ્રભારી તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આગામી દિવસોમાં રાજકીય ક્ષેત્રે પદાર્પણ કર્યાના ૨૫ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. ત્યારે ભાજપ દ્વારા તેની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તૈયારીઓ અને વિવિધ કાર્યક્રમો અંગે માર્ગદર્શન આપવા આગામી ૨ સપ્ટેમ્બરના રોજ પ્રભારી તરુણ ચુગ ગુજરાતની મુલાકાત લેશે. કમલમ ખાતે દિવસ દરમિયાન વિવિધ બેઠકો યોજાશે. જેમાં પ્રદેશ

(અનુ. આઠમા પાને)



### રાષ્ટ્રીય મહામંત્રી સતિષ પુનિયા પણ ગુજરાત આવશે

એક રાખી દેશ કે જવાનો કે નામ

# સરહદની સુરક્ષા કરતા વીર જવાનોની રક્ષા માટે આંગણવાડીની બહેનોએ મોકલી ૪.૫૦ લાખ રાખડી



## ભારતીય સેનાના વરિષ્ઠ અધિકારીઓને રાખડીઓ સુપ્રત કરાઈ

**અબતક, રાજકોટ**

રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે દેશની સરહદો પર ખડેપગે રાત દિવસ ફરજ બજાવતા વીર જવાનો પ્રત્યે આદર, કૃતજ્ઞતા અને સ્નેહની લાગણી વ્યક્ત કરવા માટે આંગણવાડીની બહેનો દ્વારા રક્ષાના પ્રતિક રૂપે ૪.૫૦ લાખ રાખડીઓ જવાનોને મોકલવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં રક્ષાસૂત્ર કળશ સરહદી દળોના અધિકારીઓને પ્રતિકરૂપે અર્પણ કરવામાં આવ્યો હતો.

સરહદના જવાનો પોતાના પરિવારથી દૂર રહીને માતૃભૂમિની સુરક્ષા માટે સમર્પિત છે. તેમની સદાય રક્ષાની ભાવના સાથે મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડો. મનિષાબેન વકીલના માર્ગદર્શનમાં આંગણવાડી બહેનોએ રક્ષાબંધન પર્વ નિમિત્તે આ રાખડીઓ મોકલાવી છે. દેશની સીમાઓ સાચવતા અને ઘર પરીવારથી દૂર રહેતા સેનાના જવાનોની રક્ષા માટે આંગણવાડી બહેનોએ આ રક્ષાસુત્ર બનાવ્યું છે.

ભાઈ બહેનના પ્રેમનો પવિત્ર તહેવાર રક્ષાબંધન આ સૈનિકો સરહદ પર રહીને પણ મનાવી શકે અને માતાઓ બહેનો તેમની સાથે જોડાયેલી છે એવો અહેસાસ તેમને આપવાનો સરાહનીય પ્રયોગ એક રાખી દેશ કે જવાનો કે નામ અંતર્ગત ગુજરાત છેલ્લા ત્રણ વર્ષથી કરે છે.

ગુજરાતની બહેનોએ વીર જવાનોની રક્ષાનું કવચ રાખડીઓ દ્વારા પ્રદાન કરીને ભાઈ-બહેનના પ્રેમના તહેવારને રાષ્ટ્રભક્તિ મય બનાવ્યો છે. આ રક્ષાસુત્ર કળશનો આર્મી, બી.એસ.એફ., સી.આર.પી.એફ. અને એન.ડી.આર.એફ.ના ગાંધીનગર સ્થિત જવાનોએ સ્વીકાર કર્યો હતો.

# બ્લેક ફિલ્મ અને એલ.ઈ.ડી લાઈટ લગાડનારા વાહન ચાલકો પર તૂટી પડો: ડીસીપી ટ્રાફિક હરપાલસિંહ જાડેજા

## વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધીમાં ૧,૧૦,૬૦૧ જેટલા કેસમાં રૂ.૪,૨૮,૮૭,૨૦૦નો દંડ વસૂલાયો



**અબતક, રાજકોટ**

ટ્રાફિક નાયબ પોલીસ કમિશનર હરપાલસિંહ જાડેજાની અધ્યક્ષતામાં રાજકોટ શહેર માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં આર.ટી.ઓ. માન્ય નંબર પ્લેટ વગરના વાહન ચાલકો, બ્લેક ફિલ્મ તેમજ સફેદ એલ.ઈ.ડી. લાઈટ લગાડનારા વાહન ચાલકો વિરુદ્ધ ડ્રાઈવ ચાલુ રાખી સખ્ત કામગીરી કરવા ડી.સી.પી.એ નિર્દેશ આપ્યા હતા.

હરપાલસિંહ જાડેજાએ નંબર પ્લેટ ચોખ્ખી વાંચી શકાય તે રીતે લગાડેલી હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું. વધુમાં કાર કંપની દ્વારા આવતા કાચમાં કોઈપણ પ્રકારની ફિલ્મ ના લગાડવા કાર ચાલકોને ખાસ વિનંતી કરી હતી. ડી.સી.પી. દ્વારા કાર એસોસિએશન સાથે કરવામાં આવેલી મિટિંગમાં કાચ પર ફિલ્મનું તથા સફેદ એલ.ઈ.ડી. લાઈટનું વેચાણ નહીં કરવા સૂચના આપી હોવાનું જણાવ્યું હતું. ડી.સી.પી.એ રાજકોટ સંલગ્ન હાઈવે પર ગેરકાયદે મીડીયન ગેપ બંધ કરવા તેમજ તોડી નાખતા ઈસમો વિરુદ્ધ સખ્ત કામગીરી કરવા પણ સૂચના

(અનુ. આઠમા પાને)

રક્ષાબંધન પર્વ નિમિત્તે રાજ્ય સરકારની ભેટ

# નવી ૭૧ સુપર એક્સપ્રેસ, ૨૦ મિડી અને ૧૦ સ્લીપર કોચ બસ સેવાનો આરંભ

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ૧૦૧ નવીન એસ.ટી. બસોનું પ્રસ્થાન કરાવ્યું: તીર્થધામો અને મુખ્ય શહેરોના રૂટ પર વિશેષ સંચાલન તેમજ એડવાન્સ બુકિંગની સુવિધા ઉપલબ્ધ







**અબતક, રાજકોટ**

રક્ષાબંધનના પર્વ નિમિત્તે રાજ્યની માતા-બહેનોને શ્રેષ્ઠ પરિવહન સુવિધાની ભેટ સ્વરૂપે રાજ્ય સરકાર દ્વારા ૧૦૧ નવીન એસ.ટી. બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ તમામ નવીન બસોનું ગાંધીનગર ખાતેથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું છે.

આ કાર્યક્રમ દરમિયાન એસ.ટી. નિગમની મહિલા કંડક્ટરોએ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને રાખડી બાંધી રક્ષાબંધનની આગોતરી ઉજવણી કરી હતી. નોંધનીય છે કે, એસ. ટી. નિગમના ડ્રાઈવર, કંડક્ટર અને ઓપરેશન સ્ટાફ રાજ્યની માતા-બહેનો પોતાના પરિવાર સાથે તહેવાર ઉજવી શકે તે માટે ૨૪x૭ અવિરત સેવાઓ આપે છે અને પોતે આ તહેવારની ઉજવણીનું બલિદાન આપતા હોય છે. રાજ્યની માતા બહેનોની પરિવહન સુવિધા માટે કર્તવ્યનિષ્ઠા બદલ નાયબ મુખ્યમંત્રીએ એસ.ટી નિગમના સૌ કર્મચારીઓને અભિનંદન પાઠવી આ સેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો તેમજ એસ.ટી. બસનું નિરીક્ષણ કર્યું હતું.

લોકાર્પિત કરાયેલી ૧૦૧ બસોમાં ૭૧ સુપર એક્સપ્રેસ, ૨૦ મિડી અને ૧૦ સ્લીપર કોચનો સમાવેશ થાય છે, જે તમામ બસો રક્ષાબંધન તહેવારના વિશેષ સંચાલનમાં પણ ઉમેરાશે.

મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની વિઝનરી પહેલ હેઠળ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર દ્વારા રાજ્યના નાગરિકો, નોકરિયાતો અને વિદ્યાર્થીઓ માટે સુવિધાજનક, સલામત અને આરામદાયક જાહેર

(અનુ. આઠમા પાને)

# કાલે આંગણવાડીની બહેનો સાથે ધારાસભ્ય ઉદય કાનગડ રક્ષાબંધનની કરશે ઉજવણી

## રાખડીનો નાજુક દોરો ભાઈ બહેનના સંબંધની મજબુતાઈ, લાગણી અને આત્મીયતાનું પ્રતિક: વલ્લભભાઈ દુધાત્રા

**અબતક, રાજકોટ**

રક્ષાબંધનના પાવન પર્વ નિમિતે ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ, સ્નેહ, વિશ્વાસ અને રક્ષણના અતૂટ સંબધને ઉજાગર કરવા વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડ, શહેર ભાજપ મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા અને વિધાનસભા-૬૮ ભાજપ પરિવાર દ્વારા આંગણવાડીની બહેનો સાથે રક્ષાબંધનની વિશેષ લાગણીસભર ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમનું આયોજન આવતીકાલ ગુરૂવારે સાંજે ૪:૦૦ કલાકે રણછોડ નગર કોમ્યુનીટી હોલ, કડવા ભનુ રોડ ખાતે કરવામાં આવેલ છે. કાર્યક્રમમાં આંગણવાડીની બહેનો સાથે




રક્ષાબંધન પર્વની ઉજવણી કરી તેમના પ્રત્યે સ્નેહ અને સન્માનની લાગણી વ્યક્ત કરવામાં આવશે.

આ તકે ધારાસભ્ય ઉદય કાનગડ અને શહેર ભાજપ મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રાએ જણાવેલ કે, ભારતીય સંસ્કૃતિમાં રક્ષાબંધનનું પર્વ માત્ર ભાઈના હાથે બહેન રાખડી બાંધે અને બહેનની રક્ષા કરવાનો સંકલ્પ લે એટલા પૂરતું મર્યાદિત નથી. આ પર્વ પ્રેમ, લાગણી, વિશ્વાસ, જવાબદારી અને પરસ્પર સન્માનના પવિત્ર સંબંધનું પ્રતીક છે. રક્ષા અને બંધન એમ બે શબ્દોથી બનેલું રક્ષાબંધન જીવનમાં એકબીજા પ્રત્યેની જવાબદારી અને વિશ્વાસને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપે છે. રાખડીનો નાજુક દોરો ભાઈ-બહેનના સંબંધની મજબૂતાઈ, લાગણી અને આત્મીયતાનું પ્રતીક બની જાય છે.

આંગણવાડી બહેનો સમાજના પાયાના સ્તરે રહીને બાળકોને પોષણ, આરોગ્ય, પ્રારંભિક શિક્ષણ અને માતા, બાળ કલ્યાણ સહિતની મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવે છે. સમાજના ભાવિ નિર્માણમાં તેમની ભુમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. રક્ષાબંધનના પાવન અવસરે આંગણવાડી બહેનો સાથે ઉજવણી કરવાનો મુખ્ય ઉદેશ માત્ર તહેવારની ઉજવણી કરવાનો નથી, પરંતુ તેમની મહેનત, સેવાભાવ અને સમાજ પ્રત્યેના યોગદાનને સન્માન આપવાનો પણ છે.

# ધારા રૂઘાણી ડાન્સ કંપની દ્વારા રવિવારે 'રંગરેઝ ઈશ્ક' ભવ્ય ડાન્સ પ્રોડક્શનનું આયોજન

## પ્રમુખસ્વામી ઓડિટોરિયમમાં પ્રેમની કાવ્યાત્મક નૃત્યયાત્રામાં ૧૦૦થી વધુ કલાકારો મંચ પર રજૂ કરશે નૃત્ય, અભિનય અને વાર્તાકથનનો અનોખો સંગમ

**અબતક, રાજકોટ**

ધારા રુઘાણી ડાન્સ કંપની દ્વારા એક ભવ્ય અને અનોખું ડાન્સ પ્રોડક્શન 'રંગરેઝ ઈશ્ક' રજૂ થવા જઈ રહ્યું છે. આ પ્રોડક્શન માત્ર ગીતો પર રજૂ થતી કોરિયોગ્રાફી સુધી સીમિત નથી, પરંતુ નૃત્ય, અભિનય, સંગીત અને વાર્તાકથન દ્વારા પ્રેમના ઊંડા અર્થને સમજાવતી એક સુંદર સફર છે. ભારતીય અને સમકાલીન નૃત્યશૈલીઓના સુમેળ સાથે આ પ્રસ્તુતિમાં ૧૦૦થી વધુ કલાકારો મંચ પર વાર્તાને જીવંત કરશે. પ્રેક્ષકોને આ કાર્યક્રમમાં ૧ કલાક ૧૫ મિનિટનો અવિરત નૃત્યપ્રવાહ જોવા મળશે. આ નૃત્યયાત્રામાં સાત પ્રતીકો- ફૂલ, પત્ર, અરીસો, દોરો, દીવો, ચાંદ અને પાંખો દ્વારા પ્રેમની વિવિધ અભિવ્યકિતઓ અને ભાવાત્મક સ્વરૂપોને રજૂ કરવામાં



આવશે. આ વિશેષ સાંજે સદભાવના અને એકરંગ ફાઉન્ડેશનના અગ્રણી મહેમાનો દ્વારા 'રંગરેઝ ઈશ્ક'નું સન્માન પણ કરવામાં આવશે. આ આયોજન રવિવારના રોજ સાંજે ૫:૦૦ થી ૭:૦૦ વાગ્યા દરમિયાન પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે યોજાશે, જેની ટિકિટ્સ ઓલ ઈવેન્ટ એપ પર ઉપલબ્ધ છે. આ કાર્યક્રમની વિગતો આપવા માટે ધારા રુઘાણી, સિદ્ધાર્થ લોઢિયા, રિતિકા ખખ્ખર, અનુષ્કા ખખ્ખર અને મુસ્કાન પંજાબીએ 'અબતક' કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# વિવિધ સ્પર્ધાઓમાં તાલુકા-જિલ્લા કક્ષાએ નોબલ સ્કૂલનો દબદબો: ૧૬ ખેલાડીઓની રાજ્યકક્ષાએ પસંદગી

## કબડ્ડીમાં શાનદાર દેખાવ સાથે ચાર ટીમો તાલુકા કક્ષાએ ચેમ્પિયન: એથ્લેટિક્સ, કરાટે સહિતની વ્યક્તિગત સ્પર્ધાઓમાં પણ વિદ્યાર્થીઓની નોંધપાત્ર સિદ્ધિ

**અબતક, રાજકોટ**

સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઑફ ઈન્ડિયા ([illegible]) દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન યોજાયેલી તાલુકા અને જિલ્લા કક્ષાની વિવિધ રમતગમત સ્પર્ધાઓમાં નોબલ સ્કૂલ, રાજકોટના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળાનું નામ ગૌરવભેર રોશન કર્યું છે. શાળાના ખેલાડીઓએ વિવિધ રમતોમાં શ્રેષ્ઠ દેખાવ કરી અનેક ચંદ્રકો અને સ્થાન મેળવ્યા છે.



તાલુકા કક્ષાની સ્પર્ધાઓમાં નોબલ સ્કૂલની કબડ્ડી અ-૧૪, અ-૧૭, અ-૧૯ ભાઈઓ તથા અ-૧૯ બહેનોની ટીમે પ્રથમ ક્રમ મેળવી ચેમ્પિયનશિપ પોતાના નામે કરી હતી. જ્યારે વોલીબોલ અ-૧૭ ટીમે દ્વિતીય અને અ-૧૪ ટીમે તૃતીય ક્રમ મેળવ્યો હતો. રસ્સાખેંચ અ-૧૭ ભાઈઓ અને બહેનોની ટીમે પણ તૃતીય ક્રમ મેળવી શાળાની રમતગમત સિદ્ધિઓમાં વધુ એક યશ ઉમેર્યો હતો.

એથ્લેટિક્સ અને વ્યક્તિગત સ્પર્ધાઓમાં પણ નોબલ સ્કૂલના વિદ્યાર્થીઓએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. કુગશીયા રાજવીરે ૧૦૦ મીટર દોડ અને લાંબી કૂદમાં પ્રથમ ક્રમ મેળવી બેવડી સિદ્ધિ હાંસલ કરી હતી. આસોડિયા મોક્ષાએ ૪૦૦ મીટર દોડમાં દ્વિતીય ક્રમ મેળવ્યો હતો. કુવાડિયા દિવ્યેશે ૮૨ કિલોગ્રામ કરાટે સ્પર્ધામાં દ્વિતીય ક્રમ તથા લુણસિયા પ્રિયાએ ૫૬ કિલોગ્રામ કરાટે સ્પર્ધામાં તૃતીય ક્રમ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં પણ નોબલ સ્કૂલના ખેલાડીઓનો દબદબો જોવા મળ્યો હતો. કબડ્ડી અ-૧૭ ટીમે સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી રાજ્ય કક્ષામાં પ્રવેશ મેળવ્યો હતો. કબડ્ડી અ-૧૪ ટીમે ચોથું સ્થાન મેળવી નોંધપાત્ર દેખાવ કર્યો હતો.

નોબલ સ્કૂલ માટે વિશેષ ગૌરવની બાબત એ છે કે શાળાના કુલ ૧૬ ખેલાડીઓ [illegible] કબડ્ડીની રાજ્ય કક્ષા માટે પસંદગી પામ્યા છે. રાજ્ય કક્ષાની ટીમમાં બકુત્રા આર્યન અરવિંદભાઈ, મેર ધ્રુમીલ શૈલેશભાઈ, કુગશીયા રાજવીર વાસુરભાઈ, નાંગહ આયુષ હીરાભાઈ, પાટોળીયા યુગ વિપુલભાઈ, પરમાર કુલદીપ છગનભાઈ, આલ દેવાયત વાઘાભાઈ, જાડેજા અમરદીપસિંહ નરેન્દ્રસિંહ, બોરીચા કરણ જીતેન્દ્રભાઈ, જાદવ હેત ભોળાભાઈ, સાંબડ યોગેશ લક્ષ્મણભાઈ, ડોડીયા ધર્મિષ્ઠા શિવાભાઈ તથા રોજાસરા કોમલ સંજયભાઈનો સમાવેશ થાય છે. જ્યારે સિદ્ધપુરા શ્લોક કેતનભાઈ, ગરૈયા કરણ અરવિંદભાઈ તથા આસોડિયા મોક્ષા જયેશભાઈની સ્ટેન્ડબાય તરીકે પસંદગી કરવામાં આવી છે.

નોબલ સ્કૂલના ટ્રસ્ટી મંડળ, આચાર્ય તથા સમગ્ર સ્ટાફે તમામ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવી રાજ્ય કક્ષાની સ્પર્ધાઓમાં પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરી શાળાનું નામ વધુ ઉજ્જ્વળ કરે તેવી શુભેચ્છાઓ પાઠવી છે.

# આરએસએસના સરસંઘચાલક ડો.મોહન ભાગવતનું અમેરિકામાં શાનદાર સ્વાગત

## શનિવારે ન્યૂયોર્કમાં ભારતીય-અમેરિકન સમુદાયને સંબોધશે



**અબતક, રાજકોટ**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડો. મોહન ભાગવત ત્રણ દેશોના પ્રવાસના ભાગરૂપે અમેરિકા પહોંચ્યા છે. અમેરિકા આગમન સમયે ભારતીય સમુદાય તથા સંઘ સાથે જોડાયેલા કાર્યકરોએ તેમનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું.

ડો. મોહન ભાગવતનો આ વિદેશ પ્રવાસ ૨૫ ઓગસ્ટથી શરૂ થયો છે, જેમાં અમેરિકા, કેનેડા અને બ્રિટનનો સમાવેશ થાય છે. પ્રવાસ દરમિયાન તેઓ વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી ભારતીય સંસ્કૃતિ, એકતા અને વૈશ્વિક સંવાદિતાના સંદેશ સાથે ભારતીય સમુદાય સાથે સંવાદ કરશે.

અમેરિકામાં ૨૯ ઓગસ્ટે ન્યૂયોર્કના મેડિસન સ્કવેર ગાર્ડન ખાતે યોજાનારા 'યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન' કાર્યક્રમમાં ડો. મોહન ભાગવત સંબોધન કરશે. આ કાર્યક્રમમાં ૫,૦૦૦થી વધુ ભારતીય-અમેરિકનો ઉપસ્થિત રહે તેવી અપેક્ષા છે. વિવિધ સાંસ્કૃતિક, આધ્યાત્મિક, સેવાકીય અને સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ કાર્યક્રમમાં જોડાશે. ડો. મોહન ભાગવતના અમેરિકા આગમનને લઈને ભારતીય સમુદાયમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. તેમના પ્રવાસ દરમિયાન વિવિધ કાર્યક્રમો દ્વારા ભારતીય સમુદાય સાથે સંવાદ અને સંપર્ક વધારવાનો પ્રયાસ કરવામાં આવશે.

# સ્વામિનારાયણ કન્યા ગુરૂકુલ કાગદડી દ્વારા વેસ્ટમાંથી બેસ્ટ રાખડી સ્પર્ધા યોજાઈ

## રક્ષાબંધનને દિવસે જમીનદાતા વસંતભાઈ લીંબાસીયા ગુરૂવર્ય દેવકૃષ્ણદાસજી સ્વામીને દીકરીઓ વતી રાખડી અર્પણ કરશે



**અબતક, રાજકોટ**

રાજકોટના ઢેબર રોડ ઉપર આવેલ સ્વામિનારાયણ ગુરુકુલ દ્વારા સંચાલિત સ્વામિનારાયણ કન્યા ગુરૂકુલ કાગદડી ખાતે વિદ્યાર્થીનીઓએ વેસ્ટમાંથી બેસ્ટ રુપ રાખડી બનાવી છે. રક્ષાબંધનનું પર્વ પરસ્પર પ્રેમ, આત્મીયતા અને સમર્પણ ભાવ કેળવવાનું શીખવે છે. માતા કુંતાજીએ પાંડવ-કૌરવોના યુદ્ધ સમયે રક્ષા માટે અભિમન્યુને રાખડી બાંધી હતી. દેવો દાનવોના યુદ્ધ પ્રસંગે પતિની રક્ષા માટે સતીએ ઈન્દ્રને રક્ષા બાંધી હતી. લક્ષ્મીજીએ બલિરાજાને પોતાના ભાઈ માની રક્ષાસૂત્ર બાંધી ભગવાનને બલિરાજાના બંધનથી મુક્ત કર્યા, ત્યારથી ભાઈ-બહેનના પવિત્ર પર્વ તરીકે ભારતીય સંસ્કૃતિમાં રક્ષાબંધન તહેવાર ઉજવાય છે.

રાજકોટ મોરબી રોડ કાગદડી ગામે ચાલતા કન્યા ગુરૂકુલ ની ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમની ૪૦ થી ૫૦ દીકરીયુંએ રાખડી બનાવવામાં ભાગ લીધેલ. કન્યા ગુરૂકુળ માટે ૧૮ કરોડની જમીનનું દાન કરનારા રાજકોટ ગુરુકુલના પૂર્વ વિદ્યાર્થી શ્રી વસંતભાઈ લીંબાસીયાએ કહ્યું હતું કે શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીના આદેશ અનુસાર નો મેન ઝોન,( No man zone) તરીકે આ સંકુલમાં ટ્રસ્ટીઓ સિવાય કોઈ પુરુષને પ્રવેશ અપાતો નથી.

# નિધિ સ્કૂલમાં શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ યોજાયો

## બાળકો સ્વાસ્થ્યની તપાસ કરી તેને માર્ગદર્શન અપાયું



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના વોર્ડ નંબર - ૧ ના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ નિધિ સ્કૂલમાં ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા આરોગ્ય શાખાના આરબીએસકે ટીમ દ્વારા આજ રોજ ૦ થી ૧૮ વર્ષના તમામ બાળકોના નિશુલ્ક સ્કીનિંગ, નિદાન અને સારવાર નો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો, વોર્ડ નંબર - ૧ના શ્યામનગર આરોગ્ય કેન્દ્રના ડો. વિરેન્દ્રસિંહ જાડેજા અને તેમની ટીમ દ્વારા નિધિ સ્કૂલના કે.જી થી ધોરણ-૮ સુધીના વિદ્યાર્થી ભાઈ બહેનો આરોગ્ય તપાસણી કરવામાં આવેલ હતી, તેમજ વિદ્યાર્થીઓમાં હિમોગ્લોબિનની તપાસ પણ સ્થળ પર જ આરોગ્ય આરોગ્ય કેન્દ્રની ટીમ દ્વારા કરવામાં આવેલ હતી, વિદ્યાર્થીઓને આંખની તકલીફ, કાનની તકલીફ, પેટની તકલીફની તપાસ કરી તેના વિશે માહિતગાર કરવામાં આવેલ હતા, તેમજ શરીરની સ્વસ્થતા માટે શું કરવું જોઈએ તેની માહિતી આરોગ્ય વિભાગની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને પૂરી પાડવામાં આવેલ હતી, નિધિ સ્કૂલના મેનેજીંગ ટ્રસ્ટી યશપાલસિંહ ચુડાસમા, પ્રિન્સિપાલ બીના ગોહેલ, કાજલબા ચુડાસમા,હર્ષદ રાઠોડ તેમજ સ્કૂલનો શિક્ષક ગણ હાજર રહેલ હતો.

## સ્વપ્નથી સિદ્ધિ: એસ.આઈ.પી.થી સમૃદ્ધિ સુધી

# એસ.આઈ.પી. થકી લાંબા ગાળાના રોકાણથી સર્જાશે મોટી સંપત્તિ

**અબતક, રાજકોટ**

દરેક વ્યક્તિના જીવનમાં કોઈને કોઈ નાણાકીય સ્વપન હોય છે. કોઈને પોતાનું ઘર બનાવવું છે, કોઈને બાળકોના ઉચ્ચ શિક્ષણ માટે આયોજન કરવું છે, કોઈને નિવૃત્તિ પછીનું જીવન આર્થિક રીતે સુરક્ષિત બનાવવું છે, તો કોઈને પોતાના પરિવાર માટે સંપત્તિ ઊભી કરવી છે. સ્વપન જોવું સરળ છે, પરંતુ તેને સિદ્ધિમાં બદલવા માટે યોગ્ય આયોજન, શિસ્ત, સમય અને સૌથી મહત્વપૂર્ણ - ધીરજ જરૂરી છે. આ જ સફરમાં એસઆઈપી એટલે કે સીસ્ટમેટીક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. એસઆઈપી એટલે પોતાની ક્ષમતા અને નાણાકીય લક્ષ્ય પ્રમાણે એક નક્કી કરેલી રકમ નિયમિત અંતરે, સામાન્ય રીતે દર મહિને, મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાની પદ્ધતિ. તેની ખાસિયત એ છે કે રોકાણ કરવા માટે હંમેશા મોટી રકમ એકસાથે હોવી જરૂરી નથી. પોતાની ક્ષમતા પ્રમાણે નાની રકમથી શરૂઆત કરીને પણ લાંબા ગાળાના લક્ષ્ય તરફ નિયમિત રીતે આગળ વધી શકાય છે.

ભારતમાં એસઆઈપી પ્રત્યે રોકાણકારોની સમજ અને સ્વીકૃતિ સતત વધી રહી છે. એએમએફઆઈના જુલાઈ ૨૦૨૬ના સત્તાવાર આંકડા મુજબ, માત્ર જુલાઈ મહિનામાં એસઆઈપી મારફતે રૂા.૩૧,૯૬૧ કરોડનું રોકાણ થયું હતું. ૩૧ જુલાઈ ૨૦૨૬ના રોજ ભારતીય મ્યુચ્યુઅલ ફંડ ઈન્ડસ્ટ્રીનું કુલ એયુએમ રૂા.૮૫.૭૬ લાખ કરોડ હતું અને કુલ ફોલિયો ૨૮.૦૯ કરોડ સુધી પહોંચ્યા હતા. આ આંકડાઓ માત્ર મોટી રકમો દર્શાવતા નથી, પરંતુ નિયમિત અને લાંબા ગાળાના રોકાણ તરફ ભારતીય રોકાણકારોની વધતી




જતી સમજને પણ દર્શાવે છે.

એસઆઈપીની સાચી તાકાત માત્ર દર મહિને પૈસા રોકવામાં નથી. તેની સાથે જોડાયેલી છે સમયની તાકાત અને ચક્રવૃદ્ધિ એટલે કે ઈજ્ઞળાજ્ઞીક્ષમશક્ષલ. જ્યારે રોકાણમાંથી મળતું વળતર ફરીથી રોકાણમાં જોડાય છે અને સમય જતાં તે વળતર પર પણ વળતર મળવાની સંભાવના ઊભી થાય છે, ત્યારે લાંબા ગાળે સંપત્તિ નિર્માણની પ્રક્રિયા વધુ શક્તિશાળી બની શકે છે. જોકે ચક્રવૃદ્ધિ કોઈ જાદુ નથી; તેને અસરકારક બનવા માટે સૌથી મહત્વની વસ્તુ છે - સમય.

રોકાણમાં સફળતા માત્ર કેટલું કમાયા? એ પ્રશ્નથી નક્કી થતી નથી. વધુ મહત્વનો પ્રશ્ન છે - શું મેં મારા લક્ષ્ય પ્રમાણે યોગ્ય સમયે શરૂઆત કરી, નિયમિતતા જાળવી અને સમયને મારી સાથે કામ કરવા દીધો? બજારની દરેક હલચલ ઓળખવી શક્ય નથી, પરંતુ પોતાની શિસ્ત અને પોતાના નિર્ણય પર નિયંત્રણ રાખવું ચોક્કસ શક્ય છે. મ્યુચ્યુઅલ ફંડનું રોકાણ બજારના જોખમોને આધીન છે, યોજના સંબંધિત તમામ દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચવા જોઈએ.

આથી, રોકાણમાં મોટો નફો શોધવા કરતાં લાંબા સમય સુધી શિસ્ત જાળવવી વધુ મહત્વપૂર્ણ છે. બજારને હરાવવાની કોશિશ કરતાં પોતાના નાણાકીય લક્ષ્ય સુધી પહોંચવાની દિશામાં સતત આગળ વધવું વધુ મહત્વનું છે.

આ ઍરોકાણમાં સૌથી મોટી તાકાત પૈસાની નથી, ધીરજની છે. કારણ કે પૈસા શરૂઆત કરાવે છે, પરંતુ સમય અને શિસ્ત તેને વૃદ્ધિ તરફ લઈ જાય છે.

# પવિત્ર શ્રાવણ માસમાં મહાદેવને ઘીનો વિશિષ્ટ શણગાર: દર્શનાર્થે મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા



**અબતક, રાજકોટ**

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે રાજકોટના પ્રાચીન પંચનાથ મહાદેવ મંદિરે આજે મહાદેવના વિશિષ્ટ ઘીના દર્શન યોજાયા હતા. ભગવાન શિવલિંગને ઘીથી સુંદર શણગાર કરવામાં આવતા મંદિર પરિસરમાં ભક્તિમય માહોલ છવાયો હતો.

વહેલી સવારથી જ પંચનાથ મહાદેવના દર્શન માટે ભક્તોની અવરજવર જોવા મળી હતી. ભક્તોએ શ્રદ્ધાભેર મહાદેવના ઘીના દર્શન કરી પૂજા-અર્ચના અને પ્રાર્થના કરી ધન્યતા અનુભવી હતી. શ્રાવણ માસ દરમિયાન રાજકોટના પંચનાથ મહાદેવ સહિતના શિવાલયોમાં વિશેષ પૂજા, અભિષેક અને શણગારના ધાર્મિક આયોજનો થઈ રહ્યા છે. ઘીના વિશિષ્ટ શણગારના દર્શન કરવા આવેલા શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મંદિર પરિસર 'હર હર મહાદેવ' અને 'ૐ નમઃ શિવાય'ના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું. શ્રાવણ માસ દરમિયાન પંચનાથ મહાદેવ મંદિરે વિશેષ ધાર્મિક આયોજનને કારણે ભક્તોમાં વિશેષ આસ્થા જોવા મળી રહી છે.

# મોબાઈલ ટાવરમાંથી રિમોટ યુનિટ ચોરીમાં મેરઠનો સૂત્રધાર અને બે સાગરીત ઈન્દોરથી ઝબ્બે: રશિયા સુધી નેટવર્ક

## શાપરમાં ઈન્ડસ ટાવરમાંથી રૂ.૧.૨૦ લાખના નોકિયા આરઆરયુની ચોરી: પાવર ચાલુ હોય ત્યારે વાયર કાપી ડિવાઈસ ઉતારી લેતા, દિલ્હીથી વિદેશ મોકલતા હોવાની કબૂલાત



### રાજકોટના વોડાફોનના બે એન્જિનિયર ટીપ આપતા હતા: PI આર.બી. રાણાની ટીમે ટેકનિકલ સોર્સથી ભેદ ઉકેલ્યો, ધરપકડ આંક સાત

**અબ તક,રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યભરમાં મોબાઈલ ટાવરથી રીમોર્ટ યુનિટ ચોરતી ગેંગનો શાપર પોલીસે પર્દાફાશ કર્યા બાદ મેરઠના મુખ્ય સૂત્રધાર અને જમ્મુના બે સાગરીતને ઈન્દોરથી ઝડપી લીધા છે. સાપર વેરાવળ ઔદ્યોગિક વિસ્તારમાં ઈન્ડસ કંપનીના મોબાઈલ ટાવરમા નોકીયા કંપનીના બે એઝેડએનએ રીમોર્ટ રેડીયો યુનિટ રૂ.૧.૨૦ લાખના જે ટાવર ઉપર ચડીને વાયરીંગ કટ કરી ચોરી ગયા અંગેની નોંધાયેલી ફરિયાદ નો ભેદ ઉકેલવા છે. શાપર પીઆઈ આર.બી.રાણાની ટીમો બનાવી ટેકનીકલ સોર્સ તેમજ હ્યુમન ઈન્ટેલીજન્સ આધારે આરોપીઓની તપાસ કરી ફારૂક ઉર્ફે ફરમાન ઉર્ફે કાળુ અયુબખાન અન્સારી (ઉ.વ.૨૮, રહે.રતોલી, મેરઠ, ઉતરપ્રદેશ), સંગ્રામસિંગ ઉર્ફે વિશાલ પાજી લહેરસિંગ રાજપુત (ઉ.વ.૩૧, ધંધો વોડાફોન કંપનીમાં એન્જીનીયર, રહે, રાજકોટ, ગોપાલચોક, નટરાજ સોસા. મુળ રહે.કાંજલી, જમ્મુ) અને સુમીતસિંગ શ્યામસિંગ રાજપુત (ઉ.વ.૨૭, ધંધો એન્જીનીયર રહે. રાજકોટ, ગોપાલચોક, નટરાજ સોસા. મુળ રહે.સોપાનુ, રાજય જમ્મુ) ની બાતમી મળતા તુરત જ વર્ક આઉટ કરી આરોપીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામા આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે, પકડાયેલ આરોપીઓ અલગ અલગ મોબાઈલ ટાવરોમાં નેટવર્ક કનેકટીવીટી માટે લગાવેલ અતિસંવેદનશીલ ડીવાઈસ એઝેડએનએ રીમોર્ટ રેડીયો યુનિટ ચાલુ હોય તે દરમિયાન ટાવર પર ચડી ડીવાઈસમાં લગાવેલ ઈલેકટ્રીક વાયરો ચાલુ પાવર દરમ્યાન કટ કરી પાના પકડો વડે ડીવાઈસ ટાવરથી અલગ કરી ડીવાઈસ સાથે ટાવર પરથી નીચે ઉતરી મોબાઈલ ટાવરના ફકત અતિસંવેદનશીલ ડીવાઈસ એઝેડએનએ રીમોર્ટ રેડીયો યુનિટની છેલ્લા બે માસથી ગુજરાત રાજયના અલગ અલગ શહેરો જેમાં અમદાવાદ તથા રાજકોટ ખાતેથી ચોરીઓ કરી આ ડીવાઈસ કુરીયર સર્વિસ મારફતે અલગ અલગ શહેરોમાંથી પોતાના મળતીયાઓ મારફતે દિલ્લી મોકલાવી દિલ્લીથી આ ડીવાઈસ એક્ષપર્ટ માણસો દ્વારા રશીયા સહિતના વિદેશમાં અલગ અલગ જગ્યાઓએ મોકલતા હોવાની કબુલાત આપેલ છે

મોબાઈલ ટાવરમાં નોકરી કરતાં એન્જિનિયર અને હાલ રાજકોટના ગોપાલ ચોકમાં રહેતાં મૂળ જમ્મુના વતની વિશાલ રાજપુત અને સુમીતસિંગ રાજપુત ટીપ આપતાં હતાં. જે બાદ ગેંગના સાગરીતો ચોરીને અંજામ આપી મેરઠના શખ્સ સુધી ચોરેલ ડિવાઈસ પહોંચાડતા હતાં.અત્રે ઉલ્લખેનીય છે કે, આ ચોરી પ્રકરણમાં અગાઉ જયદીપ વલ્લભ બાવળીયા (ઉ.વ.૨૩, ધંધો ડ્રાઈવીંગ રહે.માનસરોવર, મહીકા મેઈન રોડ, જે.કે.રેસીડન્સી, રાજકોટ, મુળ રહે.ધારેઈ, ચોટીલા), રાહુલ સુરેશ સતવાણી (ઉ.વ.૨૦, (રહે.ધારેઈ, ચોટીલા) અને ધર્મેશ ધીરૂ મેવાસીયા, કોળી (ઉ.વ.૨૦ રહે.નાની લાખાવાડ, જસદણ) અને સચીન મીરસીંગ પુનીયા (જાટ) (ઉ.વ. ૨૫ કાલરી ગામ, રાજગઢ, જી. ચુરૂ, રાજસ્થાનની ધરપકડ કરાઈ હતી.

# યુવાનના નામે એક્ટિવા અને આઈફોનની લોન કરાવી રેલનગરનો શખસ રફુચક્કર

## કોટેચ્યા ચોકના વેપારીને શો-રૂમ બહાર બેસાડી પત્ની સાથે મોબાઈલ ખરીદી કરી ફરાર: નિશીત મહેતા સામે ગુનો નોંધી તપાસ શરૂ

**અબતક, રાજકોટ**

શહેરના ગાંધીનગર સોસાયટીમાં રહેતા વેપારી યુવાનના નામે એક્ટિવા અને મોંઘેરા મોબાઈલની લોન કરાવી રેલનગરના શખસે છેતરપિંડી કર્યાની તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. ‘‘મારો સિબિલ સ્કોર ખરાબ છે, તું તારા નામે લોન કરાવી આપ, હું તને દોઢ લાખ આપીશ‘‘ તેમ કહી વાહન અને મોબાઈલ મેળવી લઈ ન પૈસા આપ્યા કે ન લોનના હપ્તા ભર્યા.

ગાંધીનગર સોસાયટી શેરી નં.૫ અમથીબા વિદ્યાલય પાસે રહેતા ધાર્મિક મહેશભાઈ મોરવાડિયા (ઉ.વ.૨૩)એ તાલુકા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં રેલનગરના નિશીત મહેતાનું નામ આપ્યું છે. ધાર્મિક કોટેચા ચોકથી અમીન માર્ગ તરફ જતા રોડ પર સદગુરુ નામની કાપડની દુકાન ચલાવે છે.બે વર્ષ પહેલા લોનની જરૂરત પડતા તે યાજ્ઞિક રોડ પર રામકૃષ્ણ મંદિર સામે આવેલી દુકાને લોન લેવા ગયો ત્યારે નિશીત મહેતા સાથે પરિચય થયો હતો અને તેણે લોન કરાવી આપી હતી. ત્યારથી ઓળખાણ હતી. ગત તા.૩-૭-૨૦૨૬ના ફરી પૈસાની જરૂર પડતા ધાર્મિકે નિશીતને ફોન કર્યો ત્યારે નિશીતે કહ્યું કે મારો સિબિલ સ્કોર ખરાબ છે, લોન થતી નથી. તું તારા નામે લોન કરી એક્ટિવા અને આઈફોન મને લઈ આપ, હું તને દોઢ લાખ આપીશ.બાદમાં તા.૧૦ જુલાઈ ૨૦૨૬ના નિશીતનો ફોન આવ્યો અને કહ્યું કે તું કે.કે.વી. હોલ પાસે આવેલ પંજાબ હોન્ડાના શો-રૂમ પાસે ડોકયુમેન્ટ લઈને આવ, એક્ટિવા લેવાનું છે. યુવાન ત્યાં ગયો ત્યારે તેના નામે રૂ.૭૯,૮૫૮ની લોન કરાવી એક્ટિવા ખરીદ્યું હતું. ત્યારબાદ નિશીતે કહ્યું કે તું અહીં બેસ, હું ગોંડલ રોડ પર આવેલ કેસિફાઈ મોબાઈલ શો-રૂમમાં મોબાઈલ લેવા જાઉં છું, તારા ફોનમાં ઘઝઙ આવે એટલે આપજે. ત્યારબાદ નિશીત અને તેની પત્ની બંને જતા રહ્યા.ત્યાં તેણે રૂ.૭૯,૨૯૧માં આઈફોન પ્રો ખરીદ્યો અને રૂ.૨૮,૦૦૦ ડાઉન પેમેન્ટ રોકડા આપ્યાનું કહી બાકીની રકમની લોન ધાર્મિકના નામે કરાવી હતી. રાતના દસ વાગ્યે ધાર્મિક અમીન માર્ગ પર હતો ત્યારે ફોન કરતા નિશીતે બેંક એકાઉન્ટ નંબર અને ઈંર્જ્ઞ્જઈ કોડ માંગ્યા, જે ધાર્મિકે મોકલી આપ્યા.ત્યારબાદ પૈસાની માંગણી કરવા છતાં નિશીતે પૈસા આપ્યા ન હતા. મોબાઈલ અને એક્ટિવા પણ પરત ન આપતા અને હપ્તા ન ભરતા પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું લાગતા ધાર્મિકે નિશીત મહેતા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ આધારે તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જેતપુરના ખીરસરા ગામે ધો.૧૦ પાસ નકલી ડોક્ટર દબોચ્યો

## ટેબ્લેટ, ઈન્જેક્શન, સિરીંજ સહિત રૂ.૧૬ હજારનો મુદ્દામાલ કબજે, જૂનાગઢના બોગસ તબીબ પાસે અનુભવ લઈ ખુદનું ક્લિનિક શરૂ કર્યું

**અબતક,રાજકોટ**

જેતપુર તાલુકાના ખીરસરા ગામે મેડિકલ ડીગ્રી વગર લોકો સાથે આરોગ્ય સાથે ચેડા કરનાર નરેશ રાણાપરીયાને એસઓજીએ દબોચી લીધો હતો. બોગસ તબીબ પાસેથી અનુભવ મેળવ્યા બાદ આઠ વર્ષથી કલિનિક ચલાવીં લોકોની સારવાર કરતો હતો. જાણવા મળતી વિગતો મુજબ, રાજકોટ જિલ્લામાં બોગસ તબીબો નો રાફડો ફાટ્યો હોય અને લોકોની આરોગ્ય સાથે ચેડા કરતા હોવાની એસપી વિજયસિંહ ગુર્જર ને ધ્યાને આવતા અને કલાક સાથે ડામી દેવા આપેલી સુચના ને પગલે એસઓજી પીઆઈ એફ.એ.પારગીની રાહબરીમાં પીએસઆઈ પી.બી.મિશ્રા ટીમ તથા ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમિયાન એએસઆઈ પરબતભાઈ શામળા, કોન્સ્ટેબલ ચિરાગભાઈ કોઠિવાર, રઘુભાઈ ત્રક્ટાને એવી બાતમી મળી હતી કે, જેતપુરના ખિરસરા ગામ નરેશ શાંતી રાણાપરીયા નામનો શખસ પોતે કોઈપણ મેડીકલ ડીગ્રી ધરાવતો ન હોવા છતા એલોપેથિક કલિનિક ચલાવે છે. જે બાતમીના આધારે ટીમે મેડિકલ ઓફિસરને સાથે રાખી દરોડો પાડ્યો હતો.તેની પુછતાછ કરતા તેણે પોતાનું નામ નરેશ શાંતી રાણાપરીયા (ઉ.વ.૫૦, રહે.

મુળ ડોબરીયા વાડી, અમરનગર રોડ, ગૌશાલા વાળી શેરી, જેતપુર) હોવાનું જણાવ્યું હતું. આ શખસ પાસે મેડીકલ પ્રેકટીસને લગતી કોઇ ડીગ્રી ન હોય અને છેલ્લા આઠેક વર્ષથી પોતે આ કલિનિકચલાવતો હોવાનુ જણાવેલ હતું. ટેબ્લેટસ, ઈન્જેકશનો, સીરીજ, નીડલ તથા મેડીકલ પ્રેકટીશને લગતા અન્ય સાધનો તથા દવાઓ મળી આવેલ હતી.

પોલીસે કુલ રૂ.૧૬ હજારથી વધુની દવાઓ અને મેડિકલ સાધનો કબ્જે કરી બોગસ તબીબ નરેશ રાણપરિયાની ધરપકડ કરી હતી. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં પકડાયેલ શખસે ધોરણ ૧૦ સુધીનો જ અભ્યાસ કર્યો છે અને તેને જૂનાગઢના બોગસ તબીબ પાસેથી મેડિકલ સારવારનો અનુભવ મેળવી કલીનીક શરૂ કરી દીધુ હતું. જો કે જૂનાગઢનો બોગસ તબીબ હાલ અવસાન પામ્યો હોવાનું સામે આવ્યું છે.

# બહુચર્ચિત રાજુ સોલંકી પુત્ર પર હુમલા કેસમાં ગણેશ ગોંડલ સહિત ૧૧ આરોપી દોષમુક્ત

## ૨૦૨૫ના બનાવમાં હત્યાની કોશિશ, અપહરણ, એટ્રોસિટી હેઠળ ગુનો નોંધાયો હતો: દેવાંગનું કારમાં અપહરણ કરી ગોંડલ લઈ જઈ ઢોર માર માર્યાનો આરોપ હતો

### રાજુ સોલંકી અને જયરાજસિંહ વચ્ચે સમાધાન: જૂનાગઢ ડિસ્ટ્રિક્ટ કોર્ટનો ચુકાદો, ગણેશ ગોંડલને મોટી રાહત

**અબતક, રાજકોટ**

સોરઠ સહિત સૌરાષ્ટ્રભરના બહુચર્ચિત રાજુ સોલંકીના પુત્રને માર મારવા અને અપહરણ કેસમાં જૂનાગઢની ડિસ્ટ્રિક્ટ કોર્ટે પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના પુત્ર ગણેશ ગોંડલ સહિત તમામ ૧૧ આરોપીઓને નિર્દોષ જાહેર કરી દોષમુક્ત કર્યા છે. બંને પક્ષોએ કોર્ટમાં સમાધાન થયું હોવાની જુબાની આપતા કોર્ટે આ ચુકાદો આપ્યો છે.

આ અંગે મળતી માહિતી . જૂનાગઢ શહેરના દાતાર રોડ પર દેવાંગ રાજુ સોલંકી સાથે ૩૦ મે ૨૦૨૫ ના રોજ માથાકૂટ થઈ હતી. ફરિયાદ અનુસાર, દેવાંગ સોલંકીનું કાર મા અપહરણ કરી તેને ગોંડલ લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેને ઢોર માર મારવામાં આવ્યો હતો અને જાનથી મારી નાખવાની કોશિશ કરવામાં આવી હતી. આ ઘટના બાદ સમગ્ર સૌરાષ્ટ્રમાં ચકચાર મચી ગઈ હતી અને જૂનાગઢ સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગણેશ જાડેજા અને તેમના સાથીદારો સામે ઈંર્જ્ઞ્જની ગંભીર કલમો જેવી કે અપહરણ, હત્યાનો પ્રયાસ, મારામારી તેમજ એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.પોલીસે આ કેસમાં ત્વરિત કાર્યવાહી કરીને મુખ્ય આરોપી ગણેશ જયરાજસિંહ જાડેજા, જશપાલસિંહ ઉર્ફે જે.કે. રાણા, ઈન્દ્રજીતસિંહ ઉર્ફે ઈન્દુભા જાડેજા, પૃથ્વીરાજસિંહ ઉર્ફે પુથુભા જાડેજા, દિગપાલસિંહ ઉર્ફે દિગુભા જાડેજા, સમીર ઉર્ફે પોલાસ, અકરમ તર્કવાડીયા અને રમીશ પઠાણ સહિત કુલ ૧૧ આરોપીઓની ધરપકડ કરી હતી.

આ તમામ આરોપીઓ લાંબા સમય સુધી જેલમાં રહ્યા હતા અને બાદમાં જામીન પર મુકત થયા હતા.આ કેસની જૂનાગઢની સેશન્સ કોર્ટમાં સુનાવણી ચાલી રહી હતી ત્યારે જ ફરિયાદી રાજુ સોલંકી અને આરોપી પક્ષ વચ્ચે સામાજિક આગેવાનોની મધ્યસ્થીથી સમાધાન થઈ ગયું હતું. આજે કોર્ટ કાર્યવાહી દરમિયાન ફરિયાદી દેવાંગ સોલંકી અને મુખ્ય સાક્ષીઓએ પોતાની જુબાનીમાં બંને પક્ષો વચ્ચે સમાધાન થઈ ગયું હોવાની વાતને કોર્ટ સમક્ષ સમર્થન આપ્યું હતું. સાક્ષીઓ પોતાની અગાઉની ફરિયાદથી ફરી ગયા હતા.સરકારી વકીલની દલીલો અને બચાવ પક્ષની રજૂઆતો સાંભળ્યા બાદ જૂનાગઢ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે તમામ કાનૂની પરિસ્થિતિઓ, સાક્ષીઓની ફેરવાયેલી જુબાની અને પક્ષકારો વચ્ચે થયેલા આંતરિક સમાધાનને ધ્યાને રાખીને તમામ ૧૧ આરોપીઓને નિર્દોષ જાહેર કરી મુક્ત કરવાનો ચુકાદો આપ્યો છે.આ ચુકાદાથી ગણેશ ગોંડલ અને તેના પરિવારને મોટી રાહત મળી છે

# જુગારીઓ પર પોલીસની ધોંસ: રેલનગર, ટાગોર રોડ, મારૂતિનગર, નવલનગર અને હેવન હાઈટ્સમાં જુગારના દરોડા

## ૨૭ મહિલા સહિત ૪૧ શકુની પત્તા ટીંચતા ઝડપાયા,રૂ.૨.૨૪ લાખ રોકડ કબજે કર્યા

**અબતક, રાજકોટ**

શહેરમાં જાણે શ્રાવણીયા જુગારની મોસમ ખીલી ઉઠી હોય છે ત્યારે મહિલાઓ પણ પુરુષ સમોવડી બની જુગાર રમતી હોય છે. જેમાં શહેર પોલીસે ટાગોર રોડ પર આવેલા તેજસ એપાર્ટમેન્ટમાં, રેલનગરમાં કૃષ્ણ વર્મા ટાઉનશિપમાં, એરપોર્ટ રોડ પર આવેલા મારુતિ નગર નજીક અંબિકા એપાર્ટમેન્ટમાં, નવલ નગરમાં શનેશ્વર એપાર્ટમેન્ટમાં અને જીવરાજ પાર્ક નજીક આવેલા હેવન હાઈટ્સમાં ચાલતા જુગાર ધામ પર દરોડા પાડી, જુગારના પટમાંથી રૂ.૨.૨૪ લાખના મુદ્દામાલ સાથે ૨૭ મહિલા સહિત ૪૧ પતા પ્રેમીને પત્તા ટીંચતા ઝડપી લીધા છે.

શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ શહેરમાં દારૂ અને જુગાર સહિતની બદીઓ નાબૂદ કરવા આપેલી સૂચનાના પગલે, એ ડિવિઝન પોલીસની ટીમે ટાગોર રોડ પર આવેલા તેજસ એપાર્ટમેન્ટ ફ્લેટ નંબર ૧૦ માં રહેતો રાહુલ ડાયાભાઈ નકુમના ફ્લેટમાં જુગારનો દરોડો પાડી , જુગાર રમતો રાહુલ સહિત ભૂમિત વસંતભાઈ ભલાણી, રામ હરદાસભાઈ વાજા, દિપક બુદ્ધગીરી બાવાજી અને રમેશ સામતભાઈ મકવાણા નામના શખ્સોને રૂ.૨૬.૮૦૦ની રોકડ સાથે ઝડપી લીધા છે. જુગારનો બીજો દરોડો પ્ર. નગર પોલીસની ટીમે રેલ નગરમાં આવેલા કૃષ્ણવર્મા ટાઉનશીપ વીંગ નંબર ૨૦૨ માં રહેતા ઈશા બેન અક્ષય ભાઈ પરમારના ફ્લેટમાં પાડી જુગાર રમતા ઈશાબેન સહિત નીતાબેન દીપકભાઈ શિંદે, મિતલબેન જગદીશભાઈ બાલા, તારાબેન ધવલભાઈ ચાવડા, રમાબેન દેવજીભાઈ પરમાર, શીતલબેન મનીષભાઈ ભરાડ, પુનમબેન ધર્મેશભાઈ ભટાર, જ્યોતિબેન પ્રફુલભાઈ, સ્નેહાબેન રાજેશભાઈ પરમાર, નિશાબેન ભદ્રેશભાઈ ચાવડા અને નીલમબેન કૃષ્ણભાઈ શ્રીમાળી નામની મહિલાઓને રૂ.૧૫ હજારની રોકડ સાથે જુગાર રમતી ઝડપે લીધી છે. તેમજ મારુતિ નગર એરપોર્ટ રોડ પર આવેલા અંબિકા એપાર્ટમેન્ટ ૧૦૩માં રહેતા શાલીન બેન દીપકભાઈ મહેતા ના ફ્લેટમાં પાડી જુગાર રમતા, સારલીનબેન સહિત રીનાબેન વિનુભાઈ લુહાર, અંજનીબેન તેજપાલસિંહ પરમાર, જાગૃતીબેન રાજુભાઈ કોટક, જીજ્ઞાબેન ધર્મેશભાઈ પટેલ અને અક્ષય મનોજભાઈ સિંધી નામના પરતા પ્રેમીઓને ઝડપી લઈ જુગાના પટમાંથી ૭૫ હજારની રોકડ અને ચાર મોબાઈલ મળી રૂ.૧.૦૬ લાખનો મુદ્દામાલ પ્ર.નગર પોલીસની ટીમે કબ્જે કર્યો છે.

જુગારનો ચોથો દરોડો માલવિયા નગર પોલીસે, નવલ નગર શેરી નંબર ૦૫ નજીક સનેશ્વર એપાર્ટમેન્ટ ફ્લેટ નંબર ૧૦૨ માં રહેતા ધર્મેશભાઈ ઉર્ફે ધમો મૈસુરભાઈ પિઠીયા ના ફ્લેટમાં પાડી જુગાર રમતો ધર્મેશ ઉર્ફે ધમો સહિત ભૂમિત રાજેશભાઈ કાલરીયા, જીગર પ્રવીણભાઈ મણવર, શુભમ રમેશભાઈ પાંભર, દિપક મહેશભાઈ પાંભર, દીપેન બીપીનભાઈ રાજાણી અને જગદીશ ઉગાભાઈ ચૌહાણ નામના પતા પ્રેમીઓને ઝડપી લઈ જુગારના પટમાંથી રૂ.૫૫ હજારની રોકડ કબ્જે કરી છે.જુગારનો પાંચમો દરોડો રાજકોટ તાલુકા પોલીસની ટીમે જીવરાજ પાર્ક નજીક આવેલા હેવન હાઈટ્સ ૧૦૦૨ નંબરના ફ્લેટમાં રહેતા નુતનબેન હિમાંશુભાઈ પટેલના ફ્લેટમાં પાડી, જુગાર રમતા નુતનબેન, સવિતાબેન ગિરીશભાઈ પટેલ, શારદાબેન નારણભાઈ પટેલ, જ્યોત્સનાબેન અશોકભાઈ અમૃતિયા, હંસાબેન ભગવાનજીભાઈ માકડીયા, બ્રિન્દાબેન મયંકભાઈ માકડીયા, જયશ્રીબેન ચિરાગભાઈ ગડારા, ક્રિસ્ટલ બેન ભૌતિકભાઈ કણસાગરા, નયનાબેન સચિનભાઈ કંટારીયા, વનિતાબેન અરજણભાઈ પટેલ અને ક્રિષ્નાબેન પીન્ટુભાઈ પટેલ નામની મહિલાઓને ઝડપી લઈ, જુગાર ના પટમાંથી રૂ. ૨૧.૬૦૦ ની રોકડ સાથે ઝડપી લીધી છે.

# પાળ રોડ પર લાલુભાઈ પારેખ ટાઉનશિપમાં યુવક ઝેરી દવા પી આપઘાત

## તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી: પરિવારમાં કલ્પાંત છવાયો, કારણ અંકબંધ

**અબતક, રાજકોટ**

શહેરના મવડી પાળ રોડ પર રહેતા ૩૫ વર્ષે યુવાને ગઈકાલે સવારે પોતાના ઘરે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તાત્કાલિક અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો સારવાર મળે તે પહેલાં જ તબીબે યુવાને મૃત જાહેર કરતા ઘટના સ્થળે તાલુકા પોલીસ સ્ટેશન ની ટીમ દોડી ગઈ હતી અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ શહેરના મવડી રોડ પર શિવ ટાઉનશિપની સામે લાલભાઈ પારેખ ટાઉનશિપમાં રહેતા ધર્મેશભાઈ કીર્તિકુમાર વોરા ઉંમર વર્ષ ૩૫ વર્ષીય યુવાને ગઈ કાલે સવારે સાત વાગે આસપાસ પોતાના ઘરે હતો ત્યારે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો સારવાર મળે તે પહેલા તબીબે યુવાનને મૃત જાહેર કરતા ઘટના સ્થળે તાલુકા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે આપઘાતનું કારણ હજુ સુધી અકબંધ છે મૃતક બે ભાઈ માં નાનો અને એક બેન છે જુવાનજોધ યુવકના મોતથી પરિવારમાં કલ્પાંત છવાયો હતો આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# રૈયારોડ પર સદગુરૂ તીર્થધામમાં આધેડનું શંકાસ્પદ હાલતમાં મોત

## ગાંધીગ્રામ પોલીસે મૃતદેહને ફોરેન્સિક પીએમ અર્થે ખસેડ્યો: કારણ અકબંધ

**અબતક, રાજકોટ**

રૈયા રોડ પર સદગુરુ તીર્થધામ રહેતા ૪૭ વર્ષીય આધેડ પોતાના ઘરે હતા ત્યારે કોઈ કારણોસર બેભાન થતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા સારવાર મળે તે પહેલા તબીબે આધેડને મૃત જાહેર કરતા ઘટના સ્થળ પર ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને ફ્રોરેન્સિક પીએમ અંગે ખસેડવામાં આવ્યો હતો આ અંગે ડોકટરને મૃતકને પોઈઝન કારણે મોત થયાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે આ અંગે મળતી માહિતી મુજબ શહેરના રૈયા રોડ પર સદગુરુ તીર્થધામમાં રહેતા કલ્પેશભાઈ નટવરલાલ ભીમજીયાણી ઉંમર વર્ષ ૪૭ વર્ષે આધેડ ગઈકાલ રાત્રે પોતે કર્યા હતા ત્યારે કોઈ કારણસર બેભાન થઈ જતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર મળે તે પહેલા જ તબીબે આધેડને મૃત જાહેર કરતા ઘટના સ્થળ પર ગાંધીગ્રામ પોલીસે મથક નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને ફોરેન્સિક પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક પોતે બેન સાથે રહેતા હોય અને અપરણિત હોય અને મોતનુ કારણ હજુ સુધી અકબંધ છે આ અંગે ડોકટર ને પોઈઝનની શંકા જતા પોલીસે ફોરેન્સિક પીએમ કરાવ્યું છે આધેડના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ હતી આ અંગે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના પીએસઆઇ પિઠીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે

# બસ સ્ટેન્ડ નજીક પર્લ હોટલમાં જામનગરના યુવાને ઝેરી દવા ગટગટાવી

## એ ડિવિઝન પોલીસ વધુ તપાસ હાથ ધરી: યુવક સારવાર હેઠળ

**અબતક, રાજકોટ**

શહેરના બસ સ્ટેન્ડ પાસે ધ પર્લ હોટલમાં જામનગરથી આવેલ પ્રવાસી ૨૫ વર્ષે યુવાને અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ હતા એ ડિવિઝન પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને વધુ તપાસ હાથ ધરી છે

આ અંગે મળતી માહિતી મુજબ જામનગર ગુલાબ નગરમાં રહેતા અને રાજકોટ શહેર બસ સ્ટેન્ડ પાસે ધ પર્લ હોટલમાં પ્રવાસી તરીકે રોકાયેલા રવિભાઈ બાવનજીભાઈ સાકરીયા ઉંમર વર્ષ ૨૫ વર્ષીય યુવાને ગઈકાલ રાતના ૧૧:૦૦ વાગ્યા આસપાસ ધ પર્લ હોટલમાં હતા ત્યારે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા ઘટનાની જાણ થતા એ ડિવિઝન પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને યુવકના આપઘાતના પ્રયાસનું કારણ હજુસુધી અકબંધ છે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે

# લાયસન્સ વગર સનાતન સિક્યુરિટી એજન્સી ચલાવતા સંચાલક સામે કાર્યવાહી

## રેસકોર્સ રીંગ રોડ પર પ્રાઈડ એમ્પાયર પાસે યુનિફોર્મધારી ગાર્ડની પૂછપરછમાં ભાંડો ફૂટ્યો: ગાર્ડ રાખ્યા અંગે પોલીસને જાણ ન કરી

**અબતક, રાજકોટ**

શહેરમાં નિયમનો ભંગ કરનાર સિક્યુરિટી એજન્સીના સંચાલક સામે પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.રેસકોર્સ રીંગ રોડ પર પ્રાઈડ એમ્પાયર પાસે યુનિફોર્મધારી ગાર્ડની પૂછપરછમાં ભાંડો ફૂટ્યો લાયસન્સ વગર સનાતન સિક્યુરિટી એજન્સી ચલાવતા સંચાલક ગાર્ડ રાખ્યા અંગે પોલીસને જાણ ન કરી હતી.કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગેરકાયદે અને વગર લાયસન્સ સિક્યુરિટી સર્વિસ ચલાવી ગાર્ડને નોકરીએ રાખી પોલીસ કમિશનરના જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર સામે કડક કાર્યવાહી કરવા પોલીસ કમિશનરે સૂચના આપી હતી. જેને પગલે એસઓજી સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું.દરમિયાન રેસકોર્સ રીંગ રોડ પર બિગ બજારની બાજુમાં પ્રાઈડ એમ્પાયરના ગેટ પાસે યુનિફોર્મ પહેરેલા સિકયુરિટી ગાર્ડની એસઓજી ટીમે પૂછતાછ કરતા તે સનાતન સિક્યુરિટી સર્વિસમાં ગાર્ડ તરીકે નોકરી કરતો હોવાનું જણાવ્યું હતું. બાદમાં તેના સંચાલક કિશનસિંહ ગંભીરસિંહ જાડેજા (ઉ.વ.૩૦, રહે. કોઠારીયા મેન રોડ, ગણેશ સોસાયટી)ને બોલાવી પૂછપરછ કરાઈ હતી.પૂછપરછમાં લાયસન્સ વગર સિક્યુરિટી એજન્સી ચલાવી ગાર્ડ સપ્લાય કરતો હોવાનું બહાર આવ્યું હતું. નિયમ મુજબ સિક્યુરિટી ગાર્ડ રાખ્યા અંગે પોલીસને જાણ ન કરી હોવાથી સંચાલક કિશનસિંહ જાડેજા વિરુદ્ધ જાહેરનામા ભંગનો ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરાઈ છે.

તંત્રી લેખ

# અનામત નીતિમાં સમાન દ્રષ્ટિકોણ અને સુધારાની આવશ્યકતા

કેન્દ્ર સરકારે સાર્વજનિક ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રના કર્મચારીઓના બાળકો માટે 'ક્રીમી લેયર'ના નવા અને સ્પષ્ટ માપદંડો તૈયાર કરવા માટે સર્વોચ્ચ અદાલત સમક્ષ બે વર્ષનો સમય માંગ્યો છે. સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદા અનુસાર, માત્ર પિતા કે માતાના પગાર અથવા આવકના આધારે ક્રીમીલેયર નક્કી કરી શકાય નહીં. સરકારી કર્મચારીઓ અને સાર્વજનિક કે ખાનગી ક્ષેત્રના સમાન હોદ્દા ધરાવતા કર્મચારીઓ વચ્ચે ક્રીમી લેયરના નિયમોમાં ભેદભાવ કરવો એ બંધારણના સમાનતાના અધિકારનું ઉલ્લંઘન છે. આ ઘટનાક્રમે દેશમાં અનામત નીતિના પુનઃમૂલ્યાંકન અને તેમાં સમાન દ્રષ્ટિકોણથી સુધારા કરવાની જરૂરિયાત પર ગંભીર ચર્ચા જગાડી છે.

આઝાદીના ૭૫ વર્ષ બાદઆપણી સામાજિક અને આર્થિક રચનામાં વ્યાપક બદલાવ આવ્યા છે. ૧૯૯૨ના ઐતિહાસિક ઈન્દ્રા સાહની કેસ પછી અન્ય પછાત વર્ગો ઓબીસી માટે અનામતમાં ક્રીમી લેયરનો સિદ્ધાંત અમલમાં મુકાયો હતો, જેથી અનામતનો લાભ ખરેખર જરૂરિયાતમંદ અને પછાત વર્ગ સુધી પહોંચી શકે. પરંતુ સમય જતાં સરકારી, અને ખાનગી ક્ષેત્રના કર્મચારીઓના સમાન હોદ્દાઓનું યોગ્ય સમકક્ષતા માળખું ન બનવાને કારણે વિસંગતતાઓ ઊભી થઈ છે. એક સરકારી કર્મચારીના સંતાનને ક્રીમી લેયરમાંથી મુક્તિ મળે અને તે જ કક્ષાના કર્મચારીના સંતાનને માત્ર આવકની મર્યાદાના કારણે અનામતથી વંચિત રહેવું પડે, તે બંધારણીય ન્યાયની વિરુદ્ધ છે.

ભારતે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવ્યો છે, ત્યારે હવે સમય આવી ગયો છે કે દેશમાં સામાજિક સમરસતા અને સમતુલા જાળવવા માટે અનામત નીતિમાં આધુનિક અને સમાન દ્રષ્ટિકોણ અપનાવવામાં આવે. અનામતનો મૂળ હેતુ સામાજિક પછાતપણું દૂર કરવાનો અને વંચિતોને સશક્ત બનાવવાનો હતો. પરંતુ જ્યારે એક વર્ગ આર્થિક અને સામાજિક રીતે સક્ષમ થઈ જાય છે, ત્યારે તે લાભ વર્ગના સૌથી છેવાડાના વ્યક્તિ સુધી પહોંચવો અનિવાર્ય બને છે.

સરકારે ક્રીમી લેયરના માપદંડો નક્કી કરતી વખતે પારદર્શકતા, સામાજિક વાસ્તવિકતા અને સમાનતાને પ્રાધાન્ય આપવું જોઈએ. સરકારી અને ખાનગી ક્ષેત્રના હોદ્દાઓ વચ્ચે સમાન માપદંડ નક્કી કરીને એવું નીતિગત માળખું ઘડવું જોઈએ જે કોઈપણ સાથે અસમાન વ્યવહાર ન કરે. આઝાદીના ૭૫ વર્ષ પછી રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે સામાજિક ન્યાય અને મેરિટ બંને વચ્ચે સંતુલન જાળવવું એ સમયની માંગ છે. નીતિગત સુધારા માત્ર કાયદાકીય કવાયત ન બની રહેતા, સમાજમાં સમાનતા અને સમરસતા સ્થાપિત કરવાનું સબળ માધ્યમ બનવા જોઈએ.

# બ્રહ્માકુમારી પંચશીલ સેવા કેન્દ્રમાં અનોખી પારિવારિક રાખડી સ્પર્ધામાં સર્જનાત્મક સાથે અનેરો ઉત્સાહ દેખાયો

## 'પરિવાર નામનો કોઈ વાર નથી, પરિવાર વગરનો કોઈ તહેવાર નથી'ના સંદેશ સાથે ૫૦ જેટલા પરિવારોએ ભાગ લીધો



**અબતક, રાજકોટ**

જીવનમાં ખુશી, ઉમંગ અને ઉત્સાહનો મુખ્ય આધાર પરિવાર છે તેવા સુંદર સંદેશ સાથે બ્રહ્માકુમારીઝ પંચશીલ સેવા કેન્દ્ર ખાતે અનોખી પારિવારિક રાખડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. રક્ષાબંધનના પર્વને પરિવારના પ્રેમ, એકતા અને સંસ્કાર સાથે જોડવાના હેતુથી યોજાયેલી આ સ્પર્ધામાં આશરે ૫૦ જેટલા સ્પર્ધકોએ પરિવારના સભ્યો સાથે મળીને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સ્પર્ધાની વિશેષતા એ હતી કે દરેક સ્પર્ધક પોતાના પરિવારના સભ્યોના સહયોગથી રાખડી તૈયાર કરવાની હતી. સ્પર્ધા માટે 'રક્તદાન મહાદાન', 'નશામુક્ત ભારત' અને 'આઈ લવ માય ફેમિલી' એમ ત્રણ વિષયો આપવામાં આવ્યા હતા. સ્પર્ધકોએ આ વિષયોને અનુરૂપ સુંદર, સર્જનાત્મક અને પ્રેરણાદાયી રાખડીઓ તૈયાર કરી હતી.

અનેક સ્પર્ધકોએ 'વેસ્ટમાંથી બેસ્ટ'નો સંદેશ આપતાં પર્યાવરણને અનુકૂળ સામગ્રીનો સર્જનાત્મક ઉપયોગ કરીને રાખડીઓ બનાવી હતી. રાખડીઓમાં કલાત્મકતા સાથે સામાજિક જાગૃતિ, પારિવારિક એકતા અને મૂલ્યનિષ્ઠ જીવનનો સંદેશ પણ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે બ્રહ્માકુમારી અંજુબેન, કિજલબેન તથા જોગી આટુર્નાના ડો. ચાંદનીબેન દ્વારા વિજેતા સ્પર્ધકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પરિવારના સભ્યો સાથે મળીને સર્જનાત્મક પ્રવૃત્તિ દ્વારા પ્રેમ, એકતા અને મૂલ્યોનો સંદેશ ફેલાવવા બદલ તમામ સ્પર્ધકોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

આ અનોખી પારિવારિક રાખડી સ્પર્ધા દ્વારા રક્ષાબંધનના પર્વને માત્ર ભાઈ-બહેનના સંબંધ પૂરતો સીમિત ન રાખી સમગ્ર પરિવાર વચ્ચે પ્રેમ, એકતા, સંસ્કાર અને સામાજિક જવાબદારીની ભાવના મજબૂત કરવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# ચુંવાળીયા કોળી જ્ઞાતિ મંડળ દ્વારા રવિવારે તેજસ્વી સન્માન સમારોહ અને સાંસ્કૃત્તિક કાર્યક્રમ

## સમાજના ૯૫૫ તારલાઓને શિલ્ડ, પ્રમાણપત્ર અને શૈક્ષણિક કીટ અર્પણ કરી બિરદાવાશે

## 'અબતક' મીડિયા હાઉસની શુભેચ્છા મુલાકાતે જ્ઞાતિ મંડળના આગેવાનો દ્વારા માહિતી અપાઈ



**અબતક, રાજકોટ**

ચુંવાળીયા કોળી જ્ઞાતી મંડળ ટ્રસ્ટ - રાજકોટ દ્વારા ૨૫મો તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જે ૩૦ ઓગસ્ટ, રવિવારના રોજ બપોરે ૧:૩૦ થી સાંજે ૬:૦૦ કલાક દરમ્યાન હેમુ ગઢવી ઓડીટોરીયમ, ટાગોર રોડ ખાતે રાખવામાં આવેલ છે.

આ સમારોહમાં સમાજના ૯૫૫, તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ પ્રમાણપત્ર તથા શૈક્ષણિક કીટ અર્પણ કરી સન્માનિત કરવામાં આવશે. જેમાં કન્યા - ૪૯૫, કુમાર - ૪૫૨, સ્પોર્ટ્સ-૭ તારલાઓને બિરદાવાશે. વિદ્યાર્થીઓ માટે રાહતદરે ચોપડા વિતરણ કરવામાં આવશે. કાર્યક્રમની શરૂઆત ગંગા સ્વરૂપ બહેનોના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવશે. સંસ્થા ૧૯૬૪થી રાજકોટ ખાતે કાર્યરત રહી સામાજીક તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.

સમાજહિતમાં નોંધપાત્ર સેવાઓ આપનાર સ્વર્ગસ્થ આગેવાનોની સ્મૃતિને યાદ કરી તેમના પરિવાર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાના હેતુથી 'સ્મૃતિ ગોરવ સન્માન' પણ અર્પણ કરવામાં આવશે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ બાબુભાઈ ઉધરેજા, કારોબારી સભ્યો તથા કાર્યકર્તાઓ દ્વારા છેલ્લા કેટલાક સમયથી વિવિધ સ્તરે તૈયારીઓ કરવામાં આવી રહી છે.

સમારોહનું અધ્યક્ષસ્થાન શોભાવશે ચુંવાળિયા કોળી સમાજના સંજયભાઈ પીપળીયા, પ્રમુખ - રાજકોટ જિલ્લા પંચાયત.

સંસ્થા દ્વારા સમાજના વિદ્યાર્થીઓ, વાલીઓ, આગેવાનો તથા સમગ્ર સમાજબંધુઓને કાર્યક્રમમાં સમયસર ઉપસ્થિત રહી તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિના આ પ્રયાસમાં સહભાગી બનવા ભરતભાઈ ડાભી, લક્ષ્મણ વાવેસા, ગોવિંદ કુણપરા, ગંગારામભાઈ ડાભી, વિજય મેઘાણીયા, અશોક ઉધરેજા, રૂપેશભાઈ ડાભી, વિજય ડાબસરા, મુકેશ મુંજપરા અને વલ્લભભાઈ ચાવડા દ્વારા 'અબતક' મીડિયા હાઉસની શુભેચ્છા મુલાકાત લઈને માહિતી આપવામાં આવી છે.

# રાજકોટ મશીન ટુલ્સ એસો.ના પ્રમુખ યોગીન છનિયારાનો જન્મદિવસ



સામાજિક, ધાર્મિક, રાજકીય અને ઉદ્યોગ ક્ષેત્રે જાહેર જીવનમાં સેવા અને સંગઠનમાં સતત કાર્યશીલ યોગીનભાઈ છનીયારા આજે તેના પ્રગતિશીલ જીવનના ૫૩માં વર્ષમાં પ્રવેશ કરેલ છે. ગોંડલ રોડ સ્થિત નામાંકિત છનીયારા ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર છે, જેઓ છનીયારા બ્રાન્ડ લેથ મશીન, શોરૂમ ફર્નિચર, ઈલેક્ટ્રીક ગોલ્ફ કાર અને ફેબ્રિકેશન જેવા વ્યવસાયો ચલાવે છે. તેઓ સામાજિક જીવનમાં સુથાર સમાજના સમગ્ર ગુજરાતના અધ્યક્ષ, બાગેશ્વર ધામ સેવા સમિતિ રાજકોટના અધ્યક્ષ તરીકેની જવાબદારીઓ સંભાળે છે. તેમજ મશીન ટૂલ્સ એસોસિએશન, ભારત તિબેટ સંઘ, ગુર્જર સુથાર કન્યા છાત્રાલય, ગર્જ્જર રાસોત્સવ, ગર્જ્જર સ્પોર્ટ્સ ક્લબ, ગુર્જર સુથાર હિતેચ્છુ પરિવાર જેવી સંસ્થાઓમાં પ્રમુખ તરીકે જવાબદારીઓ સંભાળે છે. ઉપરાંત તેઓ રાજકોટની નામાંકિત સંસ્થાઓમાં માનદ સેવાઓ આપી રહ્યા છે. જેમાં હોકી રાજકોટ, કુમકુમ ગ્રુપ, ભારતીય વિચાર મંચ, રાજકોટ ડિસ્ટ્રીક સ્વિમિંગ એસોસિએશન, રાજ્યકર ભવન અમદાવાદ, બેંગ્લોર સ્થિત ઈન્ડિયન મશીન ટુલ્સ એસોસિએશન સામેલ છે. તેઓ દ્વારા સુથાર સમાજમાં બ્લડ કેમ્પ, રાસ ગરબા, રાત્રી પ્રકાશ ક્રિકેટ ટુર્નામેન્ટ, મેડિકલ સહાય, આર્થિક સહાય, શૈક્ષણિક સહાય, જેવા સામાજિક કાર્યો થઈ રહેલ છે. યોગીન છનીયારાને ઉદ્યોગ રત્ન એવોર્ડ અને સામાજિક કાર્યો બદલ રતન જ્યોતિ એવોર્ડ પણ દિલ્હી ખાતે અપાયેલ છે. વિવિધ સિદ્ધિઓ બદલ અંદાજે ૧૫૦થી વધુ સન્માનો અને પુરસ્કારો વિવિધ સંસ્થાઓ દ્વારા મળેલ છે. રાજકોટમાં તેઓ સનાતન ધર્મની જાગૃતિ માટે છેલ્લા ચાર વર્ષથી અનેક ધાર્મિક કાર્યક્રમમાં સહયોગ આપેલ છે. તેમના જન્મદિવસ નિમિત્તે ગુરુહરી પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરી મહંત સ્વામી મહારાજના આશીર્વાદ અને બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના સંતોના આશીર્વાદ સાથે રાજકીય, સામાજિક અને ઔદ્યોગિક ક્ષેત્રના અગ્રણીઓ, સુથાર સમાજના જ્ઞાતિજનો, મિત્રો, સગા સ્નેહીઓ તરફથી યોગીન છનિયારાના મોબાઈલ નંબર ૯૮૨૫૦ ૭૫૦૨૩ પર શુભેચ્છા વર્ષા થઈ રહેલ છે.

# જય મુરલીધર યુવા ગ્રુપ દ્વારા ભવ્ય જન્માષ્ટમી મહોત્સવનું આયોજન

## ૩ સપ્ટેમ્બરે ખોડિયારનગરમાં કાઠિયાવાડી રાસ-ગરબા સાથે ભવ્ય ઉજવણી, સેવાકીય કાર્યોનો સંદેશ અપાશે



**અબતક, રાજકોટ**

શ્રીકૃષ્ણના જન્મોત્સવ નિમિત્તે જય મુરલીધર યુવા ગ્રુપ દ્વારા સામાજિક સમરસતા અને લોકજાગૃતિના સંદેશ સાથે 'જન્માષ્ટમી મહોત્સવ-૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ અંતર્ગત સૌરાષ્ટ્ર-કચ્છની પ્રાચીન રાસ-ગરબાની પરંપરાને ઉજાગર કરતો કાઠિયાવાડી રાસ-ગરબાનો વિશેષ કાર્યક્રમ યોજાશે, જેમાં જીવન જીવવાનો ઉપદેશ અને સંગઠનનો સંદેશ આપવામાં આવશે.

આ મહોત્સવ આવનારી ૦૩ સપ્ટેમ્બર ૨૦૨૬, ના રોજ બપોરે ૪:૦૦ કલાકથી ખોડિયારનગર શેરી નં. ૩૫, જાગૃત હનુમાન ચોક, રાજકોટ-૩ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં વિવિધ સંતો-મહંતો, રાજકીય-સામાજિક આગેવાનો અને મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહીને જન્માષ્ટમી પર્વની ઉજવણીમાં જોડાશે. ઉલ્લેખનીય છે કે આ ગ્રુપ દ્વારા સમયાંતરે નિઃશુલ્ક મેડિકલ કેમ્પ, જરૂરિયાતમંદોને કપડાં વિતરણ અને રંગોળી સ્પર્ધા જેવી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવે છે.

આ આયોજનને સફળ બનાવવા માટે સંસ્થાના સ્થાપક દિનેશભાઈ આહીર, પ્રમુખ આશિષભાઈ હેરભા અને ઉપપ્રમુખ જયપાલભાઈ પટગીર (રાજકોટ શહેર યુવાભાજપ મીડિયા ઈન્ચાર્જ)ના માર્ગદર્શન હેઠળ ગ્રુપના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

જેમાં સભ્યો લાલલભાઈ ભરવાડ, ભરતલભાઈ માંજરીયા, ભુપતભાઈ હેરભા, ભાવેશભાઈ મોરી, ઘનશ્યામભાઈ ભરવાડ, ભરતભાઈ બોરીયા, રવિભાઈ પાલ, પ્રફુલભાઈ પીપવા, મયુરભાઈ ગઢવી, ચિરાગભાઈ જસાણી, દર્શનભાઈ જસાણી, વિક્રમભાઈ ડાંગર, ભગીરથભાઈ ગોંડા, રણજીતભાઈ ખાચર, યશપાલભાઈ ડાંગર, શક્તિસિંહ પરમાર, કુલદીપભાઈ રાઠોડ, જયરાજભાઈ કરપડા, પ્રશાંતભાઈ પટણી, પ્રિન્સભાઈ પરમાર, વિમલભાઈ ભટ્ટી, રવિભાઈ રાઠોડ, દિવ્યરાજભાઈ વ્યાસ, યશરાજભાઈ રાવલ, રાજવીરભાઈ હુંબલ, અજયભાઈ મોરી, અરવિંદભાઈ ઠાકોર અને રમેશભાઈ હેરભા કાર્યક્રમની વ્યવસ્થા સંભાળી રહ્યા છે.

# ધીરગુરૂદેવના સાનિધ્યે મંજુલા ઝોસા આલેખિત મંગલમય આરોગ્યનું વિમોચન



**અબતક, રાજકોટ**

ધીરગુરુદેવ અનુગ્રહિત અને આયુર્વેદના અભ્યાસુ મંજુલાબેન પ્રવિણભાઈ ઝોસા આલેખિત પુસ્તક મંગલમય આરોગ્યની વિમોચન વિધિ મંજુલાબેન ઝોસા, હીના પંકજ શાહ, અમિત-સમીર ઝોસા દિપક ઝોસા વગેરેના હસ્તે કરાયેલ. શાસન પ્રગતિ-પર્યુષણ વિશેષાંકની અર્પણ વિધિ બોરીવલી સંઘના જશુભાઈ ગોસલિયા વગેરેના હસ્તે કરાયેલ.

મંગલમય આરોગ્ય પુસ્તક અલ્પમૂલ્યમાં મળી શકશે. મો. નં. ૯૮૧૯૯ ૭૧૯૬૪નો સંપર્ક કરવો. પુસ્તક જશ-પ્રેમ-ધીર સંકુલ ૫ વૈશાલીનગર, રાજકોટ ખાતેથી મળી શકશે. આ પુસ્તકમાં આયુર્વેદિક પદ્ધતિથી અનેક રોગોના ઘરગથ્થુ ઉપચાર બતાવેલ છે.

# વેલનોન કોલેજની વિદ્યાર્થિનીઓએ "અબતક"ના પત્રકારોને રક્ષાપોટલી બાંધી પવિત્ર પર્વની કરી ઉજવણી

## સમાજને સાચી માહિતીથી વાકેફ રાખતા પત્રકાર ભાઈઓની સુરક્ષા માટે બહેનોએ પાઠવી શુભકામનાઓ




**અબતક, રાજકોટ**

ઓમકાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત રાજકોટની 'વેલનોન કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ'ની છાત્રાઓ દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે તેમજ રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે 'અબતક' મીડિયાના પત્રકાર ભાઈઓ સાથે રક્ષાબંધનની ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી. સામાન્ય રીતે રક્ષાબંધનના પવિત્ર દિવસે બહેન પોતાના ભાઈને રાખડી બાંધીને તેની તમામ પ્રકારે સુરક્ષા ઈચ્છતી હોય છે. સમાજમાં નિડરતાથી પોતાની ફરજ બજાવીને લોકોને સાચી અને તટસ્થ માહિતીથી વાકેફ રાખતા પત્રકારો પણ સમાજની રક્ષા અને જાગૃતિનું મોટું કાર્ય કરે છે.

ત્યારે આ નિડર પત્રકાર ભાઈઓની સુરક્ષા અને દીર્ઘાયુ માટે વેલનોન કોલેજની વિદ્યાર્થીનીઓએ 'અબતક' પ્રેસની શુભેચ્છા મુલાકાત લઈને પત્રકાર ભાઈઓને તિલક કરી રક્ષાપોટલી બાંધી અને મો મીઠુ કરાવી તેમની સુરક્ષા માટે હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવી હતી.

આ સરાહનીય આયોજનને સફળ અને સાર્થક બનાવવા માટે વેલનોન કોલેજના પ્રિન્સિપાલ ગૌરવભાઈ નિમાવત તેમજ કોલેજ સ્ટાફ પરિવારના વિમલભાઈ, અસ્મિતાબેન, હેતલબેન, રિદ્ધિબેન તથા મિરલબેને ભારે જહેમત ઉઠાવી હતી.

# પ્રકાશ સોસાયટીમાં ધ્યાનશંકર પ્રગટેશ્વર મહાદેવ મંદિરે અમરનાથ શણગાર



**અબતક, રાજકોટ**

પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવાર નિમિત્તે રાજકોટના પ્રકાશ સોસાયટી સ્થિત ધ્યાનશંકર પ્રગટેશ્વર મહાદેવ મંદિરે ભવ્ય શણગાર અને દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.મંદિરના શિવલિંગને અમરનાથ ગુફાની આબેહૂબ પ્રતિકૃતિ સ્વરૂપે શણગારવામાં આવ્યું હતું. બરફની ગુફા જેવો અહેસાસ કરાવતો આ શણગાર ભક્તોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. સાથે જ મંદિર પરિસરમાં સેંકડો દીવડાઓથી દીપમાળા પ્રગટાવી દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો, જેના દર્શનથી સમગ્ર વાતાવરણ શિવમય બની ગયું હતું.સવારથી જ ભક્તોની ભારે ભીડ દર્શન માટે ઉમટી પડી હતી. ભક્તોએ બિલ્વપત્ર, જળાભિષેક અને દીપમાળા દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સાંજે મહાઆરતી બાદ પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ દિવ્ય શણગારના દર્શનનો લાભ સોસાયટીના તમામ શિવભક્તોએ લાભ લીધો હતો.

# હુડકો આરોગ્ય કેન્દ્રની કામગીરીની રાષ્ટ્રીય સ્તરે સરાહના

## રાષ્ટ્રીય ગુણવત્તા ધોરણોની ચકાસણી બાદ ભારત સરકાર તરફથી મળ્યું એનક્યુએએસ પ્રમાણપત્ર

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના વોર્ડ નં.૧૭માં કાર્યરત હુડકો શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ભારત સરકારના એનક્યુએએસ રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે. કેન્દ્ર ખાતે ઉપલબ્ધ આરોગ્ય સેવાઓ અને વિવિધ ગુણવત્તા માપદંડોની ચકાસણીમાં ૯૪.૧૪ ટકા ગુણ પ્રાપ્ત થયા છે. મૂલ્યાંકન પ્રક્રિયામાં કેન્દ્ર ખાતે ઉપલબ્ધ સગર્ભા મહિલાઓની આરોગ્ય તપાસ અને અનુસરણ, માતૃત્વ સેવાઓ, બાળ આરોગ્ય અને વિકાસલક્ષી સેવાઓ, ચેપી તથા બિનચેપી રોગોની તપાસ અને સારવાર, કટોકટીની આરોગ્ય સેવાઓ, શાળા આરોગ્ય તપાસ અને સારવાર સહિતની વિવિધ સેવાઓની ગુણવત્તા ચકાસવામાં આવી હતી. સાથે સાથે દર્દીઓને આપવામાં આવતી સેવાઓની સુલભતા, દર્દીકેન્દ્રિત અભિગમ, સ્વચ્છતા, જરૂરી સુવિધાઓ, દવા અને લેબોરેટરી સેવાઓ તેમજ કર્મચારીઓની કામગીરી અને સંબંધિત પ્રક્રિયાઓ અંગે પણ નિર્ધારિત માપદંડો મુજબ સમીક્ષા કરવામાં આવી હતી.

આ સમગ્ર મૂલ્યાંકનના પરિણામે હુડકો શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ૯૪.૧૪ ટકા ગુણ સાથે એનક્યુએએસ પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે. આ સિદ્ધિ કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. કરીશમા ખીમસુરીયાના માર્ગદર્શન હેઠળ કાર્યરત સમગ્ર ટીમની કામગીરીનું પરિણામ છે.

# ખાંડના ભાવમાં બે દિવસમાં ઝડપી ઘટાડો : મોટો હાશકારો

## રૂ. ૭૦ને પાર થઈ ગયેલા પ્રતિ કિલો ખાંડના ભાવ રૂ. ૬૦ની નીચે સરકી ગયા

**અબતક, રાજકોટ**

ખાંડના ભાવમાં જે ગતિએ ઉછાળો નોંધાયો હતો. તેની બમણી ગતિએ ઘટાડો નોંધાયો છે. એક તબક્કે પ્રતિકિલો ખાંડના ભાવ ૭૦ રૂપિયાને પાર થઈ ગયા હતાં. જે બે દિવસમાં રૂ. ૬૦ની નીચે સરકી ગયા છે. જેના કારણે ગૃહિણીઓએ મોટો હાશકારો અનુભવ્યો છે. તહેવારના સમયે ખાંડના ભાવમાં ઘટાડાથી લોકોને રાહત મળી છે.

શેરડીનું ઓછુ ઉત્પાદન થવાના કારણે ખાંડની અછત સર્જાશે તેવો ભય ઉભો થવાના કારણે ગત સપ્તાહે ખાંડના ભાવમાં રોકેટ ગતિએ તેજી જોવા મળી હતી. એક જ સપ્તાહમાં ખાંડના ભાવમાં પ્રતિ કિલો ૧૫થી ૧૭ રૂપિયાનો ઉછાળો નોંધાયો હતો. એક કિલો ખાંડના ભાવ ૭૦થી ૭૨ રૂપિયા સુધી પહોંચી ગયા હતાં. સતત ભાવ વધવાના કારણે મોલમાં ખાંડનું રેસનીંગ પણ શરૂ કરી દેવામાં આવ્યું હતું. પ્રતિ ગ્રાહક માત્ર પાંચ કિલો જ ખાંડ આપવામાં આવતી હતી. સરકારે ભારતમાં ખાંડનો પુરતો જથ્થો ઉપલબ્ધ હોવાની જાહેરાત કરતા અને સંગ્રહખોરો સામે આકરી કાર્યવાહી કરવા સહિતના કેટલાક નિયમો લાદી દેતા ખાંડના ભાવ જે ઝડપે વધ્યા હતાં. તેનાથી બમણી ઝડપે



ઘટ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગત શનિવારે ખાંડના ૧૦૦ કિલોની ગુણીના ભાવ રૂપિયા ૭ હજારને પાર થઈ ગયા હતાં. બે જ દિવસમાં રૂપિયા ૧૩૦૦નો ઉછાળો નોંધાયો હતો. દરમિયાન સોમવારે માર્કેટ ટકેલુ હતું. એટલે કે કોઈ પણ પ્રકારની મોટી મુવમેન્ટ જોવા મળી ન હતી. છેલ્લા બે દિવસથી ખાંડના ભાવમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. ગઈકાલે પ્રતિગુણી ખાંડના ભાવમાં રૂા. ૫૦૦થી ૬૦૦નો ઘટાડો રહ્યો હતો અને ૧૦૦ કિલોની ગુણીના ભાવ રૂા. ૬,૪૦૦થી લઈ ૬,૮૦૦ સુધી બોલાયા હતાં. આજે ખાંડના ભાવમાં વધુ રૂપિયા ૮૦૦થી ૧૦૦૦નો ઘટાડો જોવા મળ્યો છે. ખાંડના આજના ભાવ રૂપિયા ૫૮૦૦થી લઈ રૂા. ૬૦૦૦ ચાલી રહ્યા છે. હજુ થોડો સુધારો થવાની શક્યતા છે. આગામી દિવસોમાં ફરી ખાંડની મિઠાશ કડવી બને તેવુ લાગી રહ્યું છે. કારણ કે, માંગ અને પુરવઠા વચ્ચે મોટુ અંતર હોવાના કારણે ખાંડના ભાવ વધી શકે છે. સરકારે સ્ટોક લીમીટ જાહેર કરતા જે બફર સ્ટોક હતો તે માર્કેટમાં ઠલવાતા ભાવ ઘટ્યા છે. આગામી દિવસોમાં ફરી ઉછાળો આવી શકે છે.

# હરીહર ચોક સાતમ-આઠમના તહેવારોમાં પણ નહીં ખુલે

## વોકળાનું ૯૦ ટકાથી વધુ કામ પુર્ણ પરંતુ ડામરની સોર્ટેજના કારણે છેલ્લુ કામ અટક્યું

**અબતક, રાજકોટ**

શહેરના હરીહર ચોકમાં આવેલ વર્ષો જૂનું વોકળા પરનું નાલુ નવુ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. જે ૯૦ ટકાથી વધુ પુરુ થઈ ગયું છે. છતાં સાતમ-આઠમના તહેવારોમાં આ રોડ વાહન ચાલકો માટે ખુલ્લો મુકી શકાશે નહીં કારણ કે, ડામરની શોર્ટેજ હોવાના કારણે છેલ્લુ કામ અટકી ગયું છે. જે ઝડપથી પુરુ થાય તેવા કોર્પોરેશનના પ્રયાસો છે. પરંતુ નજીકના દિવસોમાં આ રોડ ખુલો મુકવામાં આવે તેવી શક્યતા દેખાતી નથી.

હરીહર ચોકમાં વોકળા પરનો બ્રીઝ નબળો પડ્યો હોવાના કારણે કોર્પોરેશન દ્વારા અહીં કરોડોના ખર્ચે નાલા પર નવો પુલ બનાવવામાં આવી રહ્યો છે. જેનું કામ મહિનાઓથી ચાલી રહ્યું છે. જે હવે મોટાભાગનું પુરુ થઈ ગયું છે. અહીંથી પસાર થતાં વાહન ચાલકોના મનમાં એક જ સવાલ ઉઠી રહ્યા છે કે, આ રોડ વાહન ચાલકો માટે ક્યારે ખુલ્લો મુકવામાં આવશે. ઈરાન અને અમેરિકા વચ્ચેના યુદ્ધના કારણે છેલ્લા ઘણા સમયથી ડામરની શોર્ટેજ ચાલી રહી છે જેના કારણે સમયસર ડામરનો પુરવઠો મલતો નથી જેથી કેટલાક કામો રઝળી પડ્યા છે. હરીહર ચોકમાં વોકળા પરના પુલનું મોટાભાગનું કામ પુરુ થઈ ગયું છે. પરંતુ ડામર લેયર બાકી છે જે ડામરની શોર્ટેજના કારણે હજુ એક પખવાડિયુ પુરુ થાય તેમ નથી. આવામાં સાતમ-આઠમના તહેવારમાં પણ આ રોડ ખુલ્લો મુકવામાં આવશે નહીં.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સિનિયર પ્રોફેસર બઢતી પ્રક્રિયા સામે ડો. ધરમ કાંબલિયાના ગંભીર આક્ષેપો

## નિયમોનું ઉલ્લંઘન કરી પસંદગી સમિતિની રચના કરાયાનો આક્ષેપ: પ્રક્રિયા સ્થગિત કરી નવેસરથી સમિતિ રચવા કુલપતિને રજૂઆત

**અબતક રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રાધ્યાપકમાંથી સિનિયર પ્રાધ્યાપક (પ્રોફેસર) માટે કારકિર્દી પ્રગતિ યોજના હેઠળ ચાલી રહેલી બઢતી પ્રક્રિયા સામે નિયમભંગના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. યુનિવર્સિટીના ભૂતપૂર્વ સિન્ડિકેટ સભ્ય ડો. ધરમ કાંબલિયાએ કુલપતિ સમક્ષ લિખિત રજૂઆત કરીને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના નિયમો અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અધ્યાદેશની જોગવાઈઓનું ઉલ્લંઘન થયું હોવાનો દાવો કર્યો છે. તેમણે પસંદગી સમિતિની રચના તથા વિષય નિષ્ણાતોની પસંદગી અંગે યોગ્ય સ્પષ્ટતા કરવાની માંગ કરી છે.

ડો. ધરમ કાંબલિયાએ રજૂઆતમાં જણાવ્યું છે કે નિયમ મુજબ સક્ષમ સત્તા મંડળ દ્વારા મંજૂર કરાયેલી યાદીમાંથી જ ત્રણ વિષય નિષ્ણાતોની નિમણૂક કરવાની સત્તા કુલપતિને છે, પરંતુ અહીં નિયમોનો અનાદર કરીને સ્વેચ્છાએ નિષ્ણાતોની પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત, પસંદગી સમિતિમાં સંબંધિત વિદ્યાશાખાના ડીન કે વિભાગીય અધ્યક્ષ અથવા સૌથી વરિષ્ઠ પ્રાધ્યાપકને સામેલ કરવાના નિયમ હોવા છતાં તેમને પ્રક્રિયાથી બહાર રાખવામાં આવ્યા છે, જેથી આખી સમિતિની રચના સામે જ સવાલો ઊભા થયા છે.

આ તમામ સ્થિતિને ધ્યાનમાં રાખીને સિનિયર પ્રોફેસર બઢતી માટે ચાલતી પસંદગી સમિતિની કામગીરીને તાત્કાલિક સ્થગિત રાખવા અને નિયમાનુસાર સમગ્ર સમિતિની પુનઃરચના કરીને નવેસરથી પ્રક્રિયા હાથ ધરવા માંગ કરાઈ છે. આ રજૂઆતની નકલ રાજ્યપાલ, શિક્ષણ વિભાગના અગ્ર સચિવ, ઉચ્ચ શિક્ષણ કમિશનર અને યુનિવર્સિટીના કુલસચિવ (રજિસ્ટ્રાર)ને પણ મોકલવામાં આવી છે.

ડો. કાંબલિયાએ સ્પષ્ટ કર્યું હતું કે આ રજૂઆતનો હેતુ યુનિવર્સિટીની કાનૂની મર્યાદા અને પારદર્શિતા જાળવવાનો છે.

### પૂરગ્રસ્તોની વ્હારે પી.પી. સવાણી ગ્રુપ

# ૫૦૦થી વધુ અસરગ્રસ્ત પરિવારોને કેશડોલ આર્થિક સહાયનો સંવેદનશીલ પ્રયાસ

## આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ સેવા કાર્યને બિરદાવ્યું

**અબતક,રાજકોટ**

પૂરના પ્રકોપને કારણે અનેક પરિવારોના ઘરવખરી સહિત જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓને ભારે નુકસાન થયું છે. આવા કપરા સમયમાં પૂરગ્રસ્ત પરિવારોને આર્થિક સહારો મળી રહે તે હેતુથી પી.પી. સવાણી ગ્રુપ, પી.પી. સવાણી હોસ્પિટલ અને ઈ.એમ. ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા 'સેવા પરમો ધર્મ'ના સંકલ્પ સાથે કેશડોલ સહાયનું આયોજન કરવામાં આવ્યું હતું.




સરથાણા-સીમાડા વિસ્તારમાં ખાડીપુરથી અસરગ્રસ્ત થયેલા જરૂરિયાતમંદ પરિવારો માટે કપોદ્રા સ્થિત જે.બી. ધારૂકાવાળા કોલેજ કેમ્પસના સ્વામી આત્માનંદ સરસ્વતી વિદ્યા સંકુલના તાપી ઓડિટોરિયમ ખાતે આર્થિક સહાય અર્પણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન ધર્મરાજ પાર્ક, વાલમનગર વિભાગ-૧ અને ૨, શુભમ પાર્ક, સિદ્ધાર્થનગર, એમ.ડી.પાર્ક, સ્વાગત સોસાયટી તેમજ સ્વામિનારાયણ નગર વિભાગ-૧ અને ૨ સહિતના વિસ્તારોના ૫૦૦થી વધુ પૂરગ્રસ્ત પરિવારોને કેશડોલના સ્વરૂપમાં આર્થિક સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયા, પી.પી. સવાણી ગ્રુપના ચેરમેન - વલ્લભભાઈ સવાણી (બાપુજી), વલ્લભભાઈ ચોથાણી, વિપુલભાઈ તળાવિયા, સમાજસેવક અલ્પેશભાઈ કથીરિયા, વોર્ડ-૩ના કોર્પોરેટર કાવ્યાબેન કથીરિયા, મીતાબેન મકવાણા, સુરેશભાઈ ધામેલિયા, વિશાલભાઈ રાઠોડ, વિશ્વ હિન્દુ પરિષદના રાષ્ટ્રીય કોષાધ્યક્ષ દિનેશભાઈ નાવડિયા, વરાછા બેંકના ચેરમેન નરેન્દ્રભાઈ કુકડીયા, ડાયમંડ હોસ્પિટલના સી.પી. વાનાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે પી.પી. સવાણી પરિવાર દ્વારા નોંધપાત્ર સેવાકાર્યો કરવામાં આવી રહ્યા છે. જરૂરિયાતમંદ પરિવારોની મદદથી લઈને વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ સુધી સતત સેવા કરવામાં આવી રહી છે. પૂરગ્રસ્ત પરિવારોને કેશડોલના માધ્યમથી આપવામાં આવેલી આર્થિક સહાય પણ તેમની સામાજિક જવાબદારી અને સેવાભાવનાનું ઉત્તમ ઉદાહરણ છે.

# દક્ષિણ ભારતની ધર્મનગરી ઉડુપીમાં યોજાશે રામકથા

## કર્ણાટકની ધરતી પર બાપુનું ૧૬ મી વખત કથાગાન

**અબતક,રાજકોટ**

મોરારીબાપુની ત્રિભુવનીય વ્યાસપીઠના કુલ કથાક્રમની ૯૮૩ મી રામકથા પહેલી સપ્ટેમ્બર ૨૦૨૬ થી કર્ણાટકના ઉડુપી ખાતે આરંભાશે. ઉડુપી નગર, દક્ષિણ ભારતનું સુપ્રસિદ્ધ રમણીય તીર્થસ્થાન છે, જ્યાં આચાર્ય માધવાચાર્યજી દ્વારા તેરમી સદીમાં સ્થપાયેલ પ્રસિદ્ધ કૃષ્ણ મઠ અને મંદિર આવેલું છે.



ઉલ્લેખનીય છે કે પૂજ્ય બાપુની કર્ણાટકની ધરતી પરની આ ૧૬ મી કથા છે. ૨૮-૯-૧૯૭૫ ના રોજ (કુલ કથા ક્રમની ૧૦૬ મી કથાનું) "ગડગ" માં પૂજ્ય બાપુએ કર્ણાટક પ્રદેશની ભૂમિ પરની પહેલી રામકથાનું ગાન કર્યું હતું.અને ગોકર્ણ ખાતે (કુલ કથા ક્રમની ૯૪૪મી કથા) ૫-૧૦-૨૯૨૪ ના રોજ કથા ગાન આરંભાયું હતું, વ્યાસપીઠ દ્વારા કર્ણાટકમાં ગવાએલી એ ૧૫ મી રામકથા હતી.

દક્ષિણ ભારતના આ સાંસ્કૃતિક, પ્રાકૃતિક અને ધાર્મિક સ્થાન પરની કથાના મનોરથી બનવાનું સૌભાગ્ય શ્રી પ્રવિણભાઈ તન્નાને પ્રાપ્ત થયું છે. વ્યાસપીઠને સંપૂર્ણ સમર્પિત એવા શ્રી પ્રવિણભાઈ અતિ વિનમ્ર સ્વભાવના, મીતભાષી, મૃદુ ભાષી અને કથા રસિક શ્રોતા છે. બાપુની રામકથાના મનોરથી બનવા માટે સદા તત્પર રહેતા પ્રવિણભાઈને વ્યાસપીઠની કૃપાથી સેવાનો પ્રાપ્ત થતો રહ્યો છે, જેને તેઓ પોતાની પાત્રતા નહીં પણ કેવળ અને કેવળ ગુરુ કૃપા કહે છે.

# આલાપ ગ્રીન સિટીમાં શ્રાવણ માસમાં દરમિયાન શ્રી શિવ મહિમ્ન સ્તોત્રમ્ ગાન

**અબતક,રાજકોટ**



રાજકોટમાં રૈયા રોડ ઉપર આવેલ અમારી આલાપ ગ્રીન સીટી સોસાયટી કુલ ૩૦૩ બ્લોક ધરાવતી એક વેલ ડેવલોપડ તેમજ સ્વચ્છ અને સુઘડ સોસાયટી છે. એવરગ્રીન અમારી સોસાયટી નામ પ્રમાણે અસંખ્ય ફુલ છોડથી કાયમ સુશોભિત છે જ અને હકિકતમાં એક કુદરતી સૌંદર્યનો અહેસાસ કરાવતી રાજકોટની સારામાં સારી સોસાયટી છે.આ સોસાયટી ખાતે ધાર્મિક અને આધ્યાત્મિક વાતાવરણ જળવાઈ રહે તેમજ તમામ રહીશોમાં ભકિતભાવ અને સંસ્કારની ભાવના વધુ પ્રબળ બને તે હેતુથી દર વર્ષે પવિત્ર શ્રાવણ માસમાં દરરોજ રાત્રે ૯ થી ૧૦ દરમ્યાન સોસાયટીના અલગ અલગ ઘરે નિયમિત રીતે શ્રી શિવ મહિમ્ન સ્તોત્રમ્ નું એક કલાક સામૂહિક ગાન કરવામાં આવે છે.

સોસાયટીના દરેક પરિવારો દ્વારા શ્રદ્ધા અને ભાવપૂર્વક ભગવાન શિવની આરાધના કરવામાં આવે છે. દરરોજ યોજાતા આ સ્તોત્ર ગાનમાં સોસાયટીના ભાઈઓ-બહેનો તથા વડીલો ઉત્સાહપૂર્વક જોડાય છે. સામૂહિક રીતે શિવ મહિમ્ન સ્તોત્રના ગાનથી સોસાયટીમાં શાંતિપૂર્ણ, પવિત્ર અને આધ્યાત્મિક વાતાવરણનું નિર્માણ થઈ રહ્યું છે. આ ધાર્મિક ભગીરથ કાર્ય માટે સોસાયટીના વડીલ બી. કે. દવે, ડાયાબાપા કલોલા તેમજ સોસાયટીના સેક્રેટરી મનીષભાઈ બોડા ભારે જહેમત ઉઠાવી.

આ ઉપરાંત દરરોજ સવાર સાંજ સીનીયર સિટીઝન પાર્કમાં રામધુન ગાવામાં આવે છે તેમજ દર અગિયારસના દિવસે વહેલી સવારે પ્રભાતફેરી પણ કાઢવામાં આવે છે જે સોસાયટીની આધ્યાત્મિક વિચારધારાને પ્રબળ બનાવે છે.

# યુવા સેના ટ્રસ્ટ દ્વારા વિવિધ વિસ્તારોમાં જરૂરીયાતમંદોને અન્નસેવાની પરોપકારી પહેલ

## દર શનિવારે ૧૫૦થી વધુ બાળકોને બટુક ભોજન

**અબતક,રાજકોટ**

''અન્નદાન એ મહાદાન'' સૂત્રને સાર્થક કરતું યુવા સેના ટ્રસ્ટ - રાજકોટ માં છેલ્લા ૧૦ વર્ષ થી હરતું-ફરતું અન્નક્ષેત્રના માધ્યમથી ઝુપડપટ્ટી તેમજ સ્લમ એરીયાઓના પરિવારોને તથા જરૂરતમંદોને જઠરાગ્નિ તૃપ્ત કરવાનું ભગીરથ સેવા કાર્ય થઈ રહયું છે.

જેમાં ૧૫૦ થી ૨૦૦ દરિદ્રનારાયણની જઠરાગ્ની તૃપ્ત કરવામાં આવે છે. જેમાં ભુખ્યાઓને ભોજન પ્રસાદ આપવાનું કામ યુવા સેના ટ્રસ્ટ એન્જીન નો ભાગ ભજવી રહી છે. આ સંસ્થાને વધુ ને વધુ લોકોની જઠરાગ્ની તૃપ્ત કરવા માટે વધુ પરિવારોને આ અન્નક્ષેત્ર માં સામેલ કરવાના હોય જેના માટે દાતાઓનો સહયોગ ખુબ જ આવકાર્ય છે. આ અન્નક્ષેત્ર માં તમે પણ ભોજન પ્રસાદ આપવા માગતા હોય તો જેમ કે કોઈની તીથી, મેરેજ એનીવર્સરી કે જન્મદિવસ હોય તો અન્નક્ષેત્ર માં તમારી તારીખ નોંધાવી શકો છો.





ટ્રસ્ટના આ સેવાયજ્ઞમાં ટ્રસ્ટના યુવા કાર્યકર્તાઓ અલગ-અલગ વિસ્તારોમાં જઈને નિઃસ્વાર્થભાવે સેવા બજાવી રહયાં છે. જેમાં યુવા સેના ટ્રસ્ટની પાંખ યુવા સેના, લેડીઝ યુવા સેના, સીનીયર સીટીઝન્સ સેના, દિવ્યાંગ સેના તેમજ ચિલ્ડ્રન સેના દ્વારા વિશિષ્ટ સેવાઓ આપી રહ્યા છે.

ટ્રસ્ટ દ્વારા વિવિધ સેવાકીય પ્રકલ્પો કાર્યાન્વિત છે જેમાં અન્નસહાય, કપડા વિતરણ, અબોલ જીવોની સેવા, ગૌ સેવા, મેડિકલ સાધનોની સેવા તેમજ બ્લડ ડોનેશન કેમ્પ, સહિતની વિવિધ સેવાઓ ચલાવવામાં આવી રહી છે. સંસ્થા દ્વારા આ ઉપરાંત અનેક વિધ સેવાઓની હાર માળા તો ખરી જ તેમજ સામાજીક, ધાર્મિક સેવાકીય પ્રવૃતિઓને પણ અગ્રીમતા આપવામાં આવે છે.

ટ્રસ્ટના બહોળા ખર્ચને પહોંચી.વળવા ઉદારદીલ દાતાઓ, પ્રબુધ્ધનગરજનો, નગર શ્રેષ્ઠીઓનો સહકાર આવકાર્ય છે. અન્તસેવાનો દૈનિક ખર્ચ રૂા. ૬૦૦૦/- જેટલો થઈ રહયો છે. આપ અત્રે રૂબરૂ આવી ન શકો તો ટ્રસ્ટના કાર્યાલયે મો. ૮૪૬૦૬ ૯૬૧૦૮ પર ફોન કરી કાર્યકર્તા આપની પાસે આવીને દાનની રકમ એકત્રિત કરી જશે.

# આધુનિક ઉત્પાદન પદ્ધતિઓ, વ્યવસાયિક કામગીરી તથા સંસ્થાકીય વ્યવસ્થાપન વિશે વ્યવહારૂ જ્ઞાન પ્રાપ્ત કરી વિદ્યાર્થીઓ થયા અભિભૂત

## બી. એચ. ગાર્ડી કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીના એમબીએ વિભાગ દ્વારા ગિવમોર ખાતે ઔદ્યોગિક મુલાકાતે

**અબતક, રાજકોટ**

બી. એચ. ગાર્ડી કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીના એમબીએ વિભાગ દ્વારા એમબીએના પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે અનુભવ આધારિત શિક્ષણ ના ભાગરૂપે ગિવમોર ખાતે ઔદ્યોગિક મુલાકાતનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને આધુનિક ઉત્પાદન પદ્ધતિઓ, વ્યવસાયિક કામગીરી તથા સંસ્થાકીય વ્યવસ્થાપન વિશે વ્યવહારુ જ્ઞાન પ્રદાન કરવાનો હતો, જેથી તેઓ વર્ગખંડમાં શીખેલા સિદ્ધાંતોને વાસ્તવિક ઔદ્યોગિક કાર્યપ્રણાલી સાથે સાંકળી શકે.



ગિવમોર ખાતે વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત અંકિત પટેલ અને બૃજેશ પટેલ (સહ-સ્થાપક, ગિવમોર) દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને કંપનીની સ્થાપનાથી લઈને તેના વિકાસનો પ્રેરણાદાયક પ્રવાસ, વિવિધ ઉત્પાદનો, ઉત્પાદન પ્રક્રિયા, ગુણવત્તાના ધોરણો તથા બજારમાં કંપનીની આગવી ઓળખ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. સાથે જ તેમણે આજના સ્પર્ધાત્મક યુગમાં નવીનતા, આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ, ગુણવત્તા પ્રત્યેની પ્રતિબદ્ધતા તથા ગ્રાહક સંતોષના મહત્વ પર ભાર મૂક્યો હતો.

કારખાનાની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ કાચા માલના સંચાલનથી લઈને ઉત્પાદન, પેકેજિંગ, ગુણવત્તા નિયંત્રણ, વેરહાઉસિંગ અને માલના વિતરણ સુધીની સમગ્ર ઉત્પાદન પ્રક્રિયાને નજીકથી નિહાળી હતી. ઉપરાંત, કંપનીના અધિકારીઓએ અસરકારક સપ્લાય ચેઈન મેનેજમેન્ટ, લીન મેન્યુફેકચરિંગ, કાર્યસ્થળની સલામતી તથા પર્યાવરણને અનુકૂળ વ્યવસાયિક કામગીરીના મહત્વ વિશે પણ વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. આ મુલાકાત દરમિયાન આયોજિત પ્રશ્નોત્તરી અને સંવાદ સત્રમાં વિદ્યાર્થીઓએ ઉત્પાદન વ્યવસ્થાપન, માર્કેટિંગ વ્યૂહરચના, માનવ સંસાધન વ્યવસ્થાપન, ઉદ્યોગ ક્ષેત્રમાં ઉપલબ્ધ કારકિર્દીની તકો તેમજ વ્યવસાયિક પડકારો અંગે નિષ્ણાતો સાથે સીધી ચર્ચા કરી હતી. નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને વિશ્લેષણાત્મક વિચારસરણી, સમસ્યાનું નિરાકરણ લાવવાની ક્ષમતા, નેતૃત્વ કૌશલ્ય તથા સતત શીખવાની વૃત્તિ વિકસાવવાની પ્રેરણા આપી હતી.

આ ઔદ્યોગિક મુલાકાત વિદ્યાર્થીઓ માટે અત્યંત જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયક સાબિત થઈ હતી.

આ મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓને ઉદ્યોગજગતની કાર્યપદ્ધતિનો વ્યવહારુ અનુભવ પ્રાપ્ત થયો તેમજ આધુનિક વ્યવસાયિક પ્રક્રિયાઓને નજીકથી સમજવાની ઉત્તમ તક મળી. અંતમાં, એમબીએ વિભાગ દ્વારા ગિવમોરના મેનેજમેન્ટ, અંકિત પટેલ, બૃજેશ પટેલ તથા સમગ્ર ટીમનો ઉષ્માભર્યા સ્વાગત, મૂલ્યવાન માર્ગદર્શન અને સહકાર બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમના સહયોગથી આ ઔદ્યોગિક મુલાકાત વિદ્યાર્થીઓ માટે જ્ઞાનપ્રદ, પ્રેરણાદાયક અને યાદગાર બની હતી.


### હોસ્ટેલમાં બાળકીના મોતના કેસમાં

# આલ્ફા કોચિંગના સંચાલક બંધુના જામીન યથાવત: સુપ્રીમે ફરિયાદ પક્ષની અપીલ ફગાવી

## ૧૦ વર્ષીય આયુષી બલદાણીયાના મોત બાદ બેદરકારીનો ગુનો, હાઈકોર્ટના હુકમ સામે પરિવારે સુપ્રીમમાં અપીલ કરી હતી: તુષાર ગોકાણી સહિતના વકીલો રોકાયા


**અબતક, રાજકોટ**

જસદણમાં આલ્ફા કોચિંગ ક્લાસની હોસ્ટેલમાં રહી ધો.૫માં અભ્યાસ કરતી કિશોરીક્ષી ચીકનપોક્સની બિમારી સબબ મૃત્યુના મામલે બેદરકારી દાખવવાના ગુનામાં જેલ હવાલે રહેલા સંચાલક બંધુની જામીન અરજી હાઈકોર્ટ દ્વારા મંજુર કરવામાં આવી હતી. જે જામીન રદ કરવા ફરિયાદ પક્ષ દ્વારા સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવેલી અપીલ દાખલ ફગાવી દેવામાં આવી છે.



આ અંગેની હકીકત મુજબ, જસદણની ચિતલીયા કુવા રોડ પર આવેલી આલ્ફા નવોદય અને સૈનિક સ્કૂલ ટ્રેનિંગ સેન્ટર (હોસ્ટેલ)માં રહેતી અને મુળ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના મોટા જાદરા ગામની વતની અને ધોરણ-૫ માં અભ્યાસ કરતી ૧૦ વર્ષની માસૂમ બાળકી આયુષી રમેશભાઈ બલદાણીયાનું તાવ અને અછબડાની બીમારી બાદ સારવાર દરમ્યાન હોસ્પિટલમાં મૃત્યુ થયુ હતું. જેથી બાળકીના પરીવારજનોએ સંચાલકો સામે આક્ષેપો કરતા પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી બાળકીના પિતાની ફરીયાદ ફરિયાદના આધારે આલ્ફા કોચિંગ સેન્ટરના સંચાલકો જયસુખભાઈ શંખારવા અને હિરેનભાઈ શંખારવા વિરુદ્ધ બેદરકારી સહીતનો ગુનો નોંધી બન્ને આરોપીઓની ધરપકડ કરી જેલહવાલે કર્યા હતા. ત્યારબાદ બંને સ્કુલ સંચાલક બંધુએ રેગ્યુલર જામીન ઉપર છૂટવા રાજકોટ સેશન્સ કોર્ટમાં કરેલી અરજી રદ થતા બંને આરોપીએ પોતાના વકીલ મારફત હાઈકોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી. હાઈકોર્ટ દ્વારા આરોપી સંચાલક બંધુની જામીન અરજી મંજુર કરવામાં આવી હતી. હાઈકોર્ટના હુકમ સામે ફરિયાદ પક્ષ દ્વારા સુપ્રીમ કોર્ટમાં જામીન રદ કરવા અપીલ દાખલ કરવામાં આવી છે. જે અપીલ ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ બચાવ પક્ષના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ચુકાદાઓ ધ્યાને લઈ સુપ્રીમ કોર્ટ દ્વારા હાઈકોર્ટના હુકમને પડકારી બંને સંચાલકના જામીન રદ કરવા કરવામાં આવેલી અપીલ સુપ્રીમ કોર્ટ દ્વારા રદ કરતો હુકમ કરવામાં આવ્યો છે.આ કામે આરોપી સંચાલકો વતી સેશન્સ કોર્ટથી સુપ્રીમ કોર્ટ સુધી સૌરાષ્ટ્રના ખ્યાતનામ ધારાશાસ્ત્રી તુષાર ગોકાણી, પ્રતિક જસાણી, રીપન ગોકાણી, કેવલ પટેલ, હાર્દિક શેઠ, ઉઝેર કુરેશી, જશપાલસિંહ જાડેજા, યશ વૈષ્ણવ, નદિમ ધંધુકિયા, વિશાલ કૌશીક, ભૂમિકા નંદાણી, દિવ્યમ દવે, નૈમીષ રાદડીયા, કેવિન ભીમાણી, મૃત્યુંજય જોષી, જયદેવસિંહ જાડેજા અને હીરલ નિમાવત રોકાયા હતા.

# 'અબતક'ના ફોટોગ્રાફર શૈલેષ વાડોલિયાના પિતાશ્રીનું નિધન: કાલે બેસણું



**રાજકોટ:** મુળ મોટી ભલસાણ ગામ હાલ રાજકોટ નિવાસી નરસીભાઈ કાનજીભાઈ વાડોલિયા (ઉ.વ.૭૯) તે હરિભાઈના નાનાભાઈ, મગનભાઈ અને હેમંતભાઈના મોટાભાઈ, હસમુખભાઈ, રાજુભાઈ, 'અબતક' દૈનિકના ફોટોગ્રાફર શૈલેષભાઈ અને ભાવેશભાઈના પિતાશ્રી, કરણ, દર્શન, પાર્થ, દેવાંશ, જાનવી અને સોનલના દાદાનું તા. ૨૪ ને સોમવારના રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું તા. ૨૭ ને ગુરૂવારના રોજ સાંજે ૪:૩૦ થી ૬ કલાક દરમિયાન નાગર બોર્ડિંગ ટાગોર રોડ, વિરાણી હાઈસ્કૂલ સામે રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે. હસમુખભાઈ મો. નં. ૯૮૨૫૨ ૪૧૮૫૯, રાજુભાઈ મો.નં. ૯૮૨૫૧ ૫૨૬૪૫, શૈલેષભાઈ મો. નં. ૯૮૯૮૧ ૪૪૮૦૫, ભાવેશભાઈ મો. નં. ૯૮૯૮૯ ૩૪૧૬૮ અને કરણભાઈ મો. નં. ૯૮૨૫૧ ૦૯૭૭૬ છે.

# નયારા એનર્જી દ્વારા ૪૮ સ્માર્ટ આંગણવાડી કેન્દ્રોનું આધુનિકીકરણ





**અબતક, રાજકોટ**

આંતરરાષ્ટ્રીય સ્તરની એકીકૃત ડાઉનસ્ટ્રીમ એનર્જી અને પેટ્રોકેમિકલ્સ કંપની, નયારા એનર્જીએ તેના કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી પ્રોગ્રામ હેઠળ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં ૪૮ સ્માર્ટ આંગણવાડી કેન્દ્રોનું આધુનિકીકરણ કરીને બાળપણના વિકાસ અને શિક્ષણના ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

તુષ્ટિ પ્રોજેક્ટ હેઠળ, બે બ્લોક, ખંભાળિયા (દેવભૂમિ દ્વારકા) અને લાલપુર (જામનગર) હેઠળના ૩૧ ગામોમાં આવેલા ૪૮ આંગણવાડી કેન્દ્રોને આધુનિક અને બાળ-મૈત્રીપૂર્ણ શૈક્ષણિક કેન્દ્રોમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે. આ પહેલથી ૩,૦૦૦થી વધુ બાળકોને લાભ થશે.

૪૮ આંગણવાડીઓ પૈકી એક કજુરડા-વિજયનગરનું ઉદ્ઘાટન નયારા એનર્જીના કાર્યકારી અધ્યક્ષ પ્રસાદ પાનિકર દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, વાડીનાર રિફાઈનરીના હેડ અમર કુમાર, સરપંચ પુનરાજ મોરી અને અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નયારા એનર્જી હંમેશા સ્થાનિક સમુદાયોના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ રહી છે. સ્માર્ટ આંગણવાડી કેન્દ્રોની આ પહેલ દ્વારા, કંપની ગુણવત્તાયુક્ત બાળ સંભાળ, શિક્ષણ, આરોગ્ય અને પોષણ સુવિધાઓને વધુ સુલભ અને અસરકારક બનાવવા માટે પ્રયત્નશીલ છે. આ પ્રોજેક્ટ સ્થાનિક સમુદાયો, મહિલાઓ અને બાળકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે અને ભવિષ્યની પેઢીઓ માટે ઉજ્જ્વળ ભવિષ્યના નિર્માણમાં નોંધપાત્ર યોગદાન આપશે.

# વિશાખા કો-ઓપ. સોસાયટીના બાકીદારને ૧ વર્ષની કેદની સજા

## ચેક વ્યવહાર વિશ્વાસની કડી સમાન, ફરિયાદ નિ:શંકપણે સાબિત: એડવોકેટ અનિરુદ્ધ નથવાણીની દલીલ માન્ય



**અબતક, રાજકોટ**

વિશાખા ક્રેડિટ કો ઓપરેટિવ સોસાયટીમાં થી લીધેલી લોનનો હપ્તો ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસુલાતે પરત ફરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે બાકીદારને એક વર્ષની સજા અને ચેકની રકમ ચૂકવવા હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં રહેતા સંજય મગનભાઈ મકવાણા નામના યુવાને વિશાખા ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટી માંથી સભાસદ દરજ્જે લોન લીધી હતી જે લોનનો હપ્તો ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસૂલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ બાકીકાર સંજય મકવાણાને નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમનો ચૂકવતા અંતે મંડળી મેનેજર વિશાલભાઈ વાઘેલા દ દ્વારા અદાલતમાં નેગોસીએબલ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સોસાયટીના એડવોકેટ અનિરુદ્ધ નથવાણી દ્વારા કરવામાં આવેલી કાયદાકીય રજૂઆતમાં સોસા.નો મુખ્ય ઉદ્દેશ તેના સભાસદોમાં બચતની ભાવના ઉભી થાય અને જરૂરીયાતવાળા સભાસદને શરાફી-વ્યાજના દરે ધીરાણ મળે તેવો છે.

ચેક વ્યવહાર સભાસદો અને સંસ્થા વચ્ચેનો વિશ્વાસનો કડી સમાન છે. ફરીયાદ નીંશકપણે સાબીત કરેલ છે.તેવી કાયદાકીય તેમજ રેકોર્ડ આધારીત રજુઆતો કરેલ અને તે રજુઆતોમાં તથ્યતા જણાતાં જજ વી ડી મોઢ ધ્વારા આરોપી સંજય મકવાણા સામેનો ગુન્હો સાબીત માનીને એક વર્ષની જેલની સજા અને આરોપીને ૧. ૪૦ લાખનો દંડ તરીકે જમા કરાવવા હુકમ કર્યો છે જો રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય તો વધુ ત્રણ માસની સજા નો હુકમ કરવામાં આવ્યો છે દંડની રકમમાંથી ચેક ની રકમ ૧.૨૭૫૦૦ ફરિયાદી મંડળીને અને બાકીની રકમ ૧૨૫૦૦ સરકારમાં જમા કરાવવા આદેશ આપ્યો છે. ફરિયાદી વતી એડવોકેટ તરીકે અનિરુદ્ધ નથવાણી દિવ્યેશ રૂડકીયા દર્શિત સોલંકી દર્શિત પાટડીયા અને ધાર્મિલ પોપટ રોકાયા હતા

# દુ:ખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ :** ગં. સ્વ. અનસુયાબેન બાબુલાલ દવે ઉ.વ. ૮૯ તે સ્વ. બાબુલાલ લાભશંકર દવેના ધર્મપત્ની તથા વિશ્વનાથ પ્રાણજીવન વ્યાસના પુત્રી તેમજ જયેશભાઈ, તુષારભાઈ તથા હરેશભાઈ દવે (એડવોકેટ)ના માતાનું તા. ૨૫-૦૮-૨૦૨૬, મંગળવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૨૭-૦૮-૨૦૨૫, ગુરુવારનોજ સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાકે ઉમા સદન, ઉમા પાર્ક, શેરી નં. ૩, જે.કે. ચોક પાસે, રાજકોટ ખાતે રાખેલ છે તથા પિયર પક્ષની સાદડી સાથે રાખવામાં આવેલ છે.

**રાજકોટ:** જામજોધપુર નિવાસી હાલ રાજકોટ, કાંતિલાલ કરશનદાસ કાનાબાર (ઉ.વ.૭૬), તે ગં.સ્વ. કલ્પનાબેનના પતિ, ડો. જય, હેતલ તથા આશાના પિતા, ડો. વિધિ, શૈલેશકુમાર અને વાસુદેવના સસરા, પ્રવીણભાઈ તથા કિશોરભાઈના ભાઈ, તથા જયંતભાઈ અને હિતેશભાઈ રાચ્છના બનેવીનું તા. ૨૫ ના રોજ અવસાન થયું છે. સદગતની પ્રાર્થના સભા, તા. ૨૭ ને ગુરુવારે, સાંજે ૫ થી ૬, શ્રી અવધેશ્વર મહાદેવ મંદિર, ઓસ્કાર સ્કાય પાર્કની બાજુમાં, નેત્રદીપ આઈ હોસ્પિટલની બાજુની શેરી, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**વાંકાનેર :** વાંકાનેર નિવાસી લુહાર રમણીકલાલ લવજીભાઈ (ઉ.વ.૬૭) તે પ્રકાશભાઈના પિતા તથા મનહરભાઈ તથા છોટુભાઈના ભાઈનું તા. ૨૪ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૭ ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે મચ્છુ કઠિયા લુહાર જ્ઞાતિની વાડી નેશનલ હાઈવે વાંકાનેર ખાતે રાખેલ છે.

**રાજકોટ :** નૌતમભાઈ દયાણજીભાઈ માણેક(સી.એ.) તે અ.સૌ.સ્વ. રસીલાબેન ના પતિ, તે પ્રતિક, સોનલ, રૂપલના પિતાનું તા. ૨૪-૦૮-૨૦૨૬ સોમવારે અવસાન થયેલ છે. તેમનું ટેલીફોનીક બેસણું તા.૨૭-૦૮-૨૦૨૬ ને ગુરૂવારના રોજ સવારે ૧૦ થી ૧૨ રાખેલ છે.

**રાજકોટ :** મોરબી નિવાસી હાલ રાજકોટ મુકેશભાઈ મહેન્દ્રભાઈ ઝાટકિયા ઉ.વ ૬૬ તે સ્વ.માલતીબેનના પતિ, કરનભાઈ, રવિભાઈના પિતા, શૈલેષભાઈ, જયશ્રીબેન કોઠારી ના ભાઈ, સ્વ નવરંગલાલ ઝવેરચંદ બાટવીયાના જમાઈનુ તારીખ ૨૪-૦૮ ૨૦૨૬ના અવસાન થયેલ છે. સદગતનુ ઉઠમણું તારીખ ૨૭-૦૮-૨૦૨૬ ગુરુવારના સવારે ૯:૩૦ થી ૧૦:૩૦ કલાકે શેઠ ઉપાશ્રય, પ્રસંગ હોલ વાળી શેરી, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે

**રાજકોટ :** સ્વ. અમરશીભાઈ નાગજીભાઈ શીંગાળાના પૌત્ર તથા સ્વ.મણીલાલ અમરશીભાઈ શીંગાળાના પુત્ર ગુણવંતરાય મણીલાલ શીંગાળા (ઉ.વ.૭૫) તે મલયભાઈ તેમજ ચાર્મીબેનના પિતા તથા સ્વ. જયસુખલાલ, પ્રવિણભાઈ, હંસાબેન પ્રવિણકુમાર ઉનડકટ (તાલાલા)ના ભાઈ, સ્વ. રતિલાલભાઈ ચત્રભુજભાઈ જીવરાજાની (ગોંડલ)ના જમાઈ તા.૨૪-૮-૨૦૨૬, સોમવારે અવસાન પામેલ છે. ઉઠમણું / પીયરપક્ષની સાદડી તા.૨૭-૮-૨૦૨૬ ગુરૂવાર સાંજે ૫-૦૦ થી ૬-૦૦ કલાકે સ્થળ : ૧૧-કરણપરા, રાજહંસ એપાર્ટમેન્ટ, રાજકોટ.

**રાજકોટ :** ગુજરાતી શ્રીગોડ માળવિય બ્રાહ્મણ સ્વ. શિવલાલ કાશીરામ જોશી (મૂળ ચકરગઢ) હાલ રાજકોટ ના સુપુત્ર સ્વ. પ્રવીણભાઈ શિવલાલ જોશી (ઉં. વ.૮૦ )તે ભૂપતભાઈ, હસમુખભાઈ, સ્વ. ધીમંતભાઈ ના લઘુબંધુ અને ભરતભાઈ, વિનોદભાઈ અને પુષ્પાબેન જોશીના મોટાભાઈ તથા સ્વ. અમૃતલાલ પુરષોતમ જોશી (ચારણીયા)ના જમાઈ તેમજ સ્વ. રમણીકભાઈ, સ્વ. જીતુભાઈ , કિશોરભાઈના બનેવી અને હાર્દિક , હિમાંશુ , દીપ્તિબેન અને બિન્દુ બેનના પિતાશ્રી,હિરેનભાઈ, સંદીપભાઈના સસરા,જશ અને અન્વીના દાદાનું તા. ૨૩ના રોજ અવસાન થયું છે.

બને પક્ષ નું બેસણું તથા ઉઠમણું તા.૨૭ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ સ્વસ્તિક હાઈલેન્ડ , જલારામ ચોક, ડ્રીમસિટી મેઈન રોડ, સોપાન લક્ઝુરિયા પાછળ, રૈયા હિલ તેમના નિવાસ્થાન એ રાખેલ છે .

હાર્દિકના મો.નં.૯૫૮૬૮ ૪૦૪૩૦ અને હિમાંશુના મો. નં .૯૮૨૪૮ ૩૨૫૩૩ છે.

(ત્રીજા પાનાનું ચાલું)

### ભાજપ...

ભાજપના સંગઠનના હોદેદારો સાથે મહત્વપૂર્ણ બેઠક કરશે. ઈન્ચાર્જની પણ નિયુક્તિ કરવામાં આવશે. આ ઉપરાંત ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી સતિષ પુનિયા પણ ૪ સપ્ટેમ્બરના રોજ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. ભાજપના નેતાઓ દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. રાજ્યભરમાં નરેન્દ્રભાઈ મોદીના રાજનીતિમાં ૨૫ વર્ષ પુરા થવાના અવસરની શાનદાર ઉજવણી કરવાનું આયોજન ગોઠવવામાં આવી રહ્યું છે.

### ડીસીપી...

આપવામાં આવી હતી.

માર્ગ સલામતી અર્થે રાજકોટ શહેર પોલીસ દ્વારા વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધીમાં ૧,૧૦,૬૦૧ જેટલા વિવિધ કેસ કરી રૂ. ૪,૨૮,૮૭,૨૦૦નો દંડ કરવામાં આવ્યો હોવાનું તેમજ ૬૮,૦૩૩ જેટલા ઈ-ચલણ ઈશ્યુ કરવામાં આવ્યાં હોવાનું ટ્રાફિક પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

બેઠકમાં આર.ટી.ઓ. અધિકારી શ્રી આઈ. સી. ટાંકે જણાવ્યું હતું કે, આર.ટી.ઓ. વિભાગ દ્વારા ૫૦થી વધુ ઈ-ચલણ બાકી હોય તેવા ૨૨૫ વાહનચાલકોને નોટિસ પાઠવવામાં આવી છે તેમજ ૪૭ વાહન ચાલકોના લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે.

આ બેઠકમાં રાજકોટ શહેરમાં તેમજ માધાપર ચોકડી ખાતે લેફ્ટ ટર્ન સ્મૂધ બનાવવા ખાસ ભાર મુકવામાં આવ્યો હતો.

ઉપરાંત આર.એન્ડ.બી. સ્ટેટ, નેશનલ હાઈવે, મહાનગરપાલિકા દ્વારા રોડ સેફ્ટી મેજરમેન્ટ અંગે કરવામાં આવેલી કામગીરીની માહિતી આપવામાં આવી હતી.

આ બેઠકમાં માર્ગ સલામતી સલાહકાર જે.વી. શાહ, નેશનલ હાઈવે ઓથોરિટી, નેશનલ હાઈવે ડિવિઝન, રૂડા, સ્ટેટ આર.એન્ડ.બી., એસ.ટી. સહીત વિવિધ વિભાગના અધિકારીઓ, પ્રતિનિધિઓએ હાજર રહ્યા હતાં.

### બસ...

પરિવહન સેવા સુનિશ્ચિત કરવાના ભગીરથ પ્રયાસરૂપે નવીન ૧૦૧ એસ.ટી. બસોને જનતાની સેવામાં લોકાર્પિત કરવામાં આવી છે જે સમગ્ર ગુજરાત માટે ગૌરવની ક્ષણ છે. વધુમાં તેમને જણાવ્યું હતું કે, આગામી પવિત્ર રક્ષાબંધનના તહેવારને ધ્યાનમાં રાખીને મુસાફરોની સુવિધા માટે એસ.ટી. નિગમ દ્વારા નવા રૂટ પર વિશેષ બસ સેવાઓ શરૂ કરવામાં આવી છે, જે રાજ્યના ખૂણે-ખૂણેથી પ્રવાસ કરતા નાગરિકોની મુસાફરી વધુ સરળ બનાવશે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા તારીખ ૨૬ થી ૩૦ ઑગસ્ટ દરમિયાન રાજ્યભરમાં વિવિધ રૂટ પર કુલ ૬,૫૦૦ જેટલી એક્સ્ટ્રા ટ્રીપોનું સંચાલન કરવામાં આવશે. જેમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવા મુખ્ય શહેરો અને અંબાજી, પાવાગઢ અને સોમનાથ જેવા પ્રમુખ તીર્થધામો પર વિશેષ બસો દોડાવવાનું સઘન આયોજન કરાયું છે.

મુસાફરોની સરળતા માટે ઓનલાઈન તેમજ ડેપો પર ઍડવાન્સ બુકિંગની પૂરતી વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરવામાં આવેલી છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ૧૦ કલાક વિજળી...

સદૈવ અડીખમ ઊભી છે; સિંચાઈ અને પીવાના પાણીની કોઈ પણ સમસ્યા ઊભી ન થાય તે માટે સરકાર કટિબદ્ધ છે. યોગ્ય જળ વ્યવસ્થાપન દ્વારા રાજ્યના છેવાડાના વિસ્તારો અને ખેતરો સુધી પાણી પહોંચાડીને પાકને આર્થિક નુકસાનથી બચાવવામાં આવશે.

રાજ્યના તમામ જિલ્લાઓમાં ખેતીવાડી માટે હાલમાં રોજના ૮ કલાક નિયમિત અને ગુણવત્તાસભર વીજળી પૂરી પાડવામાં આવી રહી છે, જેથી સિંચાઈમાં કોઈ અવરોધ ન આવે.

સ્થાનિક ભૌગોલિક સ્થિતિ અને જરૂરિયાતને ધ્યાને રાખીને, સરકારે ત્વરિત નિર્ણય લઈને ૭ જિલ્લાઓ (અમરેલી, કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, પોરબંદર અને જૂનાગઢ)માં ૧૦ કલાક વીજળી આપવાનું શરૂ કરી દીધું છે.

અમે માત્ર ૭ જિલ્લાઓ પૂરતા મર્યાદિત નથી. રાજ્યના અન્ય કોઈ પણ જિલ્લામાં જો પાક માટે કે પાણી માટે વધુ વીજળીની જરૂરિયાત ઊભી થશે, તો ત્યાં પણ ૧૦ કલાક વીજળી આપવા માટે રાજ્ય સરકાર પૂરેપૂરી તૈયાર છે.

### ખાંડ મિલો પાસે...

રીતે જોડાયેલા છે. વર્ષ ૨૦૨૫-૨૬માં ૭૨.૦૬ લાખ મેટ્રિક ટન શેરડીનું પિલાણ દ્વારા ૭.૬૬ લાખ મેટ્રિક ટન ખાંડનું ઉત્પાદન થયું હતું. જેની સામે શેરડીના ખેડૂતોને રૂ. ૩,૦૭૦ કરોડનું ચૂકવણું કરવામાં આવ્યું છે. રાજ્યનો સરેરાશ રીકવરી દર પણ ૧૦.૬૪% રહ્યો છે.

શેરડી માટે ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા રૂ. ૩,૫૫૦ પ્રતિ મેટ્રિક ટનના ફેર એન્ડ રેમ્યુનિરેટિવ પ્રાઇઝ સામે ગુજરાતની સહકારી મંડળીઓએ ખેડૂતોને રૂ. ૩,૯૦૦ થી રૂ. ૪,૫૦૦ પ્રતિ મેટ્રિક ટન જેટલા ઊંચા અને પ્રોત્સાહક ભાવો ચૂકવ્યા છે.

સહકારી ખાંડ મિલોને સક્ષમ બનાવવા માટે રાજ્ય સરકારે અમલમાં મૂકેલી સાકર યોજના, બાયો પ્રમોશન અને કેપિટલ સબસિડી જેવી વિશેષ સહાય યોજનાઓ અંગે પણ પ્રતિનિધિમંડળને માહિતી આપવામાં આવી હતી.

આસામના સહકાર મંત્રી કૌશિક રાયે ગુજરાતના સહકારી મોડેલ, પારદર્શી વહીવટ અને ખેડૂતોને આપાતા મહત્તમ ભાવોની સરાહના કરી હતી અને આસામમાં સહકારી ક્ષેત્રને વધુ મજબૂત કરવા ગુજરાતના આ અનુભવોનો ઉપયોગ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

### શ્રાવણ ઉત્સવ...

સ્વ-સહાય જૂથો (સખી મંડળો) દ્વારા ઉત્પાદિત વિવિધ ખાદ્ય ઉત્પાદનો, હેન્ડીક્રાફટ, હેન્ડલૂમ, પરંપરાગત વસ્ત્રો, પૂજન સામગ્રી, ઘર સજાવટની વસ્તુઓ તેમજ અન્ય સ્થાનિક ઉત્પાદનોને વ્યાપક બજાર ઉપલબ્ધ કરાવવા હેતુથી મેળાઓમાં સ્ટોલની ફાળવણી કરવામાં આવશે. આ કાર્યક્રમ દરમિયાન સખીમંડળની બહેનોને પ્રોત્સાહન સ્વરૂપે નાણાકીય સહાયના ચેકનું પણ વિતરણ કરવામાં આવશે.

રાજકોટ અને ઘેલા સોમનાથમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મેળાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ઘેલા સોમનાથ ખાતે આવતીકાલથી પાંચ દિવસ માટે મેળો ચાલશે. જ્યારે રાજકોટમાં તા.૨ થી ૬ સપ્ટેમ્બર રેસકોર્સ ખાતે મેળો યોજવા જઈ રહ્યો છે.

રાજકોટ ખાતે આયોજિત મેળામાં સખી મંડળોની બહેનોને ૪૦ સ્ટોલ તેમજ ઘેલા સોમનાથ ખાતે ૧૫ સ્ટોલ ફાળવવામાં આવશે. તે સિવાય પોરબંદરના મેળામાં ૬૫ સ્ટોલ, ગીર સોમનાથમાં ૨૦ સ્ટોલ, દેવભૂમિ દ્વારકામાં ૨૦ સ્ટોલ ફાળવામાં આવશે. આ ઉપરાંત ભાવનગર ખાતે નિષ્કલંક મહાદેવના મેળામાં ૨૦ સ્ટોલ તેમજ નર્મદા જિલ્લામાં નીલકંઠધામ, પોઈચા ખાતે પણ ૧૫ સ્ટોલ ફાળવવામાં આવશે.

ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિ. દ્વારા સખી મંડળની બહેનોને નિ:શુલ્ક સ્ટોલ ઉપરાંત તેઓને રહેવા, જમવાની પણ વ્યવસ્થા કરી આપવામાં આવે છે. વધુમાં સખી મંડળની બહેનોને આવવા જવા માટે ભાડું પણ આપવામાં આવે છે. આમ સખીમંડળની બહેનો અન્ય કોઈ ખર્ચ વગર તેમની વસ્તુનું સારી રીતે વેચાણ કરી શકે છે.

### આણંદના ધુવારણ...

છે. આ રોકાણ પૂર્ણ થતાં તે ગુજરાતના ઊર્જા ક્ષેત્રમાં થયેલા સૌથી મોટા રોકાણો પૈકીનું એક સાબિત થશે.

રાજ્યમાં ઝડપથી વિકસી રહેલા સેમિકન્ડક્ટર ઉત્પાદન, ગ્રીન હાઈડ્રોજન, ડેટા સેન્ટર્સ અને ઈલેક્ટ્રિક મોબિલિટી જેવા વધુ વીજ વપરાશ ધરાવતા ઉદ્યોગોને કારણે ભવિષ્યમાં વીજળીની માંગમાં મોટો ઉછાળો આવવાની શક્યતા છે. આ પ્રોજેક્ટ માટે આણંદ જિલ્લાના ખંભાત તાલુકામાં ધુવારણ ખાતે ૧,૧૦૦ હેક્ટર જમીન ઉપલબ્ધ કરવામાં આવી છે. આ પ્લાન્ટની સાથે સ્થપાનારા પરમાણુ ઈંધણ સંકુલ માટે કેન્દ્ર સરકારની ટીમે સ્થળની પ્રાથમિક મુલાકાત પણ પૂર્ણ કરી લીધી છે.

પ્રોજેક્ટ માટે સાઈટની ભૌગોલિક સ્થિતિ, ભૂકંપ પ્રતિકારક ક્ષમતા, જમીનની ગુણવત્તા અને ઠંડક માટેના પાણીની ઉપલબ્ધતા અંગે વિગતવાર અભ્યાસ ચાલી રહ્યો છે. પરમાણુ ઊર્જા વિભાગ (ડીએઈ) સાથેની ચર્ચાઓ મુજબ સ્વદેશી પ્રેસરાઈઝ્ડ હેવી વોટર રિએક્ટર (પીએચડબલ્યુઆર) તેમજ પ્રેસરાઈઝ્ડ વોટર રિએક્ટર્સ (પીડબલ્યુઆર) ટેકનોલોજીના ઉપયોગ પર વિચારણા ચાલી રહી છે. રાજ્ય સરકારે પ્રોજેક્ટની શક્યતાઓ ચકાસવા માટે ઉચ્ચ સ્તરીય સમિતિ (એચપીસી) અને કારોબારી સમિતિની રચના કરી છે, જેની બે બેઠકો પણ મળી ચૂકી છે.આ પ્રોજેક્ટને મંજૂરી મળતાં ગુજરાતના વર્તમાન પરમાણુ ઊર્જા ક્ષેત્રમાં મોટો વધારો થશે. હાલમાં તાપી જિલ્લામાં સ્થિત કાકરાપાર પરમાણુ ઊર્જા મથક (કેએપીએસ) ખાતે ૨૨૦ મેગાવોટના ૨ યુનિટ અને ૭૦૦ મેગાવોટના સ્વદેશી ટેકનોલોજી ધરાવતા ૨ યુનિટ મળીને કુલ ૧,૮૪૦ મેગાવોટની સંયુક્ત ક્ષમતા કાર્યરત છે. ધુવારણ પ્રોજેક્ટ કાર્યરત થવાથી રાજ્યમાં હરિયાળી અને સ્વચ્છ ઊર્જાની આધારભૂત ક્ષમતામાં અભૂતપૂર્વ વધારો થશે.

### પોરબંદર...

અકબર સેલોટ ૧૨ વર્ષથી વધુ સમયથી પોરબંદરમાં વકીલાત કરી રહ્યા છે અને સ્વૈચ્છિક સંસ્થાઓ માટે સેવાઓ આપે છે. તેમને નિયમિત જામીન મળ્યા હોવા છતાં, પોરબંદરની સ્થાનિક પોલીસે સંકેત આપ્યો હતો કે તેમની સામે નોંધાયેલી બે ફરિયાદના આધારે તેમની સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. કેસની સુનાવણી બાદ, હાઈકોર્ટની બેન્ચે સરકારી વકીલને તપાસ કરવા કહ્યું હતું કે શું સંબંધિત સત્તાવાળાઓએ વકીલ સામે પાસા હેઠળ કોઈ કાર્યવાહી શરૂ કરી છે કે કેમ. અકબર સેલોટની અરજી સ્વીકારીને હાઈકોર્ટે તેમની અટકાયત પર રોક લગાવી હતી. કોર્ટે આદેશ આપ્યો હતો કે, "સત્તાવાળાઓને અકબર સલાટ સામે પાસા અધિનિયમ હેઠળ અટકાયત દ્વારા કોઈ પણ કડક કાર્યવાહી કરતા આગામી આદેશ સુધી રોકવામાં આવે છે." આગામી સુનાવણી ૨૨ સપ્ટેમ્બર માટે મુકરર કરવામાં આવી હતી.

### 'આપ'ના સપના...

સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં આમ આદમી પાર્ટી ધીરે-ધીરે વધુ મજબૂત બની રહી છે અને સંગઠનના વિસ્તરણનું કામ સતત આગળ વધી રહ્યું છે. ગુજરાતના ૫૦ હજારથી વધુ બૂથો પર મજબૂત સંગઠન ઊભું કરવાના સંકલ્પ સાથે પાર્ટી સતત મહેનત કરી રહી છે. સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે વિવિધ સ્તરે જવાબદારીઓ સોંપવામાં આવી રહી છે. આજે કેટલાક જિલ્લા પ્રમુખો, લોકસભા ઈન્ચાર્જ, લોકસભા સંગઠન મંત્રીઓ તેમજ પ્રદેશ સ્તરની મહત્વની જવાબદારીઓ માટે સાથીઓની નિમણૂક કરવામાં આવી રહી છે.

મનોજ સોરઠિયાએ વધુમાં જણાવ્યું હતું કે આગામી ૨૦૨૭ની ગુજરાત વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટી સંગઠનને વધુ મજબૂત અને સક્રિય બનાવી રહી છે. પાર્ટીનો હેતુ ગુજરાતના સામાન્ય અને મહેનતુ લોકોનો અવાજ બનીને જનતાની સરકાર સ્થાપિત કરવાનો છે. દરેક નવા જવાબદારોને સંગઠનના વિસ્તરણ, જનસંપર્ક અને પક્ષને બુથ સ્તર સુધી મજબૂત બનાવવા માટે નિષ્ઠાપૂર્વક કામ કરવા માટે અભિનંદન પાઠવ્યા હતા. ગુજરાતમાં પરિવર્તન માટે આમ આદમી પાર્ટી આગામી સમયમાં વધુ આક્રમક રીતે જનહિતના મુદ્દાઓ ઉઠાવશે અને સામાન્ય માણસની સરકાર બનાવવાના સંકલ્પ સાથે આગળ વધશે.

### અંબાજી...

ચાચર ચોકમાં માતાજીની આરાધના એટલે કે ગરબા કરવા હોય તો પણ વેપારીકરણ થઈ ગયું છે અને ૧૫૦૦ રૂપિયા ફરજિયાત વહીવટદાર ભરાવે છે. વળી આ પાવતીમાં સૌથી છેલ્લે જે લખેલું છે તે દરેક સનાતન ધર્મીઓની આસ્થાને ઠેસ પહોંચાડે તેવું છે જેમાં લખ્યું છે કે, વેચેલો માલ પાછો લેવામાં નહીં આવે. હજી સુધી આ ૧૫૦૦ રૂપિયા ઉપર જીએસટી લગાવવામાં નથી આવ્યો તેના માટે મુખ્યમંત્રીનો આભાર માન્યો હતો.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# જન્માષ્ટમીએ કોર્પોરેશન દ્વારા ચૌધરી હાઈસ્કુલમાં "મટકીફોડ"નો જલસો

## વિજેતા ગોવિંદા મંડળીઓ માટે લાખેણા ઈનામોની વણજાર :પ્રથમ ઈનામ રૂ.૧.૫૦ લાખ, દ્વિતીય રૂ.૧.૨૧ લાખ અને તૃતીય રૂ.૧.૦૧ લાખ

**અબતક રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જન્માષ્ટમી પર્વ નિમિત્તે ભવ્ય મટકી ફોડ સ્પર્ધાનું અદકેરું આયોજન કરવામાં આવ્યું છે.ચૌધરી હાઈસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે તા. ૪ સપ્ટેમ્બરે રાત્રે ૮ થી ૧૧ કલાક દરમિયાન યોજાશે રંગારંગ મટકી ફોડ કાર્યક્રમ યોજાશે.

આ અંગે વધુ માહિતી આપતા મેયર ડો.નેહલ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા ડો.હિરેન ખીમાણિયા, શાસક પક્ષ દંડક સંજયસિંહ રાણા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન મનીષભાઈ ભટ્ટએ જણાવ્યું હતું કે,જન્માષ્ટમીના પાવન પર્વને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ભવ્ય મટકી ફોડ સ્પર્ધાનું અદકેરું આયોજન કરવામાં આવ્યું છે.

### ભવ્ય આકર્ષક લાઈટિંગથી ભારે રૂપ ઊભી કરશે

ચૌધરી હાઈસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય લાઈટિંગ, આકર્ષક શોભાસજ્જા અને રંગબેરંગી સજાવટ દ્વારા સમગ્ર કાર્યક્રમ સ્થળને ઉત્સવના માહોલમાં સજાવવામાં આવશે.

### રોમાંચ, ઉત્સાહ અને ટીમવર્કનો સંગમ

મટકી ફોડ સ્પર્ધામાં ભાગ લેનાર મંડળીઓ દ્વારા ઊંચા પિરામિડ રચી મટકી ફોડવાની રોમાંચક રજૂઆત કરવામાં આવશે. સ્પર્ધામાં મંડળીના સભ્યો વચ્ચેનું ટીમવર્ક, શારીરિક કૌશલ્ય અને ઉત્સાહ દર્શકોમાં રોમાંચ જગાવશે.

આ ભવ્ય મટકી ફોડ કાર્યક્રમમાં પરંપરા, ભક્તિ, સંગીત, સાહસ અને મનોરંજનનો અનોખો સંગમ જોવા મળશે.મટકી ફોડ કાર્યક્રમના મુખ્ય આકર્ષણો પર નજર કરવામાં આવે તો આ વર્ષે યોજાનાર મટકી ફોડ કાર્યક્રમને વધુ ભવ્ય અને યાદગાર બનાવવા માટે વિવિધ આકર્ષણોનું આયોજન કરવામાં આવ્યું છે.




### સ્પેશિયલાઈઝડ પિરામિડ મંડળી આકર્ષણ જમાવશે

મટકી ફોડની પરંપરાગત રમતમાં સાહસ, ટીમવર્ક અને ઉત્સાહનો અદભૂત સમન્વય જોવા મળશે. વિશેષ તાલીમબદ્ધ સ્પેશિયલાઈઝડ પિરામિડ મંડળી (ગોવિંદા ગ્રુપ) દ્વારા મટકી ફોડની રોમાંચક રજૂઆત કરવામાં આવશે, જે ઉપસ્થિત જનમેદની માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે.

### મંડળીઓ માટે વિનામૂલ્યે રજીસ્ટ્રેશનની સુવિધા

મટકી ફોડ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક મંડળીઓ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિનામૂલ્યે ઓનલાઈન તેમજ ઓફલાઈન બંને પ્રકારની રજીસ્ટ્રેશન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વિવિધ મટકી ફોડ મંડળીઓ વધુમાં વધુ સંખ્યામાં નોંધણી કરાવી આ ભવ્ય સ્પર્ધામાં જોડાય અને જન્માષ્ટમીના ઉત્સવને વધુ રંગીન બનાવે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ ્.ળિભ.લજ્ઞદ.શક્ષ ઉપર જઈને ફોર્મ ભરીને સબમિટ કરવાનું રહેશે. ઓફલાઈન રજીસ્ટ્રેશન માટે રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, સાંસ્કૃતિક વિકાસ વિભાગ, રૂમ નં.૫, ત્રીજો માળ, ઢેબરભાઈ રોડ, રાજકોટ ખાતે ફોર્મ ભરીને સબમિટ કરવાનું રહેશે.રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આયોજિત આ ભવ્ય મટકી ફોડ કાર્યક્રમ માત્ર એક સ્પર્ધા પૂરતો સીમિત ન રહેતા ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તિ, યુવાનોનો ઉત્સાહ, મંડળીઓનું ટીમવર્ક તથા રાજકોટની ઉત્સવપ્રિય સંસ્કૃતિનું ભવ્ય પ્રતિબિંબ બની રહે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે.અને ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ઉજવણીમાં સહભાગી બનવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

### ડી.જે. દ્વારા કૃષ્ણ ભક્તિના ગીતો ગુંજશે

ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવના પાવન માહોલને અનુરૂપ ડી.જે. દ્વારા કૃષ્ણ ભક્તિના લોકપ્રિય ગીતો અને સંગીતની ધૂનોથી સમગ્ર વાતાવરણ ભક્તિમય અને ઉત્સવમય બનાવવામાં આવશે.

# વૃદ્ધ માતા-પિતાની અણગણના કરનાર સંતાનો સામે યોગી સરકારની લાલ આંખ: મિલકતમાંથી કરાશે બેદખલ

## યુપીમાં માતા-પિતાની સેવા ન કરનાર સંતાનો ઘરમાંથી થશે બેદખલ: વરિષ્ઠ નાગરિકો માટે ટોલ-ફ્રી નંબર પણ શરૂ કરાશે

**અબતક, રાજકોટ**

ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકારે રાજ્યના વરિષ્ઠ નાગરિકો અને વૃદ્ધ માતા-પિતાના હિતમાં એક અત્યંત મહત્વપૂર્ણ, ઐતિહાસિક અને આકરો કાનૂની નિર્ણય લીધો છે. સંતાનો માતા-પિતાની મિલકત પોતાના નામે કરાવી લીધા બાદ અથવા વયવૃદ્ધ થતાં જ તેમની સંભાળ રાખવાનું બંધ કરી દે છે. આ પરિસ્થિતિને અટકાવવા માટે યોગી સરકારે હવે સ્પષ્ટ કરી દીધું છે કે જે સંતાનો કે વારસદારો પોતાના વૃદ્ધ માતા-પિતાની યોગ્ય સેવા-ચાકરી નહીં કરે, તેમને માતા-પિતા પોતાની મિલકતમાંથી બેદખલ કરી શકશે.

આ અંગેની વિગતો આપતા રાજ્યના સ્ટેટ લો કમિશન (રાજ્ય કાયદા પંચ) દ્વારા યોગી સરકારને એક વિગતવાર પ્રસ્તાવ સોંપવામાં આવ્યો હતો. કમિશને 'મેન્ટેનન્સ એન્ડ વેલફેર ઓફ પેરેન્ટ્સ એન્ડ સિનિયર સિટીઝન્સ રૂલ્સ, ૨૦૧૪'માં રહેલી કાનૂની ખામીઓને દૂર કરી તેને વધુ સક્ષમ બનાવવાની ભલામણ કરી હતી. આ ભલામણનો સ્વીકાર કરીને યોગી સરકારે કાયદામાં ધરખમ સુધારા કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે, જેથી વૃદ્ધોને પોતાની જ કમાણીથી બનાવેલી મિલકત પર સંપૂર્ણ હક અને સુરક્ષા મળી રહે. નવા ઘડાઈ રહેલા કડક નિયમો મુજબ, જો કોઈ પુત્ર, પુત્રી કે વહુ પોતાના વરિષ્ઠ માતા-પિતા સાથે ગેરવર્તણૂક કરશે અથવા તેમની યોગ્ય સંભાળ નહીં રાખે, તો માતા-પિતા આ બાબતે ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ અથવા સંબંધિત કાનૂની ટ્રિબ્યુનલમાં સીધી અરજી કરી શકશે. માતા-પિતાની ફરિયાદ મળતા જ તંત્ર દ્વારા કાનૂની કાર્યવાહી કરીને બેદરકાર સંતાનો કે વારસદારોને તે મિલકત કે ઘરમાંથી તાત્કાલિક બેદખલ કરવાનો આદેશ આપવામાં આવશે.આ સિવાય, વરિષ્ઠ નાગરિકોની સરળતા માટે યોગી સરકાર દ્વારા એક વિશેષ ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર પણ જાહેર કરવામાં આવશે. જેના પર વૃદ્ધ માતા-પિતા પોતાની સમસ્યાઓ, સતામણી કે મિલકત સંબંધિત ફરિયાદો સરળતાથી નોંધાવી શકશે. આ ટોલ-ફ્રી નંબરના માધ્યમથી સંબંધિત તંત્ર અને ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ કચેરી સુધી તેમની રજૂઆત સીધી પહોંચશે અને તેમને કોઈ પણ જાતની રખડપટ્ટી વગર ઝડપી કાનૂની મદદ મળી રહેશે.

# ટ્રાફિક વ્યવસ્થા અંગે કોંગ્રેસ અગ્રણીઓએ ટ્રાફિક ડીસીપી સાથે કરી ચર્ચા-વિચારણા

## શહેરની ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે બ્લુ પ્રિન્ટ અને રોડમેપ તૈયાર કરવા અગ્રણીઓએ રજૂ કર્યા સૂચનો

**અબતક રાજકોટ**

શહેરમાં દિનપ્રતિદિન જટિલ બનતી જતી ટ્રાફિક સમસ્યાના સુચારૂ નિવારણ અને આગામી ૧૦ વર્ષની ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પ્રદેશ અને શહેર કોંગ્રેસના અગ્રણીઓએ ટ્રાફિક ડીસીપી ડો. હરપાલ સિંહ જાડેજા સાથે રૂબરૂ મુલાકાત કરી હતી. આ બેઠક દરમિયાન નેતાઓએ શહેરની વર્તમાન ટ્રાફિક વ્યવસ્થાનું સંચાલન બિરદાવવાની સાથે નાગરિકોને રોજિંદા ધોરણે પડતી મુશ્કેલીઓ દૂર કરવા ચોક્કસ બ્લુ પ્રિન્ટ અને રોડમેપ સાથે કામગીરી કરવા અંગે વિસ્તૃત રજૂઆતો કરી હતી.

કોંગ્રેસ નેતાઓ દ્વારા ટ્રાફિક વ્યવસ્થાને વધુ સરળ, સુરક્ષિત અને સુવ્યવસ્થિત બનાવવા માટે વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓનું આવેદનપત્ર ડીસીપીને સોંપવામાં આવ્યું હતું. આવેદનમાં પીક અવર્સ દરમિયાન મુખ્ય ચાર રસ્તાઓ અને ટ્રાફિક પોઈન્ટ પર યોગ્ય પોલીસ સંચાલન રાખવા તેમજ વાહનોના આડેધડ પાર્કિંગની સમસ્યા દૂર કરવા ભાર મુકાયો હતો.

આ ઉપરાંત, ભવિષ્યમાં શહેરનો જે રીતે વિકાસ થઈ રહ્યો છે તેને પહોંચી વળવા માટે ચોક્કસ રોડમેપ અંગેના સુચારૂ મંતવ્યો પણ રજૂ કરાયા હતા.

આ તમામ સકારાત્મક સૂચનોને ટ્રાફિક ડીસીપી ડો. હરપાલ સિંહ જાડેજાએ સહર્ષ આવકારીને ટ્રાફિક સુધારણા માટે યોગ્ય પગલાં ભરવાની ખાતરી આપી હતી. તેમણે ઉમેર્યું હતું કે નાગરિકોની સુવિધા માટે આ સૂચનોને ધ્યાનમાં રાખીને જરૂરી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવશે. આ અગત્યની મુલાકાતમાં પ્રદેશ કોંગ્રેસના સિનિયર નેતાઓ ડો. હેમાંગ વસાવડા, ગાયત્રીબા વાઘેલા, અશોકસિંહ વાઘેલા, જસવંત સિંહ ભટ્ટી, પ્રદેશ યુવા નેતા તુષિત પાનેરી તેમજ શહેર કોંગ્રેસ અગ્રણીઓ ધવલ બુચ અને કૃષ્ણદત્ત રાવલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા

# આર્યસમાજ હાથીખાના-માયાણીનગર દ્વારા શુક્રવારે ઉપાકર્મ પર્વની ઉજવણી

**અબતક, રાજકોટ**

આર્યસમાજ હાથીખાના-માયાણીનગર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રાવણી ઉપાકર્મ પર્વનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પર્વ અંતર્ગત નવી જનોઈ ધારણ કરવાનો તથા જૂની જનોઈ બદલવાનો વિશેષ વિધિ કાર્યક્રમ યોજાશે. આ સાથે જ હૈદરાબાદ સત્યાગ્રહના શહીદોને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે.આ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમ શુક્રવારના રોજ સવારે ૮:૩૦ થી ૯:૩૦ કલાક દરમિયાન આર્યસમાજ માર્ગ, આર્યસમાજ માયાણીનગર, રાજકોટ ખાતે યોજાશે. આ મહોત્સવમાં શહેરના સર્વે ધર્મપ્રેમી ભાઈઓ અને બહેનોને ઉપસ્થિત રહીને ધર્મલાભ લેવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ આયોજન અંગે પ્રમુખ નટવરસિંહ પરમાર, ઉપપ્રમુખ ભરતભાઈ ઓડેસરા, કોષાધ્યક્ષ વલ્લભભાઈ પીપરીયા, મંત્રી વિજયભાઈ બોરીચા અને સહમંત્રી મૌલિકભાઈ ડોડીયા સહિતના હોદ્દેદારો દ્વારા તમામ વ્યવસ્થાઓ આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

# રક્ષાબંધને બહેનો બીઆરટીએસ અને સિટી બસમાં મફત મુસાફરી કરી શકશે

### કોર્પોરેશનના પદાધિકારીઓ અને મ્યુનિસિપલ કમિશનર દ્વારા સત્તાવાર જાહેરાત



**અબતક, રાજકોટ**

રક્ષાબંધને બહેનો બીઆરટીએસ અને સિટી બસમાં મફત મુસાફરી કરી શકશે.તેવી જાહેરાત મેયર ડો.નેહલ શુકલ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા શાસક પક્ષ નેતા ડો.હિરેનભાઈ ખીમાણીયા, શાસક પક્ષ દંડક સંજયસિંહ રાણા કરવામાં આવી છે. રાજકોટ મહાનગરપાલિકાદ્વારા દર વર્ષની પરંપરા મુજબ આગામી શુક્રવારના રોજ રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિતે સિટી બસ સેવા અને બી.આર.ટી.એસ. બસ સેવા બહેનો/મહિલાઓ માટે નિઃશુલ્ક મુસાફરીની ભેટ આપે છે. રક્ષાબંધનના પવિત્ર તહેવારના દિવસે કોઈપણ રૂટ પર, ગમે તેટલી વખત ફક્ત બહેનો/મહિલાઓ નિઃશુલ્ક મુસાફરી કરી શકશે. જયારે પુરુષો/ભાઈઓએ મુસાફરી દરમ્યાન રાબેતામુજબ જ નિયત દરની ટીકીટ લેવાની રહેશે.

# ઠક્કરબાપા પ્રાથમિક શાળામાં 'આર્ય કલા રંગ' પ્રોજેકટનો કરાયો શુભારંભ

## વિદ્યાર્થીઓમાં કલ્પના, સર્જનાત્મકતા, અને કલાત્મક અભિવ્યકિત રજૂ કરવાની તક મળી રહેશે

**અબતક,રાજકોટ**

સરકારી શાળાના બાળકોમાં રહેલી સુષુપ્ત કલાપ્રતિભાને ઉજાગર કરી તેને યોગ્ય દિશા અને મંચ મળે તેવા ઉમદા હેતુ સાથે ઠક્કરબાપા શાળામાં 'આર્ય કલા રંગ' પ્રોજેક્ટનો શુભારંભ કરવામાં આવ્યો છે.



આર્ય એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ તથા રામા સ્ટુડિયોના સંયુક્ત ઉપક્રમે શરૂ કરવામાં આવેલા આ પ્રોજેક્ટ અંતર્ગત બાળકોને વિવિધ પ્રકારની કલા અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવી રહ્યા છે. પ્રથમ જ દિવસે વિદ્યાર્થીઓમાં કલા પ્રત્યેનો ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો. 'આર્ય કલા રંગ' ટીમમાં આર્ટિસ્ટ તેહસિબ તથા ક્રાફ્ટ માટે સોનલબેનનો પણ મહત્વપૂર્ણ સહયોગ રહ્યો છે.

રામા સ્ટુડિયોના આરતીબેનના સંયુક્ત ઉપક્રમે 'આર્ય કલા રંગ' સરકારી શાળાના બાળકોની પ્રતિભાને એક નવી દિશા આપવાનું અને તેમની અંદર છુપાયેલા કલાકારને પોતાની ઓળખ બનાવવાનું એક સુંદર માધ્યમ બની રહ્યું છે.

આ સેવાકાર્યમાં કલા ક્ષેત્ર સાથે જોડાયેલા કલાકારો તથા બાળકો માટે પોતાની કલા અને કૌશલ્યનું યોગદાન આપવા ઈચ્છુક સેવાભાવી વ્યક્તિઓને જોડાવા માટે રામા સ્ટુડિયોના આરતીબેન અને આર્યા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ભાવના બેન કક્કડ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

આવા સેવાભાવી કલાકારો, આર્ટિસ્ટ તથા કલા ક્ષેત્રે નિપુણ એવા અને આવા બાળકો સાથે કાર્ય કરવા ઈચ્છતા કલાકારો ૮૨૦૦૦૪૨૩૩૧ તથા ૯૩૨૭૫૭૫૪૪૪ નંબર પર સંપર્ક કરીને 'આર્યા કલા રંગ' ટીમ સાથે જોડાઈ શકે છે.

# બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીનો સતત બીજા વર્ષે ગુજરાતમાં પ્રથમ ક્રમ








## વડોદરા સહકારી ફેડરેશન દ્વારા બેસ્ટ પર્ફોર્મન્સ એવોર્ડ એનાયત ચેરમેન રશ્વીનભાઈ ડોડિયાની કુનેહથી સહકારી પ્રવૃત્તિનો વ્યાપ વધ્યો

**અબતક, રાજકોટ**

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીએ સતત બીજા વર્ષે સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમ મેળવી બગસરા સહિત અમરેલી જિલ્લાના સહકારી ક્ષેત્રનું ગૌરવ વધાર્યું છે. સમગ્ર ગુજરાતની ૬૭૭૯થી વધુ શરાફી સહકારી મંડળીઓમાં નફાકારકતા, આર્થિક વિશ્વસનીયતા તથા સામાજિક ક્ષેત્રે પ્રદાનને ધ્યાને લઈ શ્રેષ્ઠ સંસ્થાઓની પસંદગી કરવામાં આવી હતી. જેમાં બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીએ સતત બીજા વર્ષે રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

વડોદરા ખાતે ધી બરોડા ડિસ્ટ્રિક્ટ ક્રેડિટ સોસાયટી ફેડરેશન લિ.ના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે રજત જયંતિ મહોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના ચેરમેન રશ્વીનભાઈ ડોડિયાને કર્ણાટક રાજ્ય કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનના ચેરમેન એસ. ચંદ્રશેખરના વરદ હસ્તે બેસ્ટ પર્ફોર્મન્સ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. મંડળીની આ સિદ્ધિ પાછળ ચેરમેન રશ્વીનભાઈ ડોડિયાની કુનેહપૂર્ણ કામગીરી અને માર્ગદર્શનને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. તેમના નેતૃત્વ હેઠળ મંડળીની સહકારી પ્રવૃત્તિઓનો વ્યાપ સતત વિસ્તરી રહ્યો છે અને સભાસદોને આર્થિક તથા સામાજિક રીતે વધુ સશક્ત બનાવવાના પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે. રજત જયંતિ સમારોહમાં ગુજરાત સ્ટેટ કો-ઓપ. ક્રેડિટ સોસાયટી ફેડરેશનના ચેરમેન ઘનશ્યામભાઈ અમીન, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર ગીતાબેન મકવાણા, ડભોઈના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા (સોઢા), મહારાષ્ટ્ર રાજ્ય કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી ફેડરેશનના ચેરમેન દીપકભાઈ પટવર્ધન, કર્ણાટક રાજ્ય કો-ઓપરેટિવ સોસાયટી ફેડરેશનના ડાયરેક્ટર ડો. સંજય હોસમથ, મહારાષ્ટ્ર રાજ્ય કો-ઓપ. સોસાયટી ફેડરેશનના ડાયરેક્ટર વાસુદેવ કાલે, પશ્ચિમ બંગાળ રાજ્ય કો-ઓપ. ક્રેડિટ સોસાયટી ફેડરેશનના ઉપપ્રમુખ આરુપ બોરલ તથા ડાયરેક્ટર પ્રતાપ પારૈયા સહિતના સહકારી આગેવાનો અને ૫૩૪ સહકારી સંસ્થાઓના ચેરમેન ઉપસ્થિત રહ્યા હતા.

એવોર્ડ સ્વીકાર્યા બાદ ચેરમેન રશ્વીનભાઈ ડોડિયાએ પોતાના પ્રતિભાવમાં શરાફી સહકારી મંડળીઓ સામેના વિવિધ અવરોધો અને પડકારો અંગે રજૂઆત કરી હતી. સહકારી ક્ષેત્રના વિકાસ માટે જરૂરી બાબતો અંગે પણ તેમણે સહકારી આગેવાનો સમક્ષ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

સમગ્ર રજત જયંતિ મહોત્સવનું આયોજન ચેરમેન આર.એમ. પટેલ તથા મંત્રી ગોવિંદ દહીવલકર દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની વડોદરા શાખાના એમ.ડી. દિલીપભાઈ નેપાળી, ડિરેક્ટર અનુરાગભાઈ શર્મા, હિંમતભાઈ પટેલ, શાખા એડવાઈઝરી બોર્ડના સભ્યો, જનરલ સેક્રેટરી ડી.જી. મહેતા, શાખા સેક્રેટરી ભાવેશભાઈ ગોહિલ તથા શાખાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સતત બીજા વર્ષે રાજ્યમાં પ્રથમ ક્રમ અને બેસ્ટ પર્ફોર્મન્સ એવોર્ડ પ્રાપ્ત થતાં બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની સિદ્ધિને સહકારી ક્ષેત્રમાં નોંધપાત્ર ઉપલબ્ધિ તરીકે જોવામાં આવી રહી છે.

# સીએસ રાજકોટ પ્રોફેશનલનું ૧૭.૩૬ ટકા અને એક્ઝિક્યુટિવનું ૨૧.૩૭ ટકા પરિણામ

## ઓલ ઈન્ડિયા ટોપ-૨૫માં અમદાવાદ બ્રાન્ચના એક્ઝિક્યુટિવમાં ૭ અને પ્રોફેશનલમાં ૫ વિદ્યાર્થીનો સમાવેશ:ઓલ ઈન્ડિયા રેન્કમાં પ્રોફેશનલ પ્રોગ્રામમાં જયપુર કેન્દ્રની ખુશી અગ્રવાલ અને મુંબઈ કેન્દ્રની સાનિયા સમીરખાન સમગ્ર દેશમાં સંયુક્ત રીતે પ્રથમ ક્રમે રહી

**અબતક, રાજકોટ**

ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયાની જૂન સીએસ પ્રોફેશનલ અને એક્ઝિક્યુટિવ પ્રોગ્રામનું પરિણામ જાહેર થયું છે. તેમાં અમદાવાદ ચેપ્ટર સીએસ પ્રોફેશનલનું ગ્રુપ-૧નું ૩૫.૧૧ ટકા અને ગ્રુપ-૨નું ૩૧.૬૪ ટકા પરિણામ આવ્યું છે.સીએ એક્ઝિક્યુટિવ પ્રોગ્રામનું ગ્રુપ-૧નું ૨૮.૨૬% અને ગ્રુપ-૨નું ૨૭.૧૯% આવ્યું છે. સીએસ એક્ઝિક્યુટિવ-ફાઈનલમાં ઓલ ઈન્ડિયા લેવલે ટોપ ૫૦માં કુલ ૧૨ વિદ્યાર્થીએ સ્થાન મેળવ્યું છે. જેમાં સીએ એક્ઝિક્યુટિવમાં ૭ અને ફાઈનલમાં ૫ વિદ્યાર્થીએ સ્થાન મેળવ્યું છે. ૧૦ વર્ષોમાં પ્રથમવાર ૧૨ વિદ્યાર્થી આવ્યા છે.ખાસ કરીને રાજકોટ કેન્દ્રનું પ્રોફેશનલ પ્રોગ્રામનું ગ્રુપ-૧ માં ૧૭.૯૫ ટકા અને ગ્રુપ-૨ માં ૩૫.૭૧ ટકા વિદ્યાર્થીઓએ સફળતા નોંધાઈ છે જયારે એક્ઝિક્યુટિવ પ્રોગ્રામનું ગ્રુપ-૧ માં ૨૧.૨૧ ટકા અને



ગ્રુપ-૨ માં ૧૬.૪૬ ટકા ઉમેદવારો પાસ થયા છે.

જામનગર કેન્દ્રનું પ્રોફેશનલ પ્રોગ્રામ ગ્રુપ-૧ માં ૫૭.૮૯ ટકા જેવો ઊંચો પાસિંગ દર રહ્યો છે, જ્યારે ગ્રુપ-૨ માં ૩૫.૭૧ ટકા ઉમેદવારો સફળ થયા છે.એક્ઝિક્યુટિવ પ્રોગ્રામ ગ્રુપ-૧ માં ૧૯.૩૫ ટકા અને ગ્રુપ-૨ માં ૮.૮૨ ટકા ઉમેદવારો ઉત્તીર્ણ થયા છે તેમજ ગાંધીધામ કેન્દ્રનું પ્રોફેશનલ પ્રોગ્રામ ગ્રુપ-૧ માં ૨૦.૦૦ ટકા અને ગ્રુપ-૨ માં ૩૫.૭૧ ટકા સફળતા મળી છે.એક્ઝિક્યુટિવ પ્રોગ્રામ ગ્રુપ-૧ માં ૧૮.૯૨ ટકા અને ગ્રુપ-૨ માં ૬.૪૫ ટકા પરિણામ રહ્યું છે.

ઓલ ઈન્ડિયા ટોપ ૨૫માં અમદાવાદ બ્રાન્ચના એક્ઝિક્યુટિવમાં ૭ અને પ્રોફેશનલમાં ૫ વિદ્યાર્થીનો સમાવેશ જયારે ઓલ ઈન્ડિયા રેન્કમાં પ્રોફેશનલ પ્રોગ્રામમાં જયપુર કેન્દ્રની ખુશી અગ્રવાલ અને મુંબઈ કેન્દ્રની સાનિયા સમીર ખાન સમગ્ર દેશમાં સંયુક્ત રીતે પ્રથમ ક્રમે રહી છે.સેક્રેટરીસ ઓફ ઈન્ડિયાની સીએસ એક્ઝિક્યુટિવ પ્રોગ્રામ અને સીએસ પ્રોફેશનલ પ્રોગ્રામ (સિલેબસ ૨૦૨૨)ની પરીક્ષાઓ ૨૧મીથી ૨૮મી ડીસેમ્બર ,૨૦૨૬ દરમ્યાન બપોરના સેશનમાં યોજાશે. આ પરીક્ષા માટેની ઓનલાઈન નોંધણી, પરીક્ષા ફી ભરવાની પ્રક્રિયાનો આજે ૨૬મી ઓગષ્ટથી પ્રારંભ થશે.

# ક્રૂડના ભાવ ગગડ્યાં, રૂપિયો સુધર્યો: શેરબજાર-બુલિયન બજારમાં નરમાશ

## ક્રૂડ ઓઈલમાં ૨ દિવસમાં ૬ટકાના કડાકા સાથે ૮૦ ડોલર અને રૂપિયો ૩૩ પૈસા મજબૂત થઈ ૯૫.૪૧ ના સ્તરે



**અબતક, રાજકોટ**

પશ્ચિમ એશિયામાં તણાવ ઘટવાના સંકેતો વચ્ચે વૈશ્વિક બજારમાં કાચા તેલ (ક્રૂડ ઓઈલ)ના ભાવમાં બે દિવસમાં ૬ ટકા જેટલો મોટો કડાકો બોલાયો છે. ક્રૂડ તેલ સસ્તું થતાં અને રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા ડોલરના વેચાણથી ભારતીય ચલણ રૂપિયામાં ૩૩ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો, જ્યારે સ્થાનિક શેરબજારમાં પણ સેન્સેક્સ ૨૦૦ પોઈન્ટ જેટલો ઉછળ્યો રહ્યો હતો. પરંતુ ઉચા મથાળે વેચવાલીનું દબાણ વધતા બજાર રેડ ઝોનમાં આવી ગયું હતું. બુલિયન બજારમાં નરમાશ જોવા મળી હતી. સોના અને ચાંદીના ભાવ તુટયાં હતાં.

વૈશ્વિક તેલ પરિવહન માટે અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાતા સ્ટ્રેટ ઓફ હોર્મુઝના જળમાર્ગના સંચાલનને લઈને ઈરાન અને પાડોશી દેશ ઓમાન વચ્ચે ફરી સકારાત્મક વાતચીત શરૂ થઈ છે. અમેરિકી આર્થિક દબાણ અને કૂટનીતિક પ્રયાસો વચ્ચે આ દરિયાઈ માર્ગ ફરી સામાન્ય થવાની આશા જાગતાં તેલ બજારમાં ગભરાટ દૂર થયો છે અને ભાવ ઝડપથી નીચે આવ્યા છે.બ્રેન્ટ ક્રૂડ પ્રતિ બેરલ ૨.૬૫ ટકા ઘટીને ૮૬ ડોલર અને રોઈટર્સ અનુસાર અગાઉ ૮૯.૨ ડોલર ની નીચે આવી ગયું હતુ યુએસ ક્રૂડઃ ૨.૩૬ ટકા ઘટીને ૮૦.૪૨ ટકા પ્રતિ બેરલ પર ટ્રેડ થઈ રહ્યું છે.

ક્રૂડ ઓઈલના ભાવ ઘટતાં અને સરકારી બેંકો મારફતે આરબીઆઈના હસ્તક્ષેપને કારણે રૂપિયો મજબૂત બન્યો હતોરૂપિયો પાછલા બંધ ૯૫.૭૪ સામે ૩૩ પૈસા સુધરીને ૯૫.૪૧ ના સ્તરે રહ્યો હતો. તણાવ હળવો થતાં સરકારી બોન્ડ માર્કેટમાં ૧૦ વર્ષના બેન્ચમાર્ક બોન્ડની યીલ્ડ ૨ બેસિસ પોઈન્ટ ઘટીને ૬.૮૫ ટકા થઈ હતી.કાચું તેલ સસ્તું થવાથી દેશના આયાત બિલ અને ફુગાવાની ચિંતા હળવી થઈ હતી

# જૂનાગઢની નોબેલ કોલેજના બોગસ શિક્ષકોને છાવરવા રૂ.૧૦ લાખની લાંચ ઓફર થઈ! સીબીઆઈએ કેસ કર્યો

## નોબેલ આયુર્વેદિક કોલેજના ટ્રસ્ટી પ્રતીક મોરી અને ડો. અભય નાલવડે સામે દિલ્હી સીબીઆઈમાં ગુનો દાખલ

**અબતક, રાજકોટ**

જૂનાગઢની નોબેલ આયુર્વેદિક કોલેજમાં કાગળ પર દર્શાવાયેલા બોગસ શિક્ષકોને કાયદેસર ઠેરવવા અને સાનુકૂળ રિપોર્ટ મેળવવા માટે ૧૦ લાખની લાંચ આપવાના પ્રયાસ બદલ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન દ્વારા કોલેજના ટ્રસ્ટી પ્રતીક મોરી અને પ્રોફેસર ડો. અભય નાલવડે વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.દિલ્હી સીબીઆઈમાંથી મળતી માહિતી મુજબ, નેશનલ કમિશન ફોર ઈન્ડિયન સિસ્ટમ ઑફ મેડિસિનની હિયરિંગ કમિટીના એક સભ્યને નોબેલ આયુર્વેદિક કોલેજના ૧૩ શિક્ષકોની ચકાસણીની જવાબદારી સોંપવામાં આવી હતી. આ શિક્ષકો માત્ર કાગળ પર જ કામ કરતા હોવાની ગંભીર શંકા હતી. તપાસ કમિટીના સભ્યને એક વોટ્સએપ કોલ આવ્યો હતો. જેમાં ૧૩ શિક્ષકોને કિલયરન્સ આપીને કોલેજના પક્ષમાં સકારાત્મક અહેવાલ સબમિટ કરવા બદલ ૧૦ લાખની લાંચ આપવાની ઓફર કરવામાં આવી હતી.૧૮ ઓગસ્ટ જૂનાગઢ કોલેજના ફેકલ્ટી સભ્ય ડો. અભય નલાવડેએ ડો. મહાડિકને વોટ્સએપ કોલ કરીને ૧૩ શિક્ષકોના પક્ષમાં સકારાત્મક અહેવાલ તૈયાર કરવા માટે નાણાકીય લાલચ આપી હતી.૧૯ ઓગસ્ટ ડો. નલાવડેએ પુનઃ વોટ્સએપ કોલ કરીને લાંચની ઓફર દોહરાવી હતી.૨૦ ઓગસ્ટ કોલ દરમિયાન નોબેલ આયુર્વેદિક કોલેજના ટ્રસ્ટી પ્રતિક મોરી પણ સંવાદમાં જોડાયા હતા અને ૧૩ બોગસ શિક્ષકોના નામો ક્લિયર કરવા બદલ રૂ. ૧૦ લાખ આપવાની સીધી ઓફર કરી હતી.ડો. મહાડિકે આ ગેરકાયદેસર ઓફરનો અસ્વીકાર કરીને ૨૧ ઓગસ્ટના રોજ દિલ્હી સીબીઆઈ એસીબી સમક્ષ લેખિત ફરિયાદ નોંધાવી હતી. સીબીઆઈ દ્વારા પ્રાથમિક અને ગુપ્ત ચકાસણી કરવામાં આવી, જેમાં પ્રથમ દ્રષ્ટિએ મોરી અને નલાવડે દ્વારા લાંચ આપવાની વાત સાચી હોવાનું સામે આવ્યું હતું. ચકાસણી દરમિયાન પ્રતિક મોરીએ ૨૨ ઓગસ્ટે દિલ્હી ખાતે ૧૦ લાખ રૂપિયા પહોંચાડવાનું વચન આપ્યું હતું.ભ્રષ્ટાચાર અને ષડયંત્ર ખુલ્લું પડતાં સીબીઆઈએ એ પ્રતિક મોરી અને ડો. અભય નલાવડે સામે ક્રિમિનલ કાવતરું રચવા અને પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ, ૧૯૮૮ ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી રાજ્યના મેડિકલ શિક્ષણ જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

# પાકિસ્તાનના ઈસ્લામાબાદની હોસ્પિટલમાં ભીષણ આગ: ૧૫ નવજાત બાળકોના મોત

## પિમ્સ હોસ્પિટલના ગાયનેકોલોજી વોર્ડમાં એસીના કમ્પ્રેસરમાં ધમાકો થતાં સર્જાઈ ગંભીર દુર્ઘટના

**અબતક, રાજકોટ**

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં આવેલી જાણીતી 'પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ' હોસ્પિટલમાં આજે એક હૃદયદ્રાવક દુર્ઘટના સામે આવી છે. હોસ્પિટલના બાળકોના વોર્ડ (નર્સરી) માં અચાનક ભયાનક આગ લાગતાં ઓછામાં ઓછા ૧૫ નવજાત બાળકોના મોત નીપજ્યા છે.

મળતી વિગતો અનુસાર, જે સમયે આ અકસ્માત સર્જાયો ત્યારે નર્સરી વોર્ડમાં કુલ ૧૬ નવજાત બાળકો સારવાર હેઠળ દાખલ હતા. આગ લાગ્યા બાદ તાત્કાલિક હાથ ધરાયેલા રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન ૧૬ માંથી માત્ર ૧ જ બાળકને સુરક્ષિત બહાર કાઢી શકાયું હતું, જ્યારે અન્ય ૧૫ અબોલ બાળકો આગમાં દાઝી જવાથી અને ગૂંગળામણને કારણે કરૂણ રીતે મૃત્યુ પામ્યા હતા.

પ્રાથમિક તપાસ અને સત્તાવાર અહેવાલો મુજબ, આ ભયાનક આગ નર્સરી વોર્ડમાં રહેલા એર કન્ડીશનરનું કમ્પ્રેસર ફાટવાના કારણે લાગી હતી. ધમાકા બાદ આગે જોતજોતામાં સમગ્ર વોર્ડને લપેટમાં લઈ લીધો હતો.

ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટુકડીઓએ સ્થળ પર પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો અને હાલ ત્યાં કુલિંગ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ ગોઝારી ઘટના બાદ હોસ્પિટલ તંત્ર અને સ્થાનિક વહીવટી તંત્ર સામે ભારે વિરોધ જોવા મળી રહ્યો છે.

# આયુર્વેદ-હોમિયોપેથી માટે પહેલી વખત અલગ પ્રવેશ પ્રક્રિયા, ૬ સપ્ટેમ્બર સુધી રજિસ્ટ્રેશન

## કેટલીક કોલેજોની પેનલ્ટી સાથે બેઠકોની વાસ્તવિક સ્થિતિ હવે પછી જાહેર કરાશે

**અબતક, રાજકોટ**

ધો.૧૨ પછી આયુર્વેદ અને હોમિયોપેથીમાં પહેલી વખત અલગ પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવી રહી છે. પ્રવેશ સમિતિ દ્વારા અગાઉ મેડિકલ-ડેન્ટલ માટેની પ્રક્રિયા શરૂ કર્યા બાદ હવે આયુર્વેદ અને હોમિયોપેથીમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ આગામી ૬ સપ્ટેમ્બર સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. ચાલુવર્ષે બેઠકોમાં ઘટાડો થવાની પણ શકયતાં છે.રાજયમાં અત્યાર સુધી મેડિકલ અને ડેન્ટલની સાથે જ આયુર્વેદ અને હોમિયોપેથીની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હતી. ચાલુવર્ષે કેન્દ્ર સરકાર દ્વારા અલગથી પ્રવેશ કાર્યક્રમ જાહેર કરવાના કારણે રાજ્ય સરકારે પણ અલગથી પ્રવેશ પ્રક્રિયા જાહેર કરી દેવામાં આવી છે. વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે ૧ હજાર રૂપિયા અને ૧૦ હજાર રૂપિયા ડિપોઝીટ મળીને કુલ ૧૧ હજાર રૂપિયા ફી ભરવાની રહેશે. મહત્વની વાત એ કે, હાલમાં કાઉન્સિલ દ્વારા જુદી જુદી આયુર્વેદ અને હોમિયોપેથીનું ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં મોટાભાગની કોલેજોમાં અલગ અલગ ખામીઓના કારણે બેઠકો કાપવાથી લઈને લાખો રૂપિયા પેનલ્ટી કરવામાં આવી રહી છે. હાલમાં આયુર્વેદ અને હોમિયોપેથીની મળીને અંદાજે ૮ હજાર બેઠકો ઉપલબ્ધ છે. આગામી દિવસોમાં પ્રવેશ સમિતિ દ્વારા સત્તાવાર બેઠકોની જાહેરાત કરવામાં આવશે. જોકે હાલમાં ઈન્સ્પેકશનના કારણે મોટાભાગની કોલેજોની બેઠકોમાં ઘટાડો થાય તેમ છે. સમિતિ દ્વારા હાલમાં વિદ્યાર્થીઓને ૨૫મીથી ૬ સપ્ટેમ્બરે બપોરે ૨ વાગ્યા સુધી ઓનલાઈન પીન ખરીદીને આજ સમય દરમિયાન રજિસ્ટ્રેશન કરવાની સૂચના આપવામાં આવી છે. રજિસ્ટ્રેશન પૂર્ણ થયા બાદ ૨૭મી ઓગસ્ટથી લઈને આગામી ૭મી સપ્ટેમ્બર સાંજે ૪ વાગ્યા સુધી હેલ્પસેન્ટરમાં જઈને ડોક્યુમેન્ટ ચકાસણી કરાવવાની રહેશે. પ્રવેશનો વિસ્તૃત કાર્યક્રમ એટલે કે ચોઈસ ફિલિંગ, પ્રવેશ ફાળવણી અને બેઠકોની છેલ્લી સ્થિતિની વિગતો આગામી દિવસોમાં જાહેર કરવામાં આવશે.

# એચડીએફસી બેંકે ખોટી સ્કીમ પધરાવ્યાના આરોપથી રોકાણકારો વડાપ્રધાન કાર્યાલયના દ્વાર ખટખટાવશે

## દુબઈ શાખા મારફતે ઊંચા વળતરની લાલચ આપી ૧૧૫ કરોડથી વધુનું રોકાણ કરાવ્યાનો દાવો; વર્ષોથી નાણાં અટવાઈ પડતા રોકાણકારો હવે પીએમઓ અને આરબીઆઈ સમક્ષ કરશે રજૂઆત

**અબતક રાજકોટ**

દેશની અગ્રણી ખાનગી બેંક એચડીએફસી બેંક સામે ગ્રાહકોને ખોટી નાણાકીય પ્રોડક્ટ પધરાવવાનો ગંભીર આરોપ લાગ્યો છે. બેંકની દુબઈ શાખા મારફતે વિદેશી ફંડમાં રોકાણ કરનારા ૭૫થી વધુ રોકાણકારોના અંદાજે ૧૩.૫ મિલિયન ડોલર (આશરે ₹૧૧૫ કરોડથી વધુ) અટવાઈ પડતા ભારે હોબાળો મચી ગયો છે. લાંબા સમયથી પોતાના નાણાં પાછા મેળવવા માટે સંઘર્ષ કરી રહેલા રોકાણકારોનું આ જૂથ હવે ન્યાય માટે ભારતના વડાપ્રધાન કાર્યાલય તેમજ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના દ્વાર ખટખટાવવાની તૈયારી કરી રહ્યું છે.

રોકાણકારોના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૧૭ થી ૨૦૧૯ દરમિયાન એચડીએફસી બેંકના દુબઈ ઓપરેશન્સ દ્વારા 'કાર્લાઈલ એસેટ મેનેજમેન્ટ'ના લક્ઝમબર્ગ લાઈફ ફંડ નામની પ્રોડક્ટનું વેચાણ કરવામાં આવ્યું હતું. આ સ્કીમ આંતરરાષ્ટ્રીય સ્તરે લાઈફ ઈન્શ્યોરન્સ પોલિસી આધારિત રોકાણ સાથે જોડાયેલી હતી. રોકાણકારોનો મુખ્ય આરોપ છે કે બેંકના અધિકારીઓએ આ યોજનામાં 'મૂડી સંપૂર્ણપણે સુરક્ષિત' રહેશે તેવો ભરોસો આપ્યો હતો અને વાર્ષિક ૧૨ થી ૧૯ ટકા જેટલા ઊંચા વળતરની લાલચ આપી હતી. વધુમાં, રોકાણનું કદ વધારવા માટે લેવરેજ (લોન લઈને રોકાણ)ની સુવિધા પણ અપાઈ હતી, જે પાછળથી રોકાણકારો માટે ભારે નુકસાનકારક સાબિત થઈ.

રોકાણકારોની મુશ્કેલી ત્યારે વધી જ્યારે વર્ષ ૨૦૨૦માં કોવિડ મહામારી બાદ સંબંધિત ફંડ હાઉસે નાણાં પાછા ખેંચવા પર રોક લગાવી દીધી. ત્યારથી આજ દિન સુધી રોકાણકારોના કરોડો રૂપિયા ફસાયેલા છે અને તેમને કોઈ સંતોષકારક ઉકેલ મળ્યો નથી. દુબઈ, ભારત અને અન્ય દેશોમાં વસતા એનઆરઆઈ રોકાણકારોએ આ મામલે દુબઈ ફાઈનાન્શિયલ સર્વિસિસ ઓથોરિટી અને સેન્ટ્રલ બેંક ઓફ બહેરીન સમક્ષ પણ રજૂઆતો કરી છે અને હવે તેઓ બેંક વિરુદ્ધ કાનૂની કાર્યવાહી કરવાની દિશામાં આગળ વધી રહ્યા છે.

બીજી તરફ, આ વિવાદ અંગે એચડીએફસી બેંકે પોતાનો બચાવ કરતા જણાવ્યું છે કે બેંકે માત્ર એક ફેસિલિટેટર (મધ્યસ્થી) તરીકે ગ્રાહકોને થર્ડ-પાર્ટી પ્રોડક્ટમાં રોકાણની સુવિધા પૂરી પાડી હતી. ફંડનું સંચાલન, તેની કામગીરી અને રિડેમ્પશનની સંપૂર્ણ જવાબદારી સંબંધિત વિદેશી ફંડ હાઉસની છે. બેંકના પ્રવક્તાના જણાવ્યા મુજબ, આ મામલે આંતરિક તપાસ કરવામાં આવી હતી જેમાં મિસ-સેલિંગ કે નિયમોના ઉલ્લંઘનનો કોઈ પુરાવો મળ્યો નથી. બેંક હાલ લક્ઝમબર્ગના નિયમનકારી તંત્ર અને કાનૂની સલાહકારો સાથે સંપર્કમાં છે જેથી રોકાણકારોના હિતનું રક્ષણ થઈ શકે.

# રાજ્યના ૨૫ લાખથી વધુ પરિવારોના ૧.૧૪ કરોડ લાભાર્થીઓને પાંચ વર્ષથી નિ:શુલ્ક અનાજ વિતરણ

## ૧૩૬ લાખ મેટ્રિક ટન ઘઉં અને ચોખા તેમજ ૩ લાખ મેટ્રિક ટન બરછટ અનાજ અપાયું

**અબતક, રાજકોટ**

છેલ્લા પાંચ વર્ષમાં અન્ન સુરક્ષા યોજના હેઠળ રાજ્યમાં ૨૫ લાખ જરૂરિયાતમંદ કુટુંબોની ૧.૧૪ કરોડથી વધુ લાભાર્થી-જનસંખ્યાને વિનામૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવ્યું છે.જેમાં મુખ્યત્વે કુલ ૧૩૬ લાખ મે.ટન ઘઉં અને ચોખા તેમજ ૦૩ લાખ મે.ટન બરછટ અનાજનો સમાવેશ થાય છે. તેમ,અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકીએ જણાવ્યું હતું.

અન્ન સુરક્ષા યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં ૩,૦૬,૦૨૬ કુટુંબોના ૧૪,૪૮,૯૪૩ નાગરિકોને લાભ પહોંચાડવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૩-૨૪માં લાભાર્થી પરિવારોની સંખ્યા વધીને ૫,૬૩,૪૦૬ થઈ હતી, જેમાં ૨૫,૪૩,૧૦૧ જનસંખ્યાને સાંકળી લેવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪-૨૫માં ૭,૪૯,૨૫૨ કુટુંબોના ૩૪,૫૩,૪૦૩ નાગરિકોએ લાભ લીધો હતો. જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬માં રાજ્ય સરકાર દ્વારા ૯,૨૦,૬૧૦ કુટુંબોના કુલ ૩૯,૬૫,૩૨૫ નાગરિકોને અનાજનો લાભ આપવામાં આવ્યો છે.

છેલ્લા પાંચ વર્ષ દરમિયાન અનાજના વિતરણની વ્યવસ્થા જોઈએ તો, વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૬.૯૧ લાખ મેટ્રિક ટન ઘઉં અને ૧૨.૫૭ લાખ મેટ્રિક ટન ચોખાનું વિતરણ કરાયું હતું. વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૨.૬૬ લાખ મેટ્રિક ટન ઘઉં અને ૨૨.૭૦ લાખ મેટ્રિક ટન ચોખાનું વિતરણ થયું હતું.વર્ષ ૨૦૨૩-૨૪માં ૯.૨૦ લાખ મેટ્રિક ટન ઘઉં, ૧૧.૦૩ લાખ મેટ્રિક ટન ચોખા અને ૧.૨૮ લાખ મેટ્રિક ટન બરછટ અનાજનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૦.૪૮ લાખ મેટ્રિક ટન ઘઉં, ૧૧.૩૫ લાખ મેટ્રિક ટન ચોખા અને ૦.૮૪ લાખ મેટ્રિક ટન બરછટ અનાજ અપાયું હતું. વધુમાં વર્ષ ૨૦૨૫-૨૬માં ૮.૭૬ લાખ મેટ્રિક ટન ઘઉં, ૧૦.૪૫ લાખ મેટ્રિક ટન ચોખા અને ૦.૮૮ લાખ મેટ્રિક ટન બરછટ અનાજનું વિતરણ કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા અન્ન વિતરણ માટે વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ઘઉં પાછળ રૂ. ૬૬૪૦.૦૪ લાખ અને ચોખા પાછળ રૂ. ૪૪૭૮.૦૬ લાખ મળીને કુલ રૂ. ૧૧,૧૧૮.૧૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૨-૨૩માં ઘઉં માટે રૂ. ૩૨૨૭.૯૨ લાખ અને ચોખા પાછળ રૂ. ૮૪૪૯.૮૫ લાખ મળીને કુલ રૂ. ૧૧,૬૭૭.૭૭ લાખનો ખર્ચ થયો હતો. વર્ષ ૨૦૨૩-૨૪માં ઘઉં માટે રૂ. ૨૪૭૮.૦૨ લાખ અને ચોખા માટે રૂ. ૪૨૮૩.૮૩ લાખ સાથે કુલ રૂ. ૬૭૬૧.૮૫ લાખ ખર્ચવામાં આવ્યા હતા.

જ્યારે વર્ષ ૨૦૨૪-૨૫માં ઘઉં પાછળ રૂ. ૩૧૧૧.૪૧ લાખ અને ચોખા પાછળ રૂ. ૪૫૫૪.૫૩ લાખ મળીને કુલ રૂ ૭૬૬૫.૯૪ લાખનો ખર્ચ થયો હતો.જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬માં ઘઉં પાછળ રૂ. ૨૬૦૦.૭૫ લાખ અને ચોખા પાછળ રૂ. ૪૪૦૦.૫૦ લાખ મળીને રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૭૦૦૧.૨૫ લાખનો ખર્ચ કરીને જરૂરિયાતમંદ સુધી સમયસર અને પારદર્શક રીતે અનાજ પહોંચાડવામાં આવ્યું છે.

# રેલવેના વિવિધ પ્રશ્નો અંગે પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલની વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજરને રજૂઆત

## વેરાવળ-પોરબંદર ટ્રેનમાં કોચ વધારવા, નવી નાથદ્વારા ટ્રેન શરૂ કરવા અને વંદે ભારતનો સમય બદલવા સહિતની માંગ અંગે રેલવે જનરલ મેનેજરનું હકારાત્મક વલણ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રના રેલવેના પડતર પ્રશ્નો અને મુસાફરોની સગવડતા અંગે પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલે રાજકોટ મુલાકાતે આવેલા વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજર સાથે વિગતવાર ચર્ચા કરી રજૂઆતો કરી હતી. જેમાં રાજકોટથી વેરાવળ-સોમનાથ અને રાજકોટથી પોરબંદર જતી ટ્રેનોમાં મુસાફરોની ભારે ભીડને ધ્યાને રાખી કોચનો વધારો કરવાની માંગ કરવામાં આવી હતી. આ ઉપરાંત કોરોના કાળ પહેલાં સૌરાષ્ટ્ર મેઈલ બપોરે ૩:૨૯ કલાકે અને ત્યારબાદ ૩:૫૪ કલાકે ઉપડતી હતી, જ્યારે અગાઉ તે સાંજે ૬:૦૫ કલાકે રવાના થતી હતી તે પૂર્વવત સમય કરવા તેમજ



રાજકોટથી સવારે ઉપડતી વંદે ભારત ટ્રેનનો સમય બદલવા રજૂઆત કરાઈ હતી.

રાજકોટ અને અમદાવાદ વચ્ચે મુસાફરી કરતા પેસેન્જરોની તકલીફ દૂર કરવા જામનગર-સાબરમતી ટ્રેનમાં એસી અને નોન-એસી કોચ વધારવા જણાવાયું હતું. તેમજ જે રીતે ભાવનગર-નાથદ્વારા વાયા બોટાદ ટ્રેન શરૂ થઈ છે, તે જ રીતે રાજકોટથી નાથદ્વારા ટ્રેન શરૂ કરવા અથવા રાજકોટ અને ભાવનગર બંનેને સગવડ મળે તે માટે અલ્ટરનેટ ડે સેવા શરૂ કરવા સૂચન કરાયું હતું. સાથોસાથ હાપાથી હરિદ્વાર જતી સાપ્તાહિક ટ્રેનને દૈનિક ધોરણે ચલાવવા રજૂઆત કરવામાં આવી હતી. ગોવિંદભાઈ પટેલની આ રજૂઆતો બાદ જનરલ મેનેજરે કોચનો ઉમેરો કરવા, રાજકોટ-હરિદ્વાર ટ્રેન સપ્તાહમાં બે વખત ચલાવવા આશ્વાસન આપ્યું હતું તથા રાજકોટ-નાથદ્વારા ટ્રેન શરૂ કરવા અંગે પણ હકારાત્મક વલણ દાખવ્યું હતું,

# વિરપુર જૂથ સેવા સહકારી મંડળીની ૭૧મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

## ખેડુત સભાસદોને ૧૫% ડિવિડન્ટની જાહેરાત, રૂા. ૪૯ લાખનો પાકો નફો રજૂ કરાયો

**અબતક, રાજકોટ**

વિરપુર (જલારામ) ગામ મુકામે તા.૨૬/૦૮/૨૦૨૬ ના રોજ વીરપુર જુથ સે.સ.મં.લી. ની ૭૧ મી વાર્ષિક સાધારણ સભા રાજકોટ દુધ સંઘના ચેરમેન અને અમુલ ફેડરેશન ના વાઈસ ચેરમેન ગોરધનભાઈ ધામેલીયા જેઓ છેલ્લા ૩૨ વર્ષથી મંડળીના પ્રમુખ તરીકે ફરજ બજાવે છે.અને મંડળી સાથે જોડાયેલ ખેડુતોની સભ્ય સંખ્યા ૧૬૦૦ જેવી છે. તેઓના અધ્યક્ષ સ્થાને સાધારણ સભાનું આયોજન કરવામાં આવેલ.આ સાધારણ સભાના મુખ્ય મેહમાન તરીકે રાજકોટના પ્રમુખ લલિતભાઈ રાદડીયા,જેતપુર-નવાગઢ નગરપાલિકાના પ્રમુખ મીનાબેન ઉસદડીયા તેમજ જેતપુર ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ એસોસિયેશન ના પ્રમુખ જેન્તીભાઈ રામોલીયા ઉપસ્થીત રહેલા હતા

મંડળીના સંચાલક મંડળએ તૈયાર કરેલ વાર્ષિક હિસાબો રજુ કરતા પ્રમુખએ જણાવેલ ચાલુ વર્ષે મંડળીએ કરકસરયુક્ત વહીવટ કરીને રૂ.૪૯.૦૦ લાખનો પાકો નફો કરેલ છે અને સભાસદોને ૧૫% મુજબ ડીવીડન્ડ જાહેર કરેલ.

મંડળીમાંથી ધિરાણ લેતા સભાસદો ના પરિવારની આર્થિક સુરક્ષા માટે અકસ્માત વીમા પોલીસી રૂ.૧૨.૦૦ લાખ તેમજ અવસાન પામેલ સભાસદોના વારસદારોને લૌકિક ક્રિયા માટે રૂ.૧૦,૦૦૦/-હતી જેમાં રૂ.૫,૦૦૦/- નો વધારો કરી કુલ રૂ.૧૫,૦૦૦/- અને ગંભીર બીમારી સબબ રૂ.૧૦,૦૦૦/- ની આર્થિક સહાયની યોજનાની જાહેરાત કરેલી.

આ પ્રસંગે જેતપુર માર્કેટીંગયાર્ડના ચેરમેન જમનભાઈ ભુવા, તાલુકા સંઘના પ્રમુખ પ્રવીણભાઈ ગજેરા અને IFFCOના એરીયા મેનેજર બિપીનભાઈ પટેલ, ક્રિભકોના એરીયા મેનેજર સોરઠીયા ભાઈ ભાઈ, તાલુકા ભાજપ પ્રમુખ રસીકભાઈ સખીયા, જીલ્લા પંચાયત કારોબારી સભ્યો તથા તાલુકા ભરમાંથી સહકારી અને પંચાયત ક્ષેત્રના આગેવાનો અને મંડળી સાથે જોડાયેલ ખેડૂત સભાસદો બહોળી સંખ્યામાં સાધારણ સભામાં હાજર રહેલ હતા.

# ચોટીલા નજીક ટ્રકમાંથી રૂ. ૨૪ લાખની કિંમતનો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપાયો

## એલસીબી ની ટીમે ૧૩.૫૮૪ ચપલા, ૯૬૦ બિયરના ટીન મળી રૂ.૪૦ લખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**અબતક રણજીતસિંહ ધાધલ ચોટીલા**

તહેવારો નજીક આવતા બુટલેગરો પ્યાસીઓની પ્યાસ બુઝાવા સક્રિય થયા છે. પરંતુ પોલીસ તંત્રની બાજ નજરમાંથી બચવું મુશ્કેલ છે. ત્યારે સુરેન્દ્રનગર એલસીબીની ટીમે ચોટીલા - રાજકોટ નેશનલ હાઈવે પર આવેલા જાની વડલાના પુલ પાસેથી ટ્રકમાંથી વિદેશી દારૂના ૧૩.૫૮૪ ચપલા અને ૯૬૦ બિયર ના ટીન મળી રૂ.૪૦ લાખના મુદ્દા માલ સાથે રાજસ્થાનના શખ્સની ધરપકડ કરી છે. જ્યારે દારૂનો સપ્લાયર અને રીસીવર તેમજ ટ્રક ના માલિકની શોધખોળ હાથ ધરી છે.

સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂ એ જિલ્લામાં દારૂ અને જુગાર સહિતની બદીઓ નાબૂદ કરવા આપેલી સૂચનાના પગલે, સુરેન્દ્રનગર એલસીબી ની ટીમ ચોટીલા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી કે દરમિયાન હેડ કોન્સ્ટેબલ અજયસિંહ ઝાલાને બાતમી મળી હતી કે ,ચોટીલા નજીક જાની વડલા ફૂલ તરફથી GJ.31 U 0536 નંબરના ટ્રકમાં વિદેશી દારૂ અને બીયરના જથ્થા સાથે આવી રહ્યો છે. સુરેન્દ્રનગર એલસીબી ની ટીમ શાની વડલા ગામ નજીક આવેલા પુલ પાસે વોચમાં ગોઠવાઈ જઈ બાતમી મળેલો ટ્રક ગુજરાતી પસાર થતાં, અટકાવી તલાસી લેતા ટ્રકમાંથી વિદેશી દારૂના ૧૪.૫૪૪ અને ચપલા અને ૯૬૦ બિયર ના ટીન મળી આવતા, પોલીસી શરાબ, બીયર ના ટીન અને ટ્રક મળી રૂ.૪૦ લાખના મુદ્દામાલ સાથે રાજસ્થાનના નરપતલાલ માંગીલાલ ભાદુ નામના શખ્સની ધરપકડ કરી છે. જ્યારે ટ્રક માલિક, દારૂ નો સપ્લાયર અને રીસીવરની શોધ ખોળ હાથ ધરી છે. આ દરોડા ની કામગીરી એલસીબી પીઆઈ બી એચ શિંગરખીયા, પીએસઆઈ આર જે ગોહિલ, પેરોલ ફર્લો પીએસઆઈ એને એ રાયમાં, હેડ કોન્સ્ટેબલ અજયસિંહ ઝાલા, દેવરાજભાઈ જોગરાજીયા અને કોસ્ટેબલ કુવરસિંહ ઝાલા સહિતના સાથે બજાવી છે.

# કૃષ્ણભક્તિ અને કલાના સુમેળથી ગૃહિણી ઉર્વશીબેન સીમેજીયા બન્યાં આત્મનિર્ભર

## સરકારી મેળાઓના પ્લેટફોર્મ અને પોતાની કારીગરી થકી ઉર્વશીબેને પરિવારને પૂરો પાડ્યો આર્થિક ટેકો

**અબતક , રાજકોટ**

જન્માષ્ટમી પર્વ નિમિત્તે કૃષ્ણના શ્રૃંગાર અને પૂજા-સેવાની તૈયારીઓ ધામધૂમથી થતી હોય છે. કેવડાવાડી વિસ્તારમાં રહેતા અને 'લાલન શ્રૃંગાર' વ્યવસાય સાથે જોડાયેલા ઉર્વશીબેન સીમેજીયા પોતાની કલા અને કૃષ્ણભક્તિના સુમેળથી આત્મનિર્ભર બનીને ગૃહિણીઓ માટે પ્રેરણા સ્રોત બન્યા છે. તેઓ ઠાકોરજી માટે આધુનિક ડીઝાઈનમાં ડાયમંડ સેટ, મુગટ, પાગ, બંસરી, છડી, કુંડલ, કડા,



રમકડાં, ગુંજા માળા, પવિત્રા જેવા કલાત્મક શ્રૃંગાર અને વસ્ત્રો જાતે તૈયાર કરે છે.સરકાર માન્ય આર્ટિઝન કાર્ડ ધરાવતા ઉર્વશીબેન સરકારી મેળાઓના પ્લેટફોર્મનો ઉપયોગ કરીને પરિવારને સબળ આર્થિક ટેકો પૂરો પાડી રહ્યા છે. ગયા વર્ષે રાજકોટના પ્રસિદ્ધ જન્માષ્ટમી લોકમેળામાં તેમણે ભાગ લીધો હતો, જ્યાં તેમને માત્ર પાંચ દિવસના ટૂંકા સમયમાં રૂ. ૫૦ હજારથી વધુનો વકરો થયો હતો. આ ઉપરાંત, તાજેતરમાં મહિલા અને બાળ વિકાસ કચેરી દ્વારા આયોજિત ૧૦ દિવસીય રાખી મેળામાં પણ તેમના સ્ટોલ પર રૂ. ૩૦ હજારથી વધુનું વેચાણ થયું હતું.ઉર્વશીબેને રાજકોટ ઉપરાંત મોરબી, ભાવનગર, અમદાવાદ અને ગાંધીનગર ખાતેના સરકારી મેળાઓમાં પણ ભાગ લીધો છે. માર્ગી મહેતાના આલેખન મુજબ, ઉર્વશીબેને જણાવ્યું હતું કે સરકારી મેળાઓના કારણે મહિલા કારીગરોને સીધું માર્કેટ અને રોજગારી પ્લેટફોર્મ મળે છે. તેમની આ સફળતા દર્શાવે છે કે પરંપરાગત કલાને યોગ્ય પ્રોત્સાહન મળે તો તે આત્મનિર્ભરતાનો મોટો આધાર બની શકે છે.

# સિવિલ હોસ્પિટલના આંખના વિભાગ દ્વારા ૪૧માં 'ચક્ષુદાન પખવાડિયા'નો પ્રારંભ

## તબીબો દ્વારા દર્દીઓને ચક્ષુદાનનું ફોર્મ ભરી પ્રજ્ઞાચક્ષુઓની જિંદગીમાં અજવાળું પથરાવા કરાઈ અપીલ

**અબતક, રાજકોટ**

જી.ટી.શેઠ આંખ હોસ્પિટલ (સિવિલ હોસ્પિટલ) ખાતે કાલથી ૭ સપ્ટેમ્બર દરમિયાન ૪૧મા 'ચક્ષુદાન પખવાડિયા'ની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ઉજવણીના પ્રથમ દિવસે હોસ્પિટલના ડોક્ટર્સ અને નર્સિંગ સ્ટાફ દ્વારા સારવાર અર્થે આવેલા દર્દીઓ તેમજ તેમના પરિવારજનોને ચક્ષુદાન અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી અને જાગૃતિ પેમ્પલેટ્સનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.આ જાગૃતિ અભિયાન દરમિયાન દર્દીઓને સમજાવવામાં આવ્યું હતું કે વ્યક્તિના મૃત્યુ બાદ ૬ કલાક સુધીમાં ચક્ષુદાન કરી શકાય છે. તબીબોએ નાગરિકોને ચક્ષુદાનનું ફોર્મ ભરીને પ્રજ્ઞાચક્ષુઓની જિંદગીમાં અજવાળું પથરાવા આગળ આવવા અપીલ કરી હતી. નોંધનીય છે કે, સિવિલ હોસ્પિટલના આંખ વિભાગમાં આંખની તપાસ, નિદાન, જટિલ કેરાટોપ્લાસ્ટી સર્જરી તેમજ જરૂરી દવાઓ સંપૂર્ણ નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે.

આ અભિયાનને સફળ બનાવવા માટે આંખ વિભાગના હેડ અને તબીબી અધિક્ષક ડો. કમલસિંહ ડોડિયા, પ્રોગ્રામ ઓફિસર ડો. હરેશ ગઢિયા તેમજ આઈ બેંક અને કેરાટોપ્લાસ્ટી ટીમના ડો. નિતિ શેઠ, ડો. ફાલ્ગુની ત્રિવેદી, ડો. અંજલિ પડાયા અને ડો. હીના મેનાત સહિતનો સ્ટાફ ભારે જહેમત ઉઠાવી રહ્યો છે.

# સ્વ. અરવિંદભાઈ શાહની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે જીવદયા કાર્ય કરાયા



**અબતક,રાજકોટ**

જીવદયાપ્રેમી સ્વ. અરવિંદભાઈ લહેરચંદભાઈ શાહની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે જીવદયા કાર્ય, ધાર્મિક કાર્ય, દરિદ્રનારાયણને ભોજન પ્રસાદ નું આયોજન કરવામાં આવેલ. જેમાં ૬૦ કિલો જારનું ચણ કબુતરોને, ૫૦ રોટલી તથા ૪ લીટર દૂધ શ્વાનોને, ૫ કિલો કીડીયારું, ૧૨ કિલો કાંગ ચકલીઓને, ૧ મકાઈના ડોડા નું બાચકુ ૨૫ કિલો ખિસકોલીઓ માટે, ૧૩ મણ ઘાસચારો ગૌમાતાઓ માટે તેમજ રાધે રાધે ગૌશાળા માં ૧૮૦ દરીદ્ર નારાયણને ખીર, પૂરી, ચણા, ખમણ પુલાવ, ફ્રાયમ્સ નો ભોજન પ્રસાદ કરવામાં આવ્યો. સાથોસાથ ધાર્મિક કાર્ય ઈન્દુબાઈ મહાસતીજી તીર્થધામ નાલંદા ઉપાશ્રયમાં, સોનલબાઈ મહાસતીજીની પ્રેરણાથી ૨ આયંબિલ અને ૧૪ એકાસણા તપની આરાધના તેમજ ૪૦ વ્યક્તિઓ દ્વારા સામૂહિક જાપ અને સામાયિકની આરાધના કરવામાં આવેલ જેમાં દરેક ભાવિકોને પ્રભાવના આપવામાં આવેલ.

# રાજગોર બ્રાહ્મણ યુથ ક્લબનો શુક્રવારે ૧૨મો રક્ષાબંધન મહોત્સવ

## રક્ષાબંધનના પાવન પર્વે સ્નેહમિલન; જ્ઞાતિના અગ્રણીઓ, રાજકીય આગેવાનો અને મહાનુભાવો ઉપસ્થિત રહેશે, ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા

**અબતક, રાજકોટ**

રાજગોર બ્રાહ્મણ યુથ ક્લબ, રાજકોટ દ્વારા છેલ્લા બાર વર્ષથી રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે સ્નેહમિલન સહિતના કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ તા. ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬, શુક્રવારના રોજ ૧૨મા રક્ષાબંધન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.રાજગોર બ્રાહ્મણ યુથ ક્લબ દ્વારા આયોજિત આ ભવ્ય સ્નેહમિલન કાર્યક્રમ પૂજ્ય રણછોડદાસ બાપુ કોમ્યુનિટી હોલ, આનંદનગર, રાજકોટ ખાતે યોજાશે. કાર્યક્રમનો સમય સાંજે ૬:૦૦થી રાત્રે ૯:૩૦ વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે. સમસ્ત રાજગોર બ્રાહ્મણ પરિવારો માટે યોજાનારા આ સ્નેહમિલનમાં જ્ઞાતિના અગ્રણીઓ, રાજકીય આગેવાનો તથા વિવિધ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.





રક્ષાબંધનના પાવન પર્વે રાજગોર બ્રાહ્મણ સમાજના પરિવારો એક સ્થળે એકત્રિત થઈ પરસ્પર સ્નેહ, ભાઈચારો અને એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવે તેવા હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ઉપસ્થિત તમામ જ્ઞાતિજનો તથા મહેમાનો માટે ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે.આ પ્રસંગે રાજગોર બ્રાહ્મણ યુથ ક્લબ દ્વારા સમાજના તમામ પરિવારોને પરિવાર સાથે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા તથા ભોજન પ્રસાદનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સંસ્થાની ટીમનો ઉત્સાહ વધારવા માટે મોટી સંખ્યામાં જ્ઞાતિજનો કાર્યક્રમમાં ઉપસ્થિત રહે તેવી અપીલ કરવામાં આવી છે.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા ચેરમેન બંકીમ મહેતા, પ્રમુખ અજય જોષી (એડવોકેટ) તથા ઉપપ્રમુખ ચીમનભાઈ સાકળીયા (એડવોકેટ)ના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે.

કારોબારી સભ્યોમાં લલીતભાઈ ધાંધીયા, જસ્મીનભાઈ માઢક, જયેશભાઈ દવે, સંજયભાઈ જોષી (એડવોકેટ), કપીલ મહેતા, ચંદ્રેશભાઈ મહેતા, મેહુલભાઈ ચાવડાગોર, રાજુભાઈ વીકમા, શશીકાંતભાઈ જોષી, હિતેશભાઈ જોષી, હાર્દિકભાઈ મંડીર, દિપકભાઈ બામટા, જયેશભાઈ તૈરૈયા, રાજેશભાઈ મહેતા તથા જયરાજભાઈ ચાંઉ સહિતનો સમાવેશ થાય છે.

સલાહકાર સમિતિમાં મનીષ બામટા, કેતનભાઈ બોરીસાગર, ડો. જયંત મહેતા, ડો. દુષ્યંત સાકળીયા, ધર્મેશ મહેતા (એડવોકેટ), ચેતન પુરોહિત (એડવોકેટ), અક્ષય સાંકળીયા (એડવોકેટ), મનોજભાઈ રવિયા, દિનેશભાઈ ભુટક, ગીરધરભાઈ જોષી, ધિરેન્દ્રભાઈ પુરોહિત અને અરૂણ દવે સહિતના સભ્યો કામગીરીમાં સહયોગ આપી રહ્યા છે.મીડિયા સેલમાં રાજેશભાઈ મહેતા, મહેન્દ્રભાઈ જોષી, મોહિતભાઈ મહેતા, અભિષેક ધાંધીયા, નૈમિષ શીલુ, ચેતન જોષી અને મયુર શલુ સહિતના સભ્યો જવાબદારી સંભાળી રહ્યા છે.આ ઉપરાંત સંસ્થાના અન્ય સભ્યો અશ્વિનભાઈ જોષી, ધનશ્યામ ભરાડ, અમીતભાઈ માઢક, હાર્દિક મહેતા, યોગેશ મહેતા, ઉમેશ દવે, વિજય જોષી, જયેશભાઈ બોરીસાગર, કિશન રવિયા, જીતુભાઈ સાંકળીયા, અજયભાઈ રવિયા, ભાવેશ ભરાડ, પંકજભાઈ ચાંઉ, રજનીકાંત શીલુ, રમેશભાઈ મહેતા, ભાવિકભાઈ પંડયા, સત્યમ મહેતા, રમેશભાઈ દવે, વિજયભાઈ બોરીસાગર અને નરેશભાઈ મહેતા સહિતના સભ્યો સમગ્ર આયોજનમાં જહેમત ઉઠાવી રહ્યા છે.

# વિદ્યાર્થીનીના મોતના કેસમાં વીમા કંપનીની તપાસમાં ટ્રેઈલર ચાલકનું બોગસ હેવી લાયસન્સનો ખુલાસો, સીઆઈડીની સીટની સૂચનાથી ફરિયાદ

## અકસ્માત સમયે ટ્રાન્સપોર્ટ કેટેગરીનું લાયસન્સ ન હતું, ૫ મહિના પછી ૨૬ મે ૨૦૨૫ના ઉમેરાયું: કાનપુર આરટીઓના રિપોર્ટથી ભાંડો ફૂટ્યો, આજીડેમ પોલીસમાં ટ્રેઈલરના ચાલક અભિષેક સિંહ સામે ગુનો નોંધાયો હતો

**અબતક, રાજકોટ**

રાજકોટના ગ્રીનલેન્ડ ચોકડી પાસે રહેતા મૂળ ઉત્તર પ્રદેશના ટ્રેઈલર ચાલક અભિષેક કુમાર હકીમભાઈ સિંહ સામે બોગસ હેવી ડ્રાઈવિંગ લાયસન્સ બનાવી સાચા તરીકે રજૂ કર્યાની આજીડેમ પોલીસ મથકમાં વીમા કંપનીના મેનેજર એ ટેલરના ચાલક સામે ફરિયાદ નોંધાવી છે.

અમદાવાદના ખોડીયાર નગરમાં રહેતા અને ઈન્ડસઈન્ડ જનરલ ઈન્સ્યોરન્સમાં સિનિયર મેનેજર તરીકે ફરજ બજાવતા સુધાકર સેગર મુદલીયારે ફરિયાદી જણાવે છે કે તેની કંપનીમાં થર્ડ પાર્ટી ક્લેમનું ઈન્વેસ્ટિગેશનનું કામ સંભાળે છે. ગત તા.૨૧/૦૫/૨૦૨૬ના રોજ તેમના મેનેજર મયંકકુમાર પરમારે આજીડેમ પોલીસ સ્ટેશનના અરજી કરી હતી. આ એફઆઈઆર નુતનબેન પ્રવેન્દ્રભાઈ સિંહે ટ્રેઈલર જીજે ૦૧ સીવાય ૪૨૯૨ના ચાલક વિરુદ્ધ નોંધાવી હતી.

બનાવ તા.૨૬/૧૨/૨૦૨૪ના સાંજે પોણા છ વાગ્યે રાંદરડા તળાવ સામે રાજકોટ-અમદાવાદ-ગોંડલ નેશનલ હાઈવે પર બન્યો હતો. ફરિયાદીની બે દીકરી અનુપ્રિયા પ્રિયાંશી (૧૭) અને સાક્ષી (૧૪) એક્ટિવા જીજે ૦૩ એફએસ ૩૫૫૬ પર જતી હતી. અનુપ્રિયા ચલાવતી હતી. ટ્રેઈલર ચાલકે પુરઝડપે બેદરકારીથી એક્ટિવાને પાછળથી ઠોકર મારતા બંને પડી ગઈ હતી. સાક્ષીને જમણા હાથે છોલાયું હતું જ્યારે અનુપ્રિયાના ડાબા પગ પર ટ્રેઈલરનું આગળનું ટાયર ફરી વળતા સાથળના ભાગે ફ્રેક્ચર અને છૂંદાય જવાથી ગંભીર ઈજા થઈ હતી, સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. આ બનાવ અંગે મૃતકના માતા-પિતાએ કોર્ટ ક્લેમ કેસ નં.૨૧૭/૨૦૨૫ દાખલ કર્યો હતો. ટ્રેઈલરનો વીમો ઈન્ડસઈન્ડ કંપનીનો હોવાથી કોર્ટમાંથી સમન્સ મળતા કંપનીએ ડ્રાઈવરના લાયસન્સની ખરાઈ કરતા ભાંડો ફૂટ્યો હતો. તપાસ અધિકારીએ આરોપી અભિષેકકુમારની તા.૨૮/૧૨/૨૦૨૪ના અટક કરી જામીન મુક્ત કર્યો હતો અને તેણે કાનપુર દેહાતનું લાયસન્સ નં.૭૭૭૭ ૨૦૨૦૦૦૧૨૬૪ રજૂ કર્યું હતું.

કાનપુર આરટીઓ પાસેથી માહિતી મેળવતા જણાયું કે અકસ્માત ૨૬/૧૨/૨૦૨૪ના બન્યો ત્યારે લાયસન્સમાં ટ્રાન્સપોર્ટ કેટેગરીનું એન્ડોર્સમેન્ટ ન હતું, તે તા.૨૬/૦૫/૨૦૨૫ના રોજ ઉમેરાયું છે. એટલે અકસ્માત સમયે આરોપી પાસે હેવી લાયસન્સ જ ન હતું. તેણે બોગસ અને બનાવટી લાયસન્સ બનાવી સાચા તરીકે ઉપયોગ કરી પોલીસ તપાસમાં રજૂ કર્યું હતું.

આ અંગે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ સીઆઈડી ક્રાઈમ ગાંધીનગરને અરજી કરતા રાજકોટ ખાતે સીટની રચના કરાઈ અને કાયદેસર કાર્યવાહીની સૂચના મળતા અભિષેક સિંહ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

# ટપાલ વિભાગ દ્વારા ૯ સપ્ટેમ્બરે 'ડાક અદાલત'નું આયોજન

## ટપાલ સેવા સંબંધિત પ્રશ્નોનું સ્થળ પર નિવારણ કરાશે: ૩૧ ઓગસ્ટ સુધી અરજીઓ સ્વીકારાશે

**અબતક, રાજકોટ**

ભારતીય ટપાલ વિભાગ દ્વારા ટપાલ સેવાઓ સંબંધિત ફરિયાદો અને સમસ્યાઓના નિવારણ માટે ૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ બપોરે ૩:૩૦ કલાકથી પ્રાદેશિક ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ અદાલત પોસ્ટમાસ્ટર જનરલની કચેરી, રાજકોટ રીજીયન, ત્રીજો માળ, હેડ પોસ્ટ ઓફિસ બિલ્ડીંગ, રાજકોટ ખાતે યોજાશે.

ટપાલ સેવાઓને લગતી ફરિયાદ ધરાવતા અરજદારો જરૂરી આધાર-પુરાવા સાથે સ્પીડ પોસ્ટ અથવા રૂબરૂમાં મદદનીશ નિયામક ટપાલ સેવાઓ (૧) શ્રી બી. એન. પટેલની કચેરી ખાતે મોકલી શકે છે. આ ઉપરાંત complaint rorajkot.indiapost.gov.in ઈમેઈલ પર પણ ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ સુધી ફરિયાદો મોકલી શકાશે, જે બાદ મળેલી અરજીઓ ધ્યાને લેવાશે નહીં. અરજદારોને અદાલતમાં રૂબરૂ સાંભળવામાં આવશે, જ્યારે રૂબરૂ ન આવી શકે તેવા ગ્રાહકો નજીકની હેડ પોસ્ટ ઓફિસમાંથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જોડાઈ શકશે.સામાન્ય કે નીતિ વિષયક ફરિયાદો આ ડાક અદાલતમાં ધ્યાને લેવાશે નહીં તેમજ દરેક અરજીમાં માત્ર એક જ વિષય અંગેની ટૂંકી અને સ્પષ્ટ રજૂઆત હોવી જરૂરી છે, તેમ મદદનીશ નિયામક ટપાલ સેવાઓ (૧) શ્રી બી. એન. પટેલની યાદીમાં જણાવાયું છે.

# "તે મારી જિંદગી ખરાબ કરી નાખી છે" કહી ત્યક્તા પર પૂર્વ પતિનો અસ્ત્રા વડે હુમલો

## યુનિવર્સિટી રોડ પર રૂડા આવાસ યોજના ની ઘટના: પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી

**અબતક,રાજકોટ**

શહેરના યુનિવર્સિટી રોડ પર રૂડા આવાસ ક્વાર્ટર માં રહેતી ત્યક્તા પોતાના ઘરે હતી ત્યારે પૂર્વ પતિ દ્વારા ત્યક્તા અન્ય વ્યક્તિ સાથે રહેતી હોવાનો ખાર રાખી ઘરમાં ઘૂસી અને વાણંદ કામના અસ્ત્રા દ્વારા હાથ મોઢા અને દાઢી ના ભાગે હુમલો કરતા ત્યક્તા ને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલે ખસેડવામાં આવી હતી ઘટનાની જાણ થતા યુનિવર્સિટી પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને આરોપી વિરુદ્ધ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે

આ અંગે મળતી માહિતી મુજબ શહેરના યુનિવર્સિટી રોડ પર રૂડા ૨ આવાસ યોજનામાં રહેતી ચંદ્રિકાબેન કિશોરભાઈ દુધરેજીયા ઉંમર વર્ષ ૩૪ વર્ષીય ત્યક્તા પોતાના ઘરે હતી ત્યારે તેમના રૈયા ગામ પાસે રહેતા પૂર્વ પતિ કનીદાસ હરિરામ દેસાણી દ્વારા ઘરમાં ઘૂસી વાણંદ કામના અસ્ત્રા વડે ગળા ના ભાગે, મોઢા, અને દાઢીના ભાગે છરકા પાડી હુમલો કરતા લોહી લોહાણ હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી ઘટનાની જાણ થતા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને આ અંગે ચંદ્રિકાબેન દ્વારા તેમના પૂર્વ પતિ કાનદાસ દેસાઈ સાથે છુટાછેડા થયેલ હોય અને ચંદ્રિકાબેન અન્ય જગ્યાએ લગ્ન કરી લેવાનો ખાર રાખી હુમલો કર્યાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે આરોપી કાનદાસ હરિરામ દેસાણી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ બેલીમ એ વધુ તપાસ હાથ ધરી છે

# જોહર કાર્ડસ દ્વારા કર્મકાંડી બ્રાહ્મણો તથા પૂજારીઓને કાલે રાખડીઓનું નિઃશુલ્ક વિતરણ

**અબતક,રાજકોટ**

જોહર કાર્ડસ ગ્રૂપ દ્વારા તેમની ૫૯ વર્ષ ની પરંપરા મુજબ કર્મકાંડી બ્રાહ્મણભાઈઓને તથા પૂજારીઓને તેમના યજમાન ને રાખડી બાંધવા માટે તા.૨૭.૦૮.૨૦૨૬ ગુરુવારે રાત્રે




૯.૩૦ કલાક થી ૧૦.૩૦ કલાક સુધી નિઃશુલ્ક રાખડીઓ નુ વિતરણ કરવામા આવશે, આ પ્રસંગે ખાસ રાજકોટ ના મેયર શ્રી ડો નેહલભાઈ શુકલ પધારસે. સ્થળ : જોહર ગેલેરી, કાલાવડ રોડ, પ્રેમ મંદિર રોડ, ગાર્ડન સામે, રાજકોટ.

સ્પોર્ટ્સ અબતક

# ફોલોઓન આપવું ભારતને ક્યાંક ભારે ના પડે!: શ્રીલંકાની લડત જારી

## ટી બ્રેક સુધીમાં શ્રીલંકાએ ત્રણ વિકેટ ગુમાવી ૨૦૦ને પાર સ્કોર પહોંચાડ્યો: ફોલોઓન થયા બાદ બીજી ઈનિંગ્સમાં બેટિંગ કરવા ઉતરેલી શ્રીલંકન ટીમે ભારે ધૈર્ય અને સંયમ બતાવ્યો

**અબતક, રાજકોટ**

કોલંબો ટેસ્ટમાં શ્રીલંકાએ ફોલોઓન રમતા બીજી ઈનિંગ્સમાં ૩ વિકેટ ગુમાવી દીધી છે. ટીમ તરફથી પસિન્દુ સૂરિયાબંડારા અને કેપ્ટન ધનંજયા ડી સિલ્વા ક્રિઝ પર છે. પસિન્દુએ સતત બીજી ઈનિંગમાં ફિફ્ટી ફટકારી છે.ટેસ્ટ મેચના ચોથા દિવસે રમત અત્યંત રોમાંચક અને સંવેદનશીલ મોડ પર પહોંચી ગઈ છે. ભારતીય કેપ્ટને શ્રીલંકાને પ્રથમ ઈનિંગ્સમાં વિશાળ લીડ મેળવ્યા બાદ ફોલોઓન આપવાનો નિર્ણય કર્યો હતો, પરંતુ હવે એ જ નિર્ણય ભારત માટે પડકારજનક સાબિત થઈ રહ્યો હોય તેવું લાગી રહ્યું છે.ફોલોઓન થયા બાદ બીજી ઈનિંગ્સમાં બેટિંગ કરવા ઉતરેલી શ્રીલંકન ટીમે ભારે ધૈર્ય અને સંયમ બતાવ્યો છે. ટોચના બેટ્સમેનોએ ભારતીય સ્પિનરો સામે ટકીને બેટિંગ કરી વિશાળ



ભાગીદારી નોંધાવી છે.ગ્રાઉન્ડની પિચ ચોથા દિવસે બેટિંગ માટે સાનુકૂળ દેખાઈ રહી છે. પ્રથમ ઈનિંગ્સની સરખામણીએ બોલ ઓછો ટર્ન થઈ રહ્યો છે, જેના કારણે ભારતીય બોલરો વિકેટ લેવા માટે ભારે સંઘર્ષ કરી રહ્યા છે.સતત બે ઈનિંગ્સમાં બેક-ટુ-બેક બોલિંગ કરવાના કારણે ભારતીય ફાસ્ટ બોલરો અને મુખ્ય સ્પિનરો થાકેલા જણાઈ રહ્યા છે, જેનો પૂરો ફાયદો શ્રીલંકન બેટ્સમેનો ઉઠાવી રહ્યા છે.ક્રિકેટના ઈતિહાસમાં ટેસ્ટ મેચમાં ફોલોઓન આપ્યા બાદ ચોથી ઈનિંગ્સમાં બેટિંગ કરવી હંમેશા મુશ્કેલ માનવામાં આવે છે. જો શ્રીલંકા ચોથા દિવસના અંત સુધી બેટિંગ કરીને ભારત સામે ૨૦૦ થી ૨૫૦ રનનો ટાર્ગેટ મૂકવામાં સફળ રહે છે, તો પાંચમા દિવસે તૂટેલી પિચ પર લક્ષ્યાંક ચેઝ કરવો ભારત માટે અત્યંત જોખમી બની શકે છે.શ્રીલંકાના સ્પિનરો પાંચમા દિવસે સ્પિન-ફ્રેન્ડલી વિકેટ પર ભારતીય બેટિંગ લાઈન-અપ માટે મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. હવે જોવાનું એ રહેશે કે પાંચમા દિવસે સવારે ભારતીય બોલરો શ્રીલંકાને ઝડપથી ઓલઆઉટ કરી શકે છે કે પછી શ્રીલંકા આ ટેસ્ટમાં ઐતિહાસિક વાપસી કરીને ભારતની જીતનો કોળિયો છીનવી લે છે.આજે મેચનો ચોથો દિવસ છે. બીજી ઈનિંગ્સમાં લાહિરુ ઉદારા ૩ રન બનાવીને મોહમ્મદ સિરાજ, કમિલ મિશારા ૩૨ રન બનાવીને રવીન્દ્ર જાડેજા અને કમિન્દુ મેન્ડિસ ૫૫ રન બનાવીને પ્રસિદ્ધ કૃષ્ણાનો શિકાર બન્યા. પસિન્દુ સોરિયાબંડારા અડધી સદી ફટકારીને ક્રિઝ પર છે.આ પહેલા શ્રીલંકાની પ્રથમ ઈનિંગ્સ ૨૯૦ રનમાં સમેટાઈ ગઈ હતી, જેના પછી ભારતે ૨૧૩ રનની સરસાઈ મેળવીને ફોલોઓન આપ્યું.આ પહેલા ભારત માટે પ્રથમ ઈનિંગ્સમાં પ્રસિદ્ધ ક્રિષ્ના અને માનવ સુથારે ૩-૩ વિકેટ લીધી હતી. જ્યારે શ્રીલંકાના સોનલ દિનુષાએ ૧૦૩ રનની શાનદાર સદીની ઈનિંગ્સ રમી. બે મેચની સિરીઝમાં ટીમ ઈન્ડિયા ૧-૦થી આગળ છે.

### સોનલ દિનુષાની સદી, ઝહીર અબ્બાસના ક્લબમાં જોડાયો



બીજી ટેસ્ટમાં ૧૦૦ રન બનાવતાની સાથે જ દિનુષાએ ખાસ સિદ્ધિ હાંસલ કરી. તેમનો સમાવેશ હવે ભારત સામે ટેસ્ટ ક્રિકેટમાં પોતાની પહેલી ત્રણ ઈનિંગમાં ૮૦ કે તેથી વધુ રન બનાવનારા બેટ્સમેનોની યાદીમાં થઈ ગયો છે. તેમના પહેલા ફક્ત ઈંગ્લેન્ડના એવર્ટન વીક્સ અને પાકિસ્તાનના દિગ્ગજ ઝહીર અબ્બાસે જ આ સિદ્ધિ હાંસલ કરી હતી. ૧૯૪૮માં ભારત સામેની પોતાની પહેલી ત્રણ ટેસ્ટ ઈનિંગમાં વીક્સે ૧૨૮, ૧૯૪ અને ૧૬૨ રન બનાવ્યા હતા. દરમિયાન, ઝહીર અબ્બાસે ૧૯૭૮માં ૧૭૬,૯૬ અને અણનમ ૨૩૫ રન બનાવ્યા હતા. હવે, ૨૦૨૬માં, દિનુષા ૧૦૦, ૮૪ અને ફરી સદી બનાવીને આ યાદીમાં સ્થાન મેળવી ચૂક્યો છે.

# અનાયા બાંગરને ઓસ્ટ્રેલિયામાં મહિલા ‘કોમ્યુનિટી ક્રિકેટ’ રમવા માટે લીલીઝંડી મળી

## શાનદાર તક આપવા માટે હું ક્રિકેટ ઓસ્ટ્રેલિયાનો આભાર માનું છું: અનાયા



**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ક્રિકેટર સંજય બાંગરના સંતાન અનાયા બાંગરને લઈને એક મોટા સમાચાર આવ્યા છે. છોકરામાંથી છોકરી બનવા માટે સર્જરી કરાવ્યા બાદ, અનાયાને ઓસ્ટ્રેલિયામાં મહિલા ’કોમ્યુનિટી ક્રિકેટ’ રમવા માટે લીલી ઝંડી મળી ગઈ છે. મહિલા ક્રિકેટમાં એન્ટ્રી કરવી તેના માટે ખૂબ જ મુશ્કેલ હતી, પરંતુ હવે તેના માટે એક નવો રસ્તો ખુલી ગયો છે. આ મંજૂરી મળ્યા બાદ અનાયાએ આ દિવસને પોતાના જીવનનો સૌથી મોટો દિવસ ગણાવ્યો છે અને ઓસ્ટ્રેલિયાનો દિલથી આભાર માન્યો છે. તેણે પોતાની ભાવનાઓ વ્યક્ત કરતા એમ પણ કહ્યું કે, એક સમય એવો આવી ગયો હતો જ્યારે તેને લાગતું હતું કે હવે તે ક્યારેય ક્રિકેટ રમી જ નહીં શકે.

અનાયાએ આ જ વર્ષે પોતાની સર્જરી કરાવીને છોકરામાંથી છોકરી તરીકેની ઓળખ મેળવી છે. તે ઘણા લાંબા સમયથી ક્રિકેટ રમી રહી હતી, પરંતુ લિંગ પરિવર્તન કરાવ્યા બાદ એવા સવાલો ઉભા થયા હતા કે શું તે હવે મહિલા ક્રિકેટ રમી શકશે કે નહીં? જોકે, હવે ઓસ્ટ્રેલિયાએ તેને એક નવી તક આપી છે, જે એક ક્રિકેટર તરીકે તેના માટે બહુ મોટી ક્ષણ છે.

અનાયા બાંગરે પોતાની ખુશી વ્યક્ત કરતા કહ્યું હતું કે, “જ્યારે મને ખબર પડી કે હું ફરીથી ક્રિકેટ રમી શકું છું, ત્યારે એ મારા માટે એક ખૂબ જ મોટો દિવસ હતો. વચ્ચે એક સમય એવો હતો જ્યારે મને લાગતું હતું કે મારું ક્રિકેટ કરિયર હવે પૂરું થઈ ગયું છે અને હું ક્યારેય રમી નહીં શકું. મને આ શાનદાર તક આપવા માટે હું ક્રિકેટ ઓસ્ટ્રેલિયાનો આભાર માનું છું.“

### શું છે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના નિયમો?

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના નિયમો મુજબ, ટ્રાન્સજેન્ડર અને લિંગ-વિવિધતા ધરાવતા ખેલાડીઓને કેટલીક ચોક્કસ શરતોને આધીન રમવાની મંજૂરી આપવામાં આવે છે. રિપોર્ટ્સ અનુસાર, જે ખેલાડીઓના શરીરમાં ૧૨ મહિનાના સમયગાળા દરમિયાન સીરમ ટેસ્ટોસ્ટેરોનનું સ્તર પ્રતિ લિટર ૧૦ નેનોમોલથી નીચે હોય, તેમને જ રમવાની છૂટ છે. ભવિષ્યમાં જો અનાયા વિમેન્સ બિગ બેશ લીગમાં રમવા માંગતી હશે, તો તેણે આ કડક માપદંડોને પૂરા કરવા પડશે.

# ભારતને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનમાંથી દૂર ન કરી શકાય પણ કિવિ પ્રવાસ કપરો રહેશે: દ્રવિડ

## ભૂતપૂર્વ કોચ કહે છે વર્લ્ડ ટેસ્ટની ફાઈનલમાં પ્રવેશવા માટે ભારતીય ટીમને ખૂબ મહેનત કરવી પડશે



**અબતક, રાજકોટ**

ભારતના ભૂતપૂર્વ ટેસ્ટ ક્રિકેટર અને ભૂતપૂર્વ કોચ રાહુલ દ્રવિડનું કહેવું છે કે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલની રેસમાં ક્વોલિફાઈ થવા માટે ભારત ક્રિકેટ ટીમ થોડી પાછળ રહી ગઈ છે. હાલમાં શ્રીલંકા સામે ભારતીય ટીમનું પ્રદર્શન ઉત્સાહજનક છે, તેમ છતાં આગામી શ્રેણી દરમિયાન ન્યૂઝીલેન્ડને હરાવવું ટીમ માટે આસાન નહીં હોય. હાલમાં પોઈન્ટ ટેબલમાં પાંચમા સ્થાને રહેલી અને બે વાર ફાઈનલમાં પહોંચેલી ભારતીય ટીમ માટે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૦૨૭ ની બાકીની મોટા ભાગની મેચો જીતીને ઉપર આવવું એક કઠીન પડકાર છે.ટોચની બે ટીમ વચ્ચે આવતા વર્ષે ફાઈનલ રમાવાની છે. બાંગ્લાદેશ પાછળ પાંચમા ક્રમે રહેલી ભારતીય ટીમ જાન્યુઆરી ૨૦૨૭ થી ઘરઆંગણે ઓસ્ટ્રેલિયા સામે પાંચ ટેસ્ટ મેચની શ્રેણી રમે તે અગાઉ ન્યૂઝીલેન્ડમાં બે ટેસ્ટ મેચ રમશે. આ ઉપરાંત ભારત કિવિ ટીમ સામે પાંચ વન-ડે અને એટલી જ ટી૨૦ મેચ પણ રમશે. યુરોપિયન ટી૨૦ પ્રીમિયર લીગમાં ટીમના માલિક દ્રવિડને એક મુલાકાતમાં પૂછવામાં આવ્યું કે શું ભારત અહીંથી ફાઈનલમાં પહોંચી શકશે, ત્યારે તેણે કહ્યું, મને આશા છે કે તેઓ પહોંચશે. જો ભારત ફાઈનલ માટે ક્વોલિફાઈ થઈ જાય તો તે ખૂબ જ શાનદાર બાબત હશે.તેણે ઉમેર્યું હતું કે તેઓ થોડા પાછળ રહી ગયા છે, પરંતુ ભારતીય ટીમ પાસે જે પ્રકારની ગુણવત્તા છે તેને જોતાં તમે તેને કોઈ પણ તબક્કે નકારી શકો નહીં. શ્રીલંકા સામે તેમણે સારી શરૂઆત કરી છે, જે એક સારું પહેલું ડગલું છે.શ્રીલંકા સામેની બે મેચની શ્રેણીમાં ભારત ૧-૦ થી આગળ છે અને મજબૂત બેટિંગ પ્રદર્શનને કારણે બીજી ટેસ્ટમાં પણ સ્થિતિ મજબૂત બનાવી છે.ઓક્ટોબરમાં ન્યૂઝીલેન્ડના પ્રવાસ અંગે વાત કરતા દ્રવિડે કહ્યું કે આ બે ટેસ્ટ મેચમાં વિરાટ કોહલી અને ચેતેશ્વર પૂજારા જેવા નિવૃત્ત અનુભવી ખેલાડીઓની ખોટ સાલશે.

પોતાના ઘરઆંગણા બહાર ન્યૂઝીલેન્ડ સામે રમવું હંમેશા એક પડકાર હોય છે. ન્યૂઝીલેન્ડ તેમની ભૂમિ પર રમવા માટે એક કઠીન ટીમ છે. ભારતના ઘણા યુવા ખેલાડીએ તે પરિસ્થિતિમાં મેચ રમી નથી, તેથી તે એક મોટો પડકાર બની રહેશે. દ્રવિડે વધુમાં ઉમેર્યું, આશા છે કે તેઓ ખેલાડીઓને ફિટ રાખી શકશે અને આગામી મહિનાઓ દરમિયાન વધુ ઈજાઓ નહીં થાય. ટીમ વિરાટ (કોહલી), રોહિત (શર્મા), અજિંક્ય રહાણે અને (ચેતેશ્વર) પૂજારા જેવા ખેલાડીઓના અનુભવને મિસ કરી રહી છીએ, જેઓ છેલ્લી વાર જ્યારે ભારત ત્યાં ગયું હતું ત્યારે ટીમનો ભાગ હતા. તેથી આ પણ એક રોમાંચક સિરીઝ બની રહેશે. ભારતના આ ભૂતપૂર્વ કેપ્ટને જણાવ્યું કે જાન્યુઆરીમાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી રમવા આવી રહેલી ઓસ્ટ્રેલિયાની ટીમના ખેલાડીઓ પણ સારા પ્રદર્શન માટે આતુર હશે.

# આંદામાન-નિકોબારમાં પણ ગૂંજશે ક્રિકેટનો અવાજ: બીસીસીઆઈ ટૂંક સમયમાં નિર્ણય લેશે

## ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની ૯૫મી વાર્ષિક સામાન્ય સભાના એજન્ડામાં કેન્દ્રશાસિત પ્રદેશ આંદામાન અને નિકોબાર ટાપુઓને બીસીસીઆઈ એસોસિયેટ સભ્યપદ આપવાનો પ્રસ્તાવ સામેલ કરવામાં આવ્યો

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની ૯૫મી વાર્ષિક સામાન્ય સભા ૧૮ સપ્ટેમ્બર,૨૦૨૬ ના રોજ મુંબઈ સ્થિત બોર્ડ ઓફિસમાં યોજાશે.આ સમયગાળા દરમિયાન,બોર્ડ ભારતીય ક્રિકેટના નકશામાં એક નવો અને ઐતિહાસિક પ્રકરણ ઉમેરવાની તૈયારી કરી રહ્યું છે.આ બેઠકના એજન્ડામાં કેન્દ્રશાસિત પ્રદેશ આંદામાન અને નિકોબાર ટાપુઓને બીસીસીઆઈ એસોસિયેટ સભ્યપદ આપવાનો પ્રસ્તાવ સામેલ કરવામાં આવ્યો છે. બીસીસીઆઈ એ આ બેઠક પર તેમના અભિપ્રાય માંગવા માટે તમામ સભ્ય સંગઠનોને નોટિસ મોકલી છે.

આઠ કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી, દિલ્હી, જમ્મુ અને કાશ્મીર અને ચંદીગઢ જેવા પ્રદેશોની ટીમો નિયમિતપણે બીસીસીઆઈ સ્થાનિક ટુર્નામેન્ટમાં રમે છે. જોકે, ૮૦૦ થી વધુ ટાપુઓ



ધરાવતા આંદામાન અને નિકોબાર પાસે હજુ સુધી બીસીસીઆઈ દ્વારા માન્ય ટીમ નથી. સ્થાનિક આંદામાન અને નિકોબાર ક્રિકેટ એસોસિએશન ફક્ત પ્રાદેશિક સ્પર્ધાઓનું નિરીક્ષણ કરે છે. આ પહેલી વાર હશે જ્યારે દેશની સૌથી મોટી ક્રિકેટ સંસ્થા ઔપચારિક રીતે ટાપુ જૂથના ક્રિકેટ માળખા પર નિયંત્રણ મેળવવાનું વિચારી રહી છે.જો આ દરખાસ્ત મંજૂર થાય છે, તો તેના ઘણા મોટા ફાયદા થશે. આંદામાન અને નિકોબાર પાસે પોતાની સત્તાવાર ટીમ હશે, જે રણજી ટ્રોફી, વિજય હજારે ટ્રોફી અને સૈયદ મુશ્તાક અલી ટ્રોફી જેવી રાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં રમવા માટે લાયક હશે. બીસીસીઆઈ સ્થાનિક ખેલાડીઓને ઉછેરવા માટે ક્રિકેટ એકેડેમી, કોચિંગ સુવિધાઓ અને સ્ટેડિયમ પણ વિકસાવશે. હાલમાં, બીસીસીઆઈ સ્થાનિક ટુર્નામેન્ટમાં ૩૮ ટીમો ભાગ લે છે, જે આ નિર્ણય પછી વધી શકે છે.આ બેઠક દરમિયાન, આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર અધિકારીના નામાંકન અંગે અંતિમ નિર્ણય લેવામાં આવશે. વધુમાં, જનરલ બોડી આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલમાં બે પ્રતિનિધિઓની પસંદગી કરશે. ભારતીય ક્રિકેટર્સ એસોસિએશનના એક પ્રતિનિધિને પણ ઔપચારિક રીતે આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલમાં સામેલ કરવામાં આવશે.

# ઈદે મિલાદની શાનદાર ઉજવણી: શાંતિ, ભાઈચારા અને સેવાકાર્યોનો સંગમ



## માનવસેવા અને ભાઈચારાના કાર્યક્રમો સાથે હજરત મહમદ સાહેબના શાંતિના સંદેશને સાર્થક કરી પેગંબર સાહેબને સ્મરણાંજલિ

**અબતક, રાજકોટ**

ઈસ્લામ ના પેગંબર હઝરત મોહમ્મદ સાહેબના જન્મદિન 'ઈદે મિલાદુન્નબી'ની આજે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રભરમાં અત્યંત શ્રદ્ધા, આસ્થા અને ધર્મોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. વહેલી સવારથી જ મુસ્લિમ બિરાદરો મસ્જિદો અને ઘરોમાં વિશેષ નમાઝ તથા ઈબાદતમાં મશગુલ બન્યા હતા. સમગ્ર સૌરાષ્ટ્રનું વાતાવરણ ભક્તિમય અને કોમી એકતાના રંગે રંગાયેલું જોવા મળ્યું હતું. પેગંબર સાહેબે આપેલો વિશ્વ શાંતિ, ભાઈચારો અને માનવસેવાનો સંદેશ આજે સાચા અર્થમાં સાર્થક થતો જોવા મળ્યો હતો. તહેવારની ઉજવણી માત્ર સરઘસ કે રોશની પૂરતી સીમિત ન રાખતાં, મુસ્લિમ સમાજ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. ગરીબો અને જરૂરિયાતમંદોને અન્ન અને કપડાંનું દાન, હોસ્પિટલોમાં ફળ-વિતરણ તેમજ મહા રક્તદાન કેમ્પ જેવાં માનવતાવાદી કાર્યો હાથ ધરાયાં છે.રાજકોટ, જૂનાગઢ, ધોરાજી, વેરાવળ, માંગરોળ, જામનગર અને ભાવનગર સહિતના નાના-મોટા શહેરોમાં પેગંબર સાહેબની યાદમાં ભવ્ય અને શાનદાર જુલૂસનું આયોજન કરવામાં આવ્યું છે. જીલુ સોમા મુસ્લિમો સાથે હિન્દુ સમાજ ના આગેવાનોએ પણ હાજરી અને સ્વાગત કરીને કોમી એકતા અને ભાઈચારાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. રંગબેરંગી ઝંડા, સુંદર શણગારેલા ફ્લોટ્સ સાથે તિરંગા હિન્દુસ્તાન જિંદાબાદ અને તકબીરના નારા સાથે નીકળેલા આ જુલૂસોનું ઠેર-ઠેર ગ્રામજનો અને અન્ય સમાજના લોકો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. જૂનાગઢ ખાતે ઈદે મિલાદુન્નબી નિમિત્તે વિશેષ આકર્ષણ અને આસ્થાનું કેન્દ્ર પેગંબર સાહેબના પવિત્ર 'બાલ મુબારક' ની ઝિયારત રહી હતી. વહેલી સવારથી જ હજારો શ્રદ્ધાળુઓએ બાલ મુબારકના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને વિશ્વમાં અમન-શાંતિ માટે દુઆ માંગી હતી. તમામ શહેરોમાં શાંતિ અને સુમેળ ભર્યા વાતાવરણમાં ઉત્સવ સંપન્ન થાય તે માટે પોલીસ તંત્ર દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સૌરાષ્ટ્રની કોમી એકતાની પરંપરાને જાળવી રાખીને તમામ કોમના લોકોએ પણ મુસ્લિમ ભાઈઓને ઈદે મિલાદુન્નબીની શુભકામનાઓ પાઠવી રહ્યા છે.

## ઈદ નિમિત્તે સેવાકીય પ્રવૃત્તિની જ્યોતને પ્રજ્જવલીત કરતા મુસ્લિમ અગ્રણીઓ

### અબુલ પશુઓને ઘાસચારો, દર્દીઓને ફ્રુટ વિતરણ અને વૃદ્ધાશ્રમમાં ભોજન કરાવી માનવતા મહેકાવી



ઈદે મુલાદુન્નબી કમીટી તરફથી પયંગમ્બર સાહેબના વિલાદત પર્વ નિમિત્તે મુસ્લિમ સમાજ દ્વારા માનવતાલક્ષી વિવિધ કાર્યક્રમોમાં પાંજરાપોળ ખાતે અબોલ પસુને ઘાસચારો જયુબેલી ખાતે પારેવાના ચણ સદભાવના વૃદ્ધાશ્રમ ખાતે બે સહારા લોકોને ભોજન તથા સીવીલ હોસ્પિટલના દર્દીઓને ફ્રુટ વિતરણનો માનવતા લક્ષી કાર્યક્રમ યોજીને મુસ્લીમ સમાજે દર વર્ષની જેમ આ વર્ષે પણ સેવાકીય પ્રૃત્તિની જ્યોતને પ્રજવલીત રાખી હતી.

આ પ્રસંગે ઈદે મિલાદુનીની કમીટીના પ્રમુખ યુનુસભાઈ જુણેજા, રાજુભાઈ દલવાણી, ફારુકભાઈ બાવાણી, યુસુફ સોપાટીવાલા, હબીબભાઈ કટારિયા, ડો. કાદરી સાહેબ સલીમ કારીયાન, અનવરભાઈ દલ, રમીઝ મુલતાની, ફારૂક કટારિયા, આસિફ મલેક, શાહનવાજ સીદીકી, અલ્તાફ મેમણ, ફિરોજ ડેલા, મોસીનભાઈ તેમજ ઈદે મિલ્લાદુન્નબી કમીટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

# આંતરજ્ઞાતિય પ્રેમલગ્નમાં ડખ્ખો: પતિ, સાસરિયાના શરતી આગોતરા જામીન મંજૂર

## કલમ-૧૮નો બાધ નડે નહીં તેવી સુપ્રીમ કોર્ટના ચુકાદાની દલીલ માન્ય: સ્પેશિયલ કોર્ટનો ચુકાદો

**અબતક, રાજકોટ**

આંતરજ્ઞાતિય પ્રેમલગ્નજીવનમાં પારિવારિક ડખામાં પરિણીતાએ નોંધાવેલી સ્ત્રીધન ઓળવી જવા ઉપરાંત એટ્રોસિટીની ફરિયાદમાં પતિ અને સાસરિયાની આગોતરા જામીન અરજી સ્પેશિયલ એટ્રોસિટી કોર્ટ દ્વારા મંજૂર કરાઈ છે.

હકીકત મુજબ આરોપી મોહિતભાઈ હરીશભાઈ રાજ્યગુરુ તથા અન્ય બે વિરુદ્ધ તાલુકા પોલીસ સ્ટેશનમાં ઈગજની કલમ ૮૫, ૬૧, ૩૧૬(૨) તથા એટ્રોસિટી એક્ટની જુદી-જુદી કલમો મુજબ ગુનો નોંધાયો હતો. ફરિયાદ બાદ આરોપીઓએ સ્પેશિયલ એટ્રોસિટી કોર્ટમાં વકીલ મારફત આગોતરા જામીન અરજી દાખલ કરી હતી.

સુનાવણી દરમિયાન ફરિયાદી પક્ષે દલીલ કરી હતી કે કલમ ૧૮નો બાધ નડતો હોવાથી જામીન મળવાપાત્ર નથી અને પ્રથમ દર્શનીય ગુનો હોવાથી અરજી રદ કરવી જોઈએ.

સામે આરોપી પક્ષે ફરિયાદની હકીકતો અને સુપ્રીમ કોર્ટ દ્વારા અમુક કિસ્સાઓમાં કલમ ૧૮નો બાધ નડતો નથી તેવી દલીલ ઉચ્ચ કોર્ટના ચુકાદા સાથે રજૂ કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળી સ્પેશિયલ એટ્રોસિટી કોર્ટે તમામ આરોપીઓના શરતી આગોતરા જામીન મંજૂર કર્યા છે.

આ કામમાં આરોપી વતી વિઠલાપરા એડવોકેટ્સના ચેતન વિઠલાપરા, સાગર સરવૈયા, લવજી ભજગોતર, વિજય વણઝારા, જયદીપ બથવાર, સંજય ચાવડા, એમ.એમ. રાઠોડ, એચ.એસ. વિઠલાપરા તથા મદદનીશ તરીકે એસ.સી. વિઠલાપરા, હિરેન ખીમસુરીયા, ભાવેશ વોરા, પ્રકાશભાઈ વ્યાસ રોકાયા હતા.

# ચકચારી ખૂન કેસમાં સરકારની અપીલ હાઈકોર્ટે ફગાવી: સેશન્સનો નિર્દોષનો હુકમ કાયમ

## એક આરોપીનું અપીલ દરમિયાન અવસાન : જસ્ટિસ સંજય ગૌડા અને દેસાઈની ડિવિઝન બેન્ચનો ચુકાદો, એડવોકેટ કૃણાલ શાહીની દલીલ માન્ય



**અબતક, રાજકોટ**

ટંકારા તાલુકાના વીરવાવ ગામે રાજકીય અદાવતમાં ૨૮ વર્ષ પૂર્વે ચકચારી ખૂન કેસમાં ગુજરાત હાઈકોર્ટે સરકારની અપીલ નામંજૂર કરી મોરબી સેશન્સ કોર્ટનો નિર્દોષ છુટકારાનો હુકમ કાયમ રાખ્યો છે.

ટંકારા તાલુકાના વીરવાવ ગામે રહેતા મૃતક જેઠાભાઈ નાનજીભાઈ પટેલના ને આરોપી ભાનુભા, હકકો ઉર્ફે ભુપેન્દ્રસિંહ અને પદુભા ઉર્ફે પ્રદિપસિંહ સામે મૃતકના મોટાભાઈ ભીખાભાઈ નાનજીભાઈ પટેલે ટંકારા પોલીસ સ્ટેશનમાં તા. ૦૩/૦૮/૧૯૯૮ના રોજ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે બનુભા ચંદુભા જાડેજા તથા પદુભા જામભા જાડેજા જેઠાભાઈ પટેલને રાત્રે દારૂ પીવા લઈ ગયા હતા. ત્યાં એકસંપ કરી દારૂના ઝઘડા અને આરોપીનો ભાઈ સરપંચ હોય તે કારણસર હત્યા કરી હતી.પોલીસે ભાનુભા ઉર્ફે ભુપેન્દ્રસિંહ અને પદુભા ઉર્ફે પ્રદિપસિંહ નાસિ છુટતા પોલીસે ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા આરોપીઓને જેલ હવાલે કર્યા હતા બાદ તપાસનીશ અધિકારીએ કોર્ટમા ચાર્જશીટ રજૂ કર્યું હતું. આ કેસ મોરબી સેશન્સમાં ચાલતા એડવોકેટ લલિતસિંહ જે. શાહીની દલીલો અને કાયદાકીય આધારોને ધ્યાને લઈ તા. ૨૯/૦૯/૧૯૯૯ના રોજ એડી. સેશન્સ જજ એમ.એચ. શેખે આરોપીઓને નિર્દોષ જાહેર કરી છોડી મૂકવાનો આદેશ કર્યો હતો.સરકાર પક્ષે આ હુકમ કાયદાથી વિરુદ્ધનો અને મહત્વની હકીકતોને ધ્યાને ન લીધાનો દાવો કરી હાઈકોર્ટમાં અપીલ કરી હતી. અપીલ દરમિયાન આરોપી પદુભા ઉર્ફે પ્રદિપસિંહ ઉર્ફે અશોકસિંહનું અવસાન થતા તેની સામે કેસ પડતો મૂકાયો અને બે આરોપી સામે સુનાવણી રખાઈ.

સરકારી વકીલે દલીલ કરી કે ફરિયાદીની જુબાની, ઓળખ પરેડ, તેના બીજા ભાઈનું સમર્થન, પંચનામા, લોહીવાળા કપડા અને ૨૧ સાહેદો તથા ૧૯ દસ્તાવેજોને આધારે ગુનો પુરવાર થાય છે. સામે બચાવ પક્ષના એડવોકેટ કૃણાલ શાહીએ દલીલ કરી કે ખૂનના બનાવમાં કોઈ પ્રત્યક્ષદર્શી સાહેદ નથી, કેસ સંપૂર્ણ સાંયોગિક પુરાવા આધારિત છે. રાત્રે સાથે જતા જોવા સિવાય ખૂન સાથે સાંકળતો સીધો પુરાવો નથી. ફરિયાદીએ ઉલટતપાસમાં કબૂલ્યું કે રાત્રે ઓછું દેખાય છે, ફરિયાદ વખતે તેને બહાર બેસાડાયો હતો, ભાણેજે વિગત આપી હતી અને ફરિયાદમાં શું લખ્યું તે ખબર નથી. મૃતક દારૂની ટેવવાળો અને કોંગ્રેસનો કાર્યકર અને ઉપસરપંચ હતા, તેથી રાજકીય વેરથી હત્યા કરી અને તપાસ શંકાસ્પદ છે.બંને પક્ષની દલીલો અને સુપ્રીમ કોર્ટના ૨૦૨૬ના સાંયોગિક પુરાવાના ચુકાદાને ધ્યાને લઈ જસ્ટિસ એન.એસ. સંજય ગૌડા અને યુ.ટી. દેસાઈની ડિવિઝન બેન્ચે જણાવ્યું કે સાંયોગિક પુરાવામાં અખંડ કડી હોવી જરૂરી છે, જેનો આ કેસમાં અભાવ છે. નીચેની અદાલતે પુરાવાની લંબાણપૂર્વક તુલના કરી કાયદાના સિદ્ધાંત મુજબ નિર્દોષ છોડવાનો હુકમ કર્યો છે, જેમાં હસ્તક્ષેપને પાત્ર કેસ નથી. તેથી અપીલ રદ કરી હુકમ કાયમ રખાયો છે.આ કામમાં આરોપીઓ વતી એડવોકેટ લલિતસિંહ જે. શાહી, ભુવનેશ એલ. શાહી, કૃણાલ એલ. શાહી, ચંદ્રકાંત દક્ષિણી, યોગેશ બારોટ, સુરેશ ફળદુ, મનીષ ગુરુંગ, નિશાંત જોષી તથા વિક્રમ નાડાર અને પ્રશાંત સિંધવ રોકાયા હતા.

# આહીર સેના દ્વારા જન્માષ્ટમી પર્વે જરૂરિયાતમંદ પરિવારોને ફરસાણ કિટ અપાશે

## આહિર સમાજમાં કિટ મેળવવા ઈચ્છુક પરિવારોને રવિવાર સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવા અનુરોધ

**અબતક, રાજકોટ**

'આહિર સેના' દ્વારા રાજકોટ શહેરમાં વસવાટ કરતા આહિર સમાજના જરૂરિયાતમંદ ગરીબ પરિવારો આ તહેવાર ખુશી અને ઉત્સાહભેર ઉજવી શકે તે માટે 'ફરસાણ તથા સ્વીટ કીટ' વિતરણ વિતરણ કરવામાં આવશે જેમાં તમામ વોર્ડ વાઈઝ આહિર સેનાની ટીમ બનાવવામાં આવી છે અને જરૂરીયાત મંદ પરિવારોની યાદી તૈયાર કરવામાં આવશે અને ત્યારબાદ તેઓને ફરસાણ તેમજ સ્વીટ કીટનું વિતરણ કરવામાં આવશે.સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું છે કે ફરસાણ અને સ્વીટની કીટ મેળવવા માટે સંબંધિત વિસ્તારોના નક્કી કરાયેલા જવાબદાર અગ્રણીઓનો સંપર્ક કરવાનો રહેશે. કીટ મેળવવા ઈચ્છુક પરિવારોએ શનિવાર સુધીમાં ફરજિયાતપણે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. નિર્ધારિત સમયમર્યાદામાં નોંધણી કરનાર પરિવારોને જ આ કીટનું વિતરણ કરવામાં આવશે.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૮૫૨ | ૭૯૧ | ૧૬૧૪ |
| પપૈયા | ૧૧ | ૨૦૭ | ૪૧૪ |
| બટેટા | ૫૧૬૦ | ૭૯ | ૨૮૮ |
| ડુંગળી સુકી | ૧૦૯૭ | ૩૪૧ | ૭૯૧ |
| ટમેટા | ૨૭૧૪ | ૨૦૫ | ૪૧૯ |
| સુરણ | ૬ | ૭૬૪ | ૯૪૮ |
| કોથમરી | ૩૬૦ | ૧૧૮ | ૨૧૫ |
| મુળા | ૧૧ | ૩૧૨ | ૫૧૮ |
| રીંગણા | ૩૭૪ | ૩૮૧ | ૭૨૧ |
| કોબીજ | ૧૫૫ | ૩૧૫ | ૩૮૪ |
| ફલાવર | ૪૫ | ૩૨૧ | ૫૧૭ |
| ભીંડો | ૩૧૧ | ૬૦૭ | ૮૧૪ |
| ગુવાર | ૧૯૧ | ૧૦૨૬ | ૧૨૩૨ |
| ચોળાસીંગ | ૫૭ | ૩૩૫ | ૬૪૫ |
| વાલોળ | ૧૪ | ૫૮૬ | ૯૭૨ |
| ટીંડોળા | ૨૧ | ૪૧૨ | ૮૨૧ |
| દુધી | ૩૧૪ | ૨૮૨ | ૪૫૯ |
| કારેલા | ૧૧૫ | ૨૨૮ | ૪૩૧ |
| સરગવો | ૪૦ | ૬૮૨ | ૧૩૧૮ |
| તુરીયા | ૪૧ | ૩૩૨ | ૬૧૬ |
| પરવર | ૩૫ | ૭૧૪ | ૯૨૧ |
| કાકડી | ૪૦૨ | ૩૧૯ | ૫૨૨ |
| ગાજર | ૭૬ | ૩૨૩ | ૫૧૧ |
| વટાણા | ૬ | ૧૦૮૪ | ૨૪૨૯ |
| કંટોળા | ૯ | ૧૬૩૩ | ૨૦૪૧ |
| ગલકા | ૧૬૬ | ૨૦૬ | ૩૧૨ |
| બીટ | ૭ | ૩૨૧ | ૫૩૨ |
| મેથી | ૫૫ | ૨૨૫ | ૪૮૨ |
| વાલ | ૧૨ | ૮૪૧ | ૧૨૨૨ |
| ડુંગળી લીલી | ૯ | ૫૭૧ | ૭૮૪ |
| આદુ | ૩૦ | ૧૪૪૫ | ૨૯૮૬ |
| મરચા લીલા | ૧૩૪૮ | ૪૨૭ | ૬૧૩ |
| મગફળી લીલી | ૧૪૨ | ૫૭૧ | ૭૭૯ |
| મકાઈ લીલી | ૧૩૬ | ૨૪૨ | ૪૩૦ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૬૦ | ૧૩૦૦ | ૧૯૩૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૯૫ | ૫૪૫ |
| ઘઉં ટુકડા | ૧૬૦૦ | ૫૦૫ | ૬૦૬ |
| જુવાર સફેદ | ૧૨૦ | ૧૧૪૦ | ૧૩૧૧ |
| જુવાર લાલ | ૧૬ | ૧૧૬૧ | ૧૨૭૨ |
| જુવાર પીળી | ૫ | ૪૩૧ | ૬૦૦ |
| બાજરી | ૫૦ | ૩૪૪ | ૪૭૦ |
| તુવેર | ૪૫૦ | ૧૧૨૫ | ૧૬૫૦ |
| ચણા પીળા | ૩૬૦ | ૧૨૨૫ | ૧૨૪૬ |
| ચણા સફેદ | ૬૦૦ | ૧૨૭૧ | ૧૮૫૧ |
| અડદ | ૩૪ | ૧૧૨૫ | ૧૮૪૪ |
| મગ | ૧૬૦ | ૧૦૫૦ | ૧૫૩૦ |
| વાલ દેશી | ૧૪ | ૭૦૦ | ૧૪૪૨ |
| ચોળી | ૯૦ | ૧૦૦૫ | ૧૬૭૫ |
| વટાણા | ૩૦૦ | ૫૮૦ | ૮૧૦ |
| સીંગદાણા | ૨૪૦ | ૧૬૦૦ | ૨૧૦૦ |
| મગફળી જાડી | ૨૬૦ | ૧૩૭૦ | ૧૫૪૬ |
| મગફળી જીણી | ૧૦૦ | ૧૨૦૦ | ૧૫૧૫ |
| તલી | ૫૦૦ | ૨૦૯૫ | ૨૪૦૩ |
| સુરજમુખી | ૫ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| એરંડા | ૫૨૦ | ૧૩૫૦ | ૧૪૩૧ |
| અજમો | ૩ | ૧૫૫૧ | ૨૯૦૦ |
| સોયાબીન | ૩૪ | ૧૦૫૦ | ૧૨૩૦ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૩૮૦ | ૧૭૮૫ |
| કાળા તલ | ૪૨૦ | ૨૨૭૦ | ૩૫૩૫ |
| લસણ | ૮૦૦ | ૧૧૦૧ | ૨૬૦૦ |
| ધાણા | ૮૦ | ૨૭૩૦ | ૨૯૯૦ |
| ધાણી | ૧૦૦ | ૨૮૧૦ | ૩૦૮૦ |
| વરીયાળી | ૫૨ | ૧૧૦૦ | ૧૯૨૫ |
| જીરૂ | ૯૦૦ | ૩૫૪૦ | ૩૯૪૦ |
| રાય | ૧૬૦ | ૧૩૨૦ | ૧૮૬૦ |
| મેથી | ૩૦૦ | ૯૫૦ | ૧૯૨૦ |
| કલોંજી | ૧૨૦ | ૩૩૦૦ | ૩૬૦૦ |
| રાયડો | ૨૬૦ | ૧૨૫૦ | ૧૪૯૫ |
| રજકાનું બી | ૪૦ | ૭૦૦૦ | ૯૪૦૦ |
| ગુવારનું બી | ૭૫ | ૧૦૦૦ | ૧૧૫૦ |

# ચુનારાવાડ ચોકમાં દેહ વ્યાપારના કેસમાં સંચાલિકાને ૧ વર્ષની કેદ

## એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ ટીમે ૨૦૧૨માં દરોડો પાડ્યો હતો: બે આરોપીના મોત, એક સામે કેસ ચાલ્યો: ૩ યુવતીના નિવેદનથી ગુનો પુરવાર, રૂ.૪૦૦૦ દંડ

**અબતક, રાજકોટ**

શહેરના ચુનારાવાડ ચોક ભાવનગર રોડ વિસ્તારમાં બહારથી યુવતીઓને બોલાવી દેહ વ્યાપાર કરાવી આજીવિકા રળવાના ૧૪ વર્ષ પહેલાના કેસમાં અદાલતે કુટણખાનું સંચાલિકાને એક વર્ષની સજા ૪૦૦૦નો દંડ ફટકાર્યો છે.આ કેસની હકીકત મુજબ, રાજકોટમાં દેહવ્યાપાર કરાવનાર લોકોના સકંજામાંથી છટકીને ભોગ બનનારે રાજકોટ પોલીસના એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ વિભાગને જાણ કરતા પીએસઆઈ એલ. જે. પરમાર અને સ્ટાફે ગઈ તારીખ ૨૭/ ૦૭/ ૨૦૧૨ના સાંજે ભાવનગર રોડ, ચુનારાવાડ ચોક પાસે ભાડે મકાન રાખી બંગાળ કે અન્ય રાજ્યમાંથી યુવતીઓને બોલાવી દેહવ્યાપાર કરાવવાનું ષડયંત્ર પકડી પાડ્યું હતું. જેમાં રાહીબેન હજરતભાઈ મંડલ અને જ્યોતિબેન વિકાસભાઈ શાહુ બંને મહિલાઓ હરિભાઈ જેરામભાઈ પટેલની જગ્યા ભાડે રાખી બંગાળની યુવતીઓને બોલાવી દેહ વ્યાપાર કરાવતા હોવાનું હોવાનું ખુલ્યું હતું. આથી એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ વિભાગના પી.એસ.આઇ. એલ. જે. પરમાર અને સ્ટાફે જરૂરી પુરાવાઓ એકઠા કરી દેહવ્યાપારનો ધંધો કરાવનાર રાહીબેન મંડલ અને જ્યોતિબેન શાહુ ઉપરાંત ધંધા માટે મકાન ભાડે આપનાર હરિભાઈ જેરામભાઈ પટેલ સામે થોરાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. થોરાળા પોલીસે ધોરણસરની કાર્યવાહી ભોગ બનનાર યુવતીઓના નિવેદનો સહિતની તપાસના અંતે આ કામના ત્રણ આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ રજુ કર્યું હતું.જેમાં ન્યાયિક કાર્યવાહી દરમિયાન ગેરકાનૂની ધંધામાં મકાન ભાડે આપનાર હરિભાઈ પટેલ અને મુખ્ય આરોપી રાહીબેન હઝરતભાઈ મંડલનું થોડા થોડા સમયના અંતરે અવસાન થતા તે બંનેને એબેટ જાહેર કરી, આરોપી જ્યોતિબેન વિકાસભાઈ શાહુ સામે કેસ આગળ ચાલ્યો હતો, જેમાં ફરીયાદ પક્ષનો પુરાવો, તેમજ સરકાર પક્ષે મદદની સરકારી વકીલ અમર પરમારે ધરી દલીલો કરી હતી કે, આરોપીઓ ગ્રાહકો મેળવી, રોકડ રકમ મેળવી, ભોગબનનાર પાસે દેહ વ્યાપારનો, વેશ્યાવૃતીનો ધંધો કરાવી તેમાંથી થતી કમાણીમાંથી પોતાની આજીવિકા જીવન નિર્વાહ ચલાવી, કુટણખાનું ચલાવતા હોવાનું ભોગ બનનાર ત્રણ યુવતીના નિવેદન ઉપરથી પુરવાર થાય છે. આ હકીકતો ધ્યાને લઈ મેજિસ્ટ્રેટ કે બી વાઘેલાએ જ્યોતિબેન વિકાસભાઈ શાહુને તકસીરવાર ઠરાવી એક-એક વર્ષની સાદી કેદ અને કુલ રૂપિયા ૪૦૦૦ દંડ ફટકાર્યો છે. આ કેસમાં સરકાર પક્ષે એપીપી અમરભાઈ પરમાર રોકાયા હતા.

# ચકચારી રાજકુમાર જાટ કેસમાં નવો વળાંક: સીસીટીવીમાં જાતે કપડા કાઢતો દેખાયો, હાઈકોર્ટમાં રિપોર્ટ રજૂ

### મૃતક માનસિક બીમાર હોઈ શકે તેવી મનોચિકિત્સકની શંકા: ૧૧ કલાકમાં ૫૧ કિ.મી. ચાલવું શક્ય હોવાની દલીલ

### સરકાર તરફથી પોલીસ અહેવાલ રજૂ: વિડીયો સાથે ચેડા નથી, ફોરેન્સિક ખરાઈ કરાવી, ૨૪ સપ્ટેમ્બરે વધુ સુનાવણી

**અબતક રાજકોટ**

ગોંડલ સહિત રાજ્યભરમાં ચકચાર મચાવનાર રાજકુમાર જાટની હત્યા કેસમાં સીબીઆઈ તપાસની દાદ માગવામાં આવી છે, આ રિટમાં ગુજરાત સરકાર તરફથી પોલીસ તપાસનો અહેવાલ હાઈકોર્ટ સમક્ષ રજૂ કરાયો છે, જેમાં કહેવાયું છે કે, સીસીટીવી કેમેરામાં રાજકુમાર જાતે કપડાં કાઢતો નજરે પડે છે. ફોરેન્સિક તપાસ માટે વીડિયો મોકલાયા હતા અને તેની સાથે ચેડાં નહીં થયા હોવાનો પણ અહેવાલમાં દાવો કરાયો છે. પોલીસ રિપોર્ટનો જવાબ આપવા અરજદારે વધુ સમયની માગણી કરી હતી, તા. ૨૪મી સપ્ટેમ્બરે વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે

મૃતકના પરિજને અકસ્માતે મોત નહિ પણ હત્યા થયાનો દાવો કર્યો છે, પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ અને તેના પુત્ર ગણેશ ગોંડલ હત્યાનો આક્ષેપ કરાયો હતો એટલુંજ નહીં પરંતુ સ્થાનિક પોલીસ બચાવી રહી હોવાથી તપાસ સીબીઆઈ મારફત થાય તે માટે દાદ મગાઈ છે. આ કેસની સુનાવણીમાં અગાઉ રાજકુમારના અકસ્માત પહેલા તે નગ્નાવસ્થામાં ફરતો હોવાની બાબતની તપાસના આદેશ પોલીસને આપવામાં આવ્યા હતા. હવે તપાસ રિપોર્ટમાં સામે આવ્યું છે કે, રાજકુમાર જાટ જાતે કપડાં કાઢતો કેમેરામાં દેખાય છે. આ વીડિયોને ફોરેન્સિકમાં મોકલીને ખરાઈ પણ કરાઈ છે.

સરકારી વકીલે દલીલ કરી હતી કે, રાજકુમાર કંઈક બોલી રહ્યો હોવાનું વીડિયોમાં જણાય છે. તે ગાંજાનું સેવન કરતો હોવાનું જણાય છે. વર્તણૂકને પારખવા મનોચિકિત્સકને વીડિયો બતાવ્યા હતા. મનોચિકિત્સકના કહેવા વ્યસની હોવાનું માની શકાય. જે રીતે ચાલી રહ્યો છે સાધારણ નથી. માનસિક બીમાર પણ હોઈ શકે છે. અકસ્માત પહેલા એ ઘરેથી નશાની શોધમાં નીકળ્યો હતો. ગિરનાર જતો ત્યારે ગાંજો લેતો હતો, પરંતુ તેણે ગાંજો પીધો કે નહીં તે ખબર નથી. જ્યાં સુધી તેનું એક રાતમાં ૫૨ કિ.મી. ચાલવાનો પ્રશ્ન છે તો નિષ્ણાતો કહે છે કે સ્વસ્થ વ્યક્તિ ચાર કિ.મી. પ્રતિકલાકની ઝડપે ચાલી શકે છે. તે એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચ્યો તેમાં તેને ૫૧ કિ.મી.નું અંતર કાપ્યું હતું. કુલ ૧૧ કલાક અને ૩૯ મિનિટ જેટલો સમય તેણે લીધો હતો, તો આટલા સમયમાં તે ૫૧ કિ.મી. ચાલી શક્યો હોય તેમ માની શકાય. અરજદારનો દાવો હતો કે, તેના કપડાં મળ્યા નથી. કોઈએ તેને ગાડીમાં બોલાવ્યો તેની તપાસ નથી થઈ

# સૌરાષ્ટ્ર-કચ્છના સાત જિલ્લાને સિંચાઈ માટે ૧૦ કલાક વિજળી અપાશે

### રાજયમાં પુરતા પ્રમાણમાં ઘાસચારો ઉપલબ્ધ

રાજયમાં પુરતા પ્રમાણમાં ઘાસચારાની ઉપલબ્ધતા છે. વરસાદની ઘટની સ્થિતિમાં રાજય સરકાર પશુપાલકો અને પશુધનની સુરક્ષા માટે સંપૂર્ણ રીતે કટિબદ્ધ છે.

રાજયના ૩૦૧ ગામોના ૯૦,૦૦૦ જેટલા પશુધન સુધી ઘાસચારો પહોંચાડવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં સફળતાપૂર્વક ૧૬ લાખ કિલો ઘાસચારાનું વિતરણ પૂરું પાડીને પશુપાલકોને મોટી રાહત આપવામાં આવી છે. રાજયમાં ઘાસચારાની કોઈ અછત નથી; સરકાર પાસે પૂરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ છે. વન વિભાગ પાસે હજુ પણ ૩૬૧ લાખ કિલો ઘાસચારો અનામત (રિઝર્વ) પડ્યો છે, જેથી આગામી સમયમાં પણ કોઈ તકલીફ પડશે નહીં. તમામ જિલ્લા કલેક્ટરેને સ્થાનિક જરૂરિયાત મુજબ ત્વરિત પગલાં લેવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે. પશુપાલકો પર આર્થિક બોજ ન પડે તે માટે માત્ર રૂ. ૨ પ્રતિ કિલોના રાહત દરે ઘાસચારો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. ‘‘રાજય સરકાર દરેક પરિસ્થિતિમાં પશુપાલકોની સાથે અડીખમ ઊભી છે અને જરૂરિયાત મુજબ તમામ યોગ્ય પગલાં ચાલુ રહેશે.‘‘

**અબતક, રાજકોટ**

વરસાદ ખેંચાતા સૌરાષ્ટ્ર-કચ્છના સાત જિલ્લાઓને સિંચાઈ માટે ૮ કલાકના બદલે ૧૦ કલાક વિજળી આપવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા સૌની યોજના અને સુજલામ સુફલામ યોજના મારફતે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં નર્મદા આધારિત પાઈપલાઈન નેટવર્કથી જોડાયેલા તળાવો અને ડેમોમાં પાણી આપવાની કામગીરી પૂર્ણ ઝડપે શરૂ કરી દેવામાં આવી છે.

મુખ્યમંત્રીની સંવેદનશીલ સૂચના અને સ્પષ્ટ માર્ગદર્શન હેઠળ, ખેડૂતોના ઊભા પાક અને મોલાતને સુકાતા બચાવવા માટે આ પાણી પુરવઠો સતત શરૂ રાખવાનો મક્કમ નિર્ણય લેવામાં આવ્યો છે.

મહી કમાન્ડ વિસ્તારમાં નાગરિકોની સુવિધા માટે પીવાનું પાણી પરિયેજ અને કનેવાલ તળાવમાં નિયમિતપણે પહોંચાડવામાં આવી રહ્યું છે.

પીવાના પાણીની સાથે સાથે ખેડૂતોના હિતને સર્વોપરી રાખીને ઊભો પાક બચાવવા માટે આણંદ અને ખેડા જિલ્લાઓમાં કડાણા ડેમમાંથી સિંચાઈનું પાણી છોડવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર ખેડૂતોની પડખે

(અનુ. આઠમા પાને)

### અમરેલી, જામનગર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, પોરબંદર, જૂનાગઢ અને કચ્છને વધુ વિજળી અપાશેઃ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના તળાવો ડેમોમાં નર્મદાના નીર ઠાલવવામાં આવશે

## ગુજરાતની ખાંડ મિલો પાસે ૧૮ લાખ કિવન્ટલ જથ્થો ઉપલબ્ધ

### રાજયની ૧૭ ખાંડ મિલોમાં પ્રતિદિન ૭૩૮૦૦ ટન પીલાણની ક્ષમતાઃ નજીકના ભવિષ્યમાં ભાવ ઘટશે

ગુજરાતમાં હાલ ખાંડની કોઈ પ્રકારની અછત નથી ૧૭ મિલો કાર્યરત છે. ખાંડ મિલો પાસે ૧૮ લાખ કિવન્ટલ જથ્થો ઉપલબ્ધ છે.

ગુજરાતમાં ૧૭ ખાંડ મિલો કાર્યરત છે, જેની પ્રતિદિન ૭૩,૮૦૦ ટન પીલાણ કરવાની ક્ષમતા છે. રાજયમાં દર વર્ષે ૨ લાખથી વધુ ખેડૂતો શેરડી આપે છે અને તેના થકી દર વર્ષે ૯ લાખ મેટ્રિક ટન જેટલું ખાંડનું ઉત્પાદન થાય છે. હાલમાં ગુજરાતની ખાંડ મિલો પાસે ૧૮ લાખ કિવન્ટલ જેટલો ખાંડનો જથ્થો ઉપલબ્ધ છે. હાલમાં સીઝન ન હોવાના કારણે ખાંડ મિલો બંધ છે, જે આગામી ૧૫ ઓક્ટોબર પછીથી કાર્યરત થશે અને ઉત્પાદન શરૂ કરશે. જેથી જથ્થમાં હજુ વધારો થશે. ગુજરાત રાજ્યમાં કોઈ ખાંડ મંડળી શેરડીમાંથી સીધો ઈથેનોલ બનાવતી નથી. શેરડીના પીલાણ બાદ ખાંડ બન્યા પછી જે મોલાસિસ મળે છે, તેમાંથી જ ઈથેનોલ બનાવાય છે. અગાઉ ફેક્ટરીની બહાર પ્રતિ કિવન્ટલ રૂ.૬૫૦૦ થી પણ વધુ ભાવ ઉચકાયા હતા, જે સરકારના વિશેષ પ્રયત્નોના પરિણામે હાલમાં રૂ.૬૦૦૦ થી પણ નીચે સુધી ઘટી ગયા છે. નજીકના સમયમાં બજારમાં ખાંડના ભાવો પણ સંપૂર્ણ નિયંત્રિત થશે. તેમ પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે.

ગુજરાતની મુલાકાતે પધારેલા આસામના સહકાર મંત્રી કૌશિક રાયના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિ મંડળે આજે ગાંધીનગર ખાતે ગુજરાતના સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણી સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠકમાં રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલ તથા સહકાર રાજ્ય મંત્રી રમેશભાઈ કટારા પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠક દરમિયાન રાજયના ખાંડ નિયામક દ્વારા ગુજરાતના સહકારી ખાંડ ક્ષેત્રની સફર, વર્તમાન ક્ષમતા અને નવીન પહેલો દર્શાવતું એક વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. ગુજરાતના ખેડૂત-કેન્દ્રિત સહકારી મોડેલથી આસામનું પ્રતિનિધિમંડળ ખૂબ જ પ્રભાવિત થયું હતું.

આ બેઠકમાં સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૧૯૫૫માં બારડોલીથી શરૂ થયેલું સહકારી ચીની આંદોલન આજે ગ્રામીણ અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ બન્યું છે. ખાંડ મિલોને માત્ર ઔદ્યોગિક એકમ ન ગણતા તેને ઈથેનોલ ઉત્પાદન, ગ્રીન એનર્જી અને ડિજિટલાઈઝેશન સાથે જોડીને નફાકારક બનાવવામાં આવી રહી છે.

હાલમાં ગુજરાતમાં કુલ ૧૭ ખાંડ કારખાના કાર્યરત છે, જેમાં ૧૨ સહકારી ખાંડ મંડળીઓ, ૦૩ ઈન્ડિયન પોટાશ લિમિટેડ દ્વારા લીઝ પર લેવાયેલી મંડળીઓ અને ૦૨ ખાનગી ખાંડ કારખાનાનો સમાવેશ થાય છે. રાજયના સહકારી ખાંડ ક્ષેત્રની કુલ શેરડી પિલાણ ક્ષમતા ૭૩,૮૦૦ ટન પ્રતિ દિવસ અને ઈથેનોલ ઉત્પાદન ક્ષમતા ૩૯૦ કિલો લીટર પ્રતિ દિવસ છે.

ગુજરાતમાં આશરે ૧.૨૫ લાખ હેક્ટર વિસ્તારમાં શેરડીની ખેતી થાય છે, જેનાથી અંદાજે બે લાખથી વધુ ખેડૂત પરિવારો પ્રત્યક્ષ

(અનુ. આઠમા પાને)

# સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં માત્ર બાવન ટકા જ પાણીઃ કચ્છની હાલત વધુ કફોડી

### કચ્છના ૨૦ ડેમોમાં ૨૫.૨૩ ટકા જ જળ જથ્થો ઉપલબ્ધઃ ઉત્તર ગુજરાતના ૧૫ ડેમમાં ૪૪.૧૨ ટકા, મધ્ય ગુજરાતના ૧૭ ડેમમાં ૬૬.૦૭ ટકા અને દક્ષિણ ગુજરાતના ૭૭.૨૫ ટકા પાણી સંગ્રહિત



**અબતક, રાજકોટ**

રાજયમાં વરસાદની ઘટ પ્રવર્તી રહી છે. જેના કારણે જળાશયોની સ્થિતિ ચિંતાજનક દેખાઈ રહી છે. રાજયના અલગ અલગ પાંચ ઝોનના ૨૦૬ જળાશયોમાં માત્ર ૬૬.૩૩ ટકા જ પાણી સંગ્રહિત છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને મધ્ય ગુજરાતની હાલત વધુ કફોડી છે. કચ્છના ૨૦ ડેમમાં માત્ર ૨૫.૨૩ ટકા પાણી સંગ્રહિત છે. જયારે સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં ૫૨.૦૨ ટકા જળ જથ્થો ઉપલબ્ધ છે.

સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયો પૈકી માત્ર ૧૫ ડેમો ઓવર ફલો થયા છે. ૨૫૮૮.૫૩ એમસીએમ કેપેસીટી સામે હાલ માત્ર ૧૩૪૬.૫૪ એમસીએમ પાણી સંગ્રહિત છે. જે કુલ સંગ્રહ શકિતના ૫૨.૦૨ ટકા જળજથ્થો ઉપલબ્ધ છે. જળાશયોના તળીયા દેખાય રહ્યા છે. કચ્છના ૨૦ ડેમો પૈકી માત્ર એક જ ડેમ છલકાયો છે. ૩૨૫ એમસીએમની સંગ્રહશકિત સામે માત્ર ૮૨.૦૭ એમસીએમ પાણી ઉપલબ્ધ છે. જે સંગ્રહ શકિતના ૨૫.૨૩ ટકા જેવું છે. ઉત્તર ગુજરાતની હાલત પણ ચિંતાજનક છે. ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયો પૈકી આજની તારીખે એકપણ ડેમ ઓવર ફલો થયો નથી. ૧૯૩૨ એમસીએમની કેપેસીટી સામે હાલ ૮૫૨.૬૮ એમસીએમ પાણી સંગ્રહિત છે. જે કુલ સંગ્રહ શકિતના ૪૪.૧૨ ટકા જેટલું જ છે. દક્ષિણ ગુજરાતની સ્થિતિ પ્રમાણમાં સારી છે. આ ઝોનના ૧૩ પૈકી ૯ ડેમ ઓવરફલો થઈ ગયા છે. કુલ ૮૬૦૩.૭૧ એમસીએમની સંગ્રહ શકિત સામે હાલ ૬૪૪૬.૦૧ એમસીએમ પાણી સંગ્રહિત છે. જે કુલ કેપેસીટીના ૭૭.૨૫ ટકા જેવું થવા પામે છે. મધ્ય ગુજરાતનાં ૧૭ ડેમમાંથી એક ડેમ છલકાયો છે. ૨૩૪૭.૩૭ એમસીએમની સંગ્રહશકિત સામે ડેમમાં ૧૫૫૦.૯૬ એમસીએમ પાણી સંગ્રહિત છે જે કુલ સંગ્રહ શકિતના ૬૬.૦૭ ટકા જેવું થવા પામે છે. રાજયના ૨૦૬ જળાશયોમાં ૧૦૪૭૬.૨૬ એમસીએમ પાણી ઉપલબ્ધ છે. જે ટકાવારીમાં ૬૬.૩૩ ટકા થવા પામે છે.

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમની જળ સંગ્રહ શકિત ૯૪૬૦ એમસીએમ છે. જેની સામે હાલ ૮૦૬૯.૨૦ એમસીએમ પાણી સંગ્રહિત છે. ડેમ ૮૫.૩૦ ટકા ભરાય ગયો છે.

રાજયમાં વરસાદ ખેંચાયો છે. ઓગસ્ટ માસ કોરોધ્રાકોડ રહ્યો છે. હજી સાત દિવસ સાર્વત્રિક વરસાદની કોઈજ શકયતા દેખાતી નથી. આવામા રાજયભરમાં પાણીની હાડમારી સર્જાય તેવી ભીતિ દેખાય રહી છે. હાલ પાકને બચાવવા સિંચાઈ માટે નર્મદાના નીર ખેડુતોને આપવામાં આવી રહ્યા છે.

આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના માત્ર ૧૬ તાલુકામાં હળવા ઝાપટાથી લઈ પોણો ઈંચ જેવો વરસાદ પડયો હતો. રાજયમાં આજ સુધીમાં સીઝનનો ૭૫.૨૩ ટકા વરસાદ પડયો છે. જેમાં કચ્છ રિજીયનમાં ૨૯.૨૯ ટકા, ઉતર ગુજરતામાં ૫૬.૨૩ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૭૪.૯૧ ટકા, સૌરાષ્ટ્રમાં ૫૬ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૧૦૩.૩૬ ટકા વરસાદ પડયો છે. ઓગસ્ટમાં રાજયમાં સરેરાશ ચાર ઈંચથી પણ ઓછો વરસાદ પડયો છે.

# શ્રાવણ ઉત્સવઃ સૌરાષ્ટ્રના લોકમેળાઓમાં ૧૯૫ સખી મંડળના ઉત્પાદનનું થશે વેંચાણ

### રાજકોટ, ઘેલા સોમનાથ, પોરબંદર, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, ભાવનગર, નીલકંઠધામ પોઈચા સહિતના મેળાઓમાં ગ્રામીણ મહિલાઓને સ્વરોજગારીની તક

**અબતક, રાજકોટ**

શ્રાવણ માસ એટલે શિવાલયોમાં શિવ આરાધના અને મેળાઓનું મહાપર્વ. આ સમયગાળા દરમિયાન રાજયના વિવિધ જ્યોતિર્લિંગો, શક્તિપીઠો, કૃષ્ણ મંદિરો, તીર્થધામો તથા અન્ય ધાર્મિક સ્થળોએ લાખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોય છે. રાજ્ય સરકાર દ્વારા ‘‘શ્રાવણ ઉત્સવ’’ તરીકે રાજ્યના ૬ જિલ્લામાં આજથી ૭ સપ્ટેમ્બર દરમિયાન સખીમંડળની બહેનોને તેમના ઉત્પાદનોના સીધા વેચાણ માટે ખાસ પ્લેટફોર્મ આપવામાં આવ્યું છે. આ મહોત્સવ દરમ્યાન વિવિધ મેળાઓ અને ધાર્મિક આયોજનોમાં સખીમંડળની બહેનો તેમના ઉત્પાદનો વધુ લોકો સુધી પહોંચાડી શકે, તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જેના પરિણામે સખી મંડળોની બહેનોની આવકમાં વધારો થશે તેમજ ‘‘વોકલ ફોર લોકલ’’ અને ‘‘લખપતિ દીદી’’ અભિયાનને વધુ વેગ મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મહિલા સશક્તિકરણ માટે વિવિધ પહેલો હાથ ધરવામાં આવી રહી છે, જેના લીધી રાજ્યની મહિલાઓ આત્મનિર્ભર બનીને દેશના વિકાસમાં અગ્રેસર બની છે.

ગ્રામ વિકાસ વિભાગ હેઠળના ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિ. દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત કાર્યરત

(અનુ. આઠમા પાને)




### હવે ન્યુકિલયર પાવરમાં ડંકો વગાડવા ગુજરાત સજ્જ

# આણંદના ધુવારણમાં રૂ.૨.૨૫ લાખ કરોડના ખર્ચે સ્થપાશે વિશાળ પરમાણુ ઊર્જા પ્રોજેક્ટ

### સેમિકન્ડકટર, ગ્રીન હાઈડ્રોજન અને ડેટા સેન્ટર્સની વધતી વીજ માંગને પહોંચી વળવા ૪,૨૦૦ થી ૭,૦૦૦ મેગાવોટ ક્ષમતાના વિશાળ પાવર પ્લાન્ટનું આયોજન



**અબતક, ગાંધીનગર**

ગુજરાતમાં વીજ ઉત્પાદન ક્ષમતા વધારવા માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા આણંદ જિલ્લાના ધુવારણ ખાતે નવું વિશાળ પરમાણુ ઊર્જા સંકુલ સ્થાપવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. રાજ્ય સરકારના ઉચ્ચ સ્તરીય સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટ ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (એનપીસીઆઈએલ) અને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કંપની લિમિટેડ (જીએસઈસીએલ) વચ્ચે ૫૦:૫૦ ની ભાગીદારી ધરાવતા સંયુક્ત સાહસ હેઠળ સ્થાપવામાં આવશે, જે નાગરિક પરમાણુ ઊર્જા પ્લાન્ટનું નિર્માણ અને સંચાલન કરશે.

આ પ્રસ્તાવિત પ્રોજેક્ટની સ્થાપિત ક્ષમતા ૪,૨૦૦ મેગાવોટ અથવા ૭,૦૦૦ મેગાવોટ રાખવાનું આયોજન છે, જેના આખરી માળખા પર ઉચ્ચ સ્તરે કામ ચાલી રહ્યું છે. પ્રતિ મેગાવોટ અંદાજે રૂ.૩૫ કરોડના રોકાણ સાથે, આ સમગ્ર પ્રોજેક્ટમાં આશરે રૂ.૧.૨૫ લાખ કરોડથી રૂ.૨.૨૫ લાખ કરોડનું જંગી મૂડીરોકાણ થવાની શક્યતા

(અનુ. આઠમા પાને)

# પોરબંદરના વકીલ અકબર સેલોટને હાઈકોર્ટની હાલ પૂરતી રાહતઃ વધુ સુનાવણી ૨૨ સપ્ટેમ્બરે

### આંતરધર્મીય યુગલની લગ્ન નોંધણી મામલે કલેક્ટર કચેરીમાં બે પક્ષ વચ્ચે મારામારીઃ વકીલ સહિત સામે બે ફરિયાદ, પાસાની આશંકાએ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા

**અબતક, અમદાવાદ**

પોરબંદરમા આંતરધર્મીય યુગલના લગ્નની નોંધણીને લઈને બે પક્ષો વચ્ચે થયેલી મારામારી બાદ વકીલ અકબર સેલોટ સહિત અન્ય લોકો સાથે ફરીયાદ નોંધવામાં આવ્યા બાદ વકીલ અકબર સેલોટ સામે પાસા હેઠળ કડક કાર્યવાહીના સંકેત મળતા તેઓએ ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખટખટાવતા હાઈકોર્ટે સત્તાવાળાઓને પાસાની કાર્યવાહી પર અટકાવતા હાલ પૂરતો વકીલને રાહત આપવામાં આવી છે. આગામી સુનાવણી ૨૨ સપ્ટેમ્બર માટે મુકરર કરવામાં આવી હતી વધુ વિગત મુજબ પોરબંદર કલેક્ટર કચેરી ખાતે તા.૪ ઓગસ્ટે એક પક્ષના પ્રતિનિધિ તરીકે વકીલ અકબર સેલોટ હાજર રહ્યા હતા. તેમના અસીલના લગ્ન-સંબંધિત વિવાદ સર્જાયા હતો. જેમાં વકીલ અકબર સેલોટ સહિત સામે બે ફરિયાદો નોંધાયા હતી, ’ગુજરાત અસામાજિક પ્રવૃત્તિ નિવારણ અધિનિયમ, ૧૯૮૫’ પાસા હેઠળ અટકાયત થવાની આશંકાએ વકીલ અકબર સેલોટે હાઈકોર્ટમાં અરજી કરી હતી.હાઈકોર્ટમાં વકીલ અકબર સેલોટ વતી વકીલ સમીર ખાન હાજર રહેલા વરિષ્ઠ વકીલ યતિન ઓઝાએ રજૂઆત કરી હતી કે

(અનુ. આઠમા પાને)

### ૧૨ વર્ષથી વકીલાત, સ્વૈચ્છિક સેવા કરતા હોવાની વરિષ્ઠ વકીલ યતિન ઓઝાની દલીલઃ જામીન મળ્યા છતાં પાસાની કાર્યવાહીના સંકેત, હાઈકોર્ટે સત્તાવાળાઓને રોક્યા

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં

# ઉમેદવારો પણ મળતા નથીને ગુજરાતમાં સરકાર બનવાના ‘આપ’ના સપના

### પાલિકા-પંચાયતની ચૂંટણીમાં મૂરરિયા શોધવા હાથ પગ જોડવા પડયા હતા

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં આગામી વર્ષ ૨૦૨૭માં યોજનારી વિધાનસભાની ચૂંટણીમાં સફળતા મેળવવા આમ આદમી પાર્ટી દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. ૫૦ હજાર બૂથ પર સંગઠન માળખું મજબૂત કરવામાં આવશે રાજયમાં ગત એપ્રીલ માસ યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના પ્રતિક પરથી ચૂંટણી લડવા મુરતીયા મળતા ન હતા જે પાર્ટીને ચૂંટણી લડવા ઉમેદવારો મળતા નથી તે હવે વિધાનસભાની ચૂંટણીમાં જીત મેળવી ગુજરાતમાં સરકાર બનાવવાના ખ્વાબ રાચી રહી છે.

આમ આદમી પાર્ટીના પ્રદેશ

(અનુ. આઠમા પાને)

# અંબાજીના ચાચર ચોકમાં માતાજીની આરાધના માટે ‘ગરબા’નો ચાર્જ રૂ. ૧૫૦૧

### તિર્થધામોમાં વેપારી કરણનો કોંગ્રેસનો વિરોધ

**અબતક, રાજકોટ**

પવિત્ર યાત્રાધામ એવા શક્તિપીઠ અંબાજી મંદિરમાં ચાચર ચોકમાં માતાજીની આરાધના કરવા માટે ગરબા લેવા હોય તો રૂા. ૧૫૦૧ની પાવતી ફડાવવી પડે છે. તીર્થધામોમાં વ્યાપારી કરણ સામે કોંગ્રેસે વિરોધ નોંધાવ્યો છે. સાથે સાથે આ ચાર્જ પર જીએસટીની વસુલાત કરવામાં આવતી નથી તે બદલ મુખ્યમંત્રીનો આભાર પણ માન્યો છે. કોંગ્રેસ દ્વારા આકરા પ્રહારો કરતા જણાવવામાં આવ્યું છે કે, રાજ્યમાં હવે પવિત્ર યાત્રાધામોમાં પણ વ્યાપારી કરણ થઈ રહ્યું છે.

પવિત્ર યાત્રાધામ અંબાજીના

(અનુ. આઠમા પાને)